# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08
તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા.. સીરિયલમાં 'બબીતા'નો...



પેજ-09
ચાલું મેચમાં આ ખેલાડી સાથે ભિડ્યો બાબર આઝમ


હવામાન

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 23.00 | 12.00 |
| વડોદરા | 27.00 | 13.00 |
| સુરત | 28.00 | 16.00 |



પેજ 5
વિશ્વના સૌથી વધારે પગાર મેળવતા વ્યક્તિ 1 દિવસની સેલેરી...


07
JANUARY-2025
TUESDAY

પેજ 10
હીલેરી ક્લિન્ટન જ્યોર્જ સૉરેસ લિયોનલ મેસી સહિત 19ને બાયડેને...

શેરબજાર

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 77964.99 | ▼ | 1258.12 |
| નિફ્ટી | 23616.05 | ▼ | 388.70 |
| સોનું | 78550.00 | ▼ | 1434.00 |
| ચાંદી | 89241.00 | ▼ | 100.00 |


વર્ષ-14 । અંક-051 । વિક્રમ સંવત-2081 । પોષ સુદ- 08 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


**દેશમાં કુલ 3 કેસ | ચીનમાં ફેલાયેલા વાયરસને કારણે ભારત પર 'ડબલ એટેક', અમદાવાદમાં 2 મહિનાનું બાળક પોઝિટિવ**

# ચીનના HMPV વાઈરસનો ગુજરાતમાં પ્રથમ કેસ




અમદાવાદમાં ચીનના HMPV વાઈરસનો પ્રથમ કેસ સામે આવ્યા બાદ શહેરની હૉસ્પિટલની ગંભીર બેદરકારી સામે આવી છે. મળતાં અહેવાલો મુજબ શહેરમાં હ્યુમન મેટાન્યૂમો વાઈરસનો (HMPV) શંકાસ્પદ કેસ નોંધાતા ખળભળાટ મચ્યો હોવા છતાં ચાંદખેડા વિસ્તારમાં આવેલી ઓરેન્જ હૉસ્પિટલે AMC સહિતના તંત્રને અંધારામાં રાખી બેદરકારી દાખવી છે. અમદાવાદ મહાનગર પાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા હૉસ્પિટલને નોટિસ ફટકારાઈ છે. હૉસ્પિટલમાં દાખલ બે મહિનાના બાળકને વાઈરસ ડિટેક્ટ થયો હોવા છતાં હૉસ્પિટલે AMCને જાણ કરી ન હતી. જેથી AMC હેલ્થ વિભાગને હૉસ્પિટલ પર કાર્યવાહી કેમ ન કરવી અને માહિતી છુપાવવા બદલ નોટિસ આપી જવાબ માંગ્યો છે.

## રાજસ્થાનથી આવ્યો હતો બાળકનો પરિવાર

વાસ્તવમાં રાજસ્થાનના ડુંગરપુર જિલ્લામાંથી આવેલા જૈન પરિવારે 24 ડિસેમ્બરના રોજ બાળકને સારવાર માટે ઓરેન્જ હૉસ્પિટલમાં લાવ્યા હતા. ડૉક્ટરો દ્વારા તપાસ બાદ રિપોર્ટ કરાયા હતા અને 26 ડિસેમ્બરે રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. પરંતુ હૉસ્પિટલ દ્વારા અમદાવાદ મહાનગર પાલિકાના આરોગ્ય વિભાગ અને સરકારને કોઈ માહિતી આપવામાં આવી ન હતી, જેથી મહાનગર પાલિકા દ્વારા હૉસ્પિટલને નોટિસ ફટકારાઈ છે. હાલ બાળકની સ્થિતિ સારી છે. અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનના આરોગ્ય વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે, 'આ બાળકને 24 ડિસેમ્બરે દાખલ કરાયું હતું.



## 'આ કોઈ નવો વાઈરસ નથી' જેપી. નડ્ડા

નવી દિલ્હી | હ્યુમન મેટાન્યૂમો વાઈરસ (HMPV) નામના વાઈરસે ચીનમાં એન્ટ્રી કરીને સૌને ડરાવી દીધા છે. એ પછી આ વાઈરસના ત્રણ કેસ ભારતમાં પણ નોંધાયા છે. જે બાદ આજે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જે પી નડ્ડાએ HMPV વાઈરસ અંગે નિવેદન આપતાં કહ્યું કે, 'આ વાઈરસથી કોઈએ ગભરાવાની જરૂર નથી અને અમે તેના પર નજર રાખી રહ્યા છીએ અને આ કોઈ નવો વાઈરસ નથી, તેની ઓળખ સૌથી પહેલા 2001માં થઈ હતી. અમે તેના પર નજર રાખી રહ્યા છીએ અને તમામ જરૂરી પગલાં અમે તૈયાર છીએ.' ચીનમાં જોવા મળતાં આ વાઈરસની ભારતમાં પણ ઓળખ કરવામાં આવી છે.


(એજન્સી) અમદાવાદ / નવી દિલ્હી | તા.06

ગુજરાતીઓ માટે સૌથી મોટા ચિંતાના સમાચાર સામે આવી રહ્યા છે. ચીનના HMPV વાઈરસનો ગુજરાતમાં પ્રથમ કેસ નોંધાયો છે. અમદાવાદના ચાંદખેડાની ખાનગી હોસ્પિટલમાં બાળકને સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યું હતું. હોસ્પિટલમાં દાખલ બે મહિનાના બાળકને છેલ્લા 15 દિવસથી શરદી, તાવ હોવાના કારણે તેની તબિયત વધારે ખરાબ થતાં સારવાર અર્થે અહીં દાખલ કરવામાં આવ્યું હતું. બાળકને પાંચ દિવસ વેન્ટિલેટર પર રાખવામાં આવ્યું હતું, જ્યાં રિપોર્ટ કરાવતાં HMPV હોવાનું સામે આવ્યું હતું. અગાઉ કર્ણાટકમાં 3 અને 8 મહિનાનાં બે બાળકો સંક્રમિત થયાં હતાં. ચીનમાં ફેલાયેલા કોરોના જેવા વાઈરસના કેસ હવે ભારતમાં જોવા મળી રહ્યા છે. આ વાઈરસનું નામ HMPV છે. ભારતમાં એક કેસ અમદાવાદમાં અને બે કેસ કર્ણાટકમાં જોવા મળ્યા છે.

## HMPV વાઈરસનો પ્રથમ કેસ અમદાવાદના ચાંદખેડામાં નોંધાયો




ગુજરાતમાં HMPV વાઈરસનો પ્રથમ કેસ અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં નોંધાયો છે. ચાંદખેડાની ખાનગી હોસ્પિટલમાં બાળકને હાલ સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યું છે જોકે બાળકની તબિયત સ્થિર છે. કોઈ ગભરાવવા જેવું નથી સામાન્ય શરદી, ઉધરસ અને તાવ હોય તેવા લક્ષણો સાથે આ બાળક હાલ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યું છે. ચાંદખેડાની ઓરેન્જ હોસ્પિટલના ડો. નિરવ પટેલે જણાવ્યું હતું કે મોડાસાની નજીક આવેલા એક ગામમાં રહેતા બે મહિનાના બાળકને છેલ્લા 15 દિવસથી શરદી, તાવ હોવાના કારણે તેની તબિયત વધારે ખરાબ થતા સારવાર અર્થે અહીં દાખલ કરવામાં આવ્યું હતું અને પાંચ દિવસ વેન્ટિલેટર પર રાખવામાં આવ્યું હતું. અલગ અલગ વાઈરસ અત્યારે હોવાના કારણે તેનો રિપોર્ટ કરવામાં આવ્યો હતો. લેબોરેટરીમાં તેના ટેસ્ટ કરવામાં આવ્યા હતા જેમાં રિપોર્ટમાં HMPV હોવાનું સામે આવ્યું હતું. બાળકની તબિયત હાલ સ્થિર છે કોઈ ગભરાવવા જેવું નથી. જો શરદી, ઉધરસ અને છીંક આવતી હોય તો માસ્ક પહેરવું જોઈએ. બીજાને ચેપ લાગે તેવી ભીડભાડવાળી જગ્યાથી લોકોએ દૂર રહેવું જોઈએ.



## કર્ણાટકમાં 3 અને 8 મહિનાનાં બે બાળક સંક્રમિત

ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચ (ICMR) એ સોમવારે જણાવ્યું હતું કે કર્ણાટકમાં બે કેસ વાયરલ તાવના કેસોની નિયમિત દેખરેખ દરમિયાન મળી આવ્યા હતા. બેંગલુરુની બેપ્ટિસ્ટ હોસ્પિટલમાં બ્રોન્કોપ્યુનિમોનિયાના કારણે હોસ્પિટલમાં દાખલ ત્રણ મહિનાની બાળકીને HMPV હોવાનું નિદાન થયું હતું અને તેને રજા આપવામાં આવી હતી. વધુમાં, એક આઠ મહિનાનું બાળક, જેને બ્રોન્કોપ્યુનિમોનિયાને કારણે બેપ્ટિસ્ટ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યું હતું, તેણે પણ 3 જાન્યુઆરીએ HMPV માટે સકારાત્મક પરીક્ષણ કર્યું હતું અને હાલમાં તેની સારવાર ચાલી રહી છે. સરકારે જણાવ્યું હતું કે બાળકોમાંથી કોઈનો પણ આંતરરાષ્ટ્રીય પ્રવાસનો ઈતિહાસ નથી. મતલબ કે તેમાંથી કોઈ ચીન જઈને ભારત લાવ્યા નથી. 3 જાન્યુઆરીના રોજ બ્રોન્કોપ્યુનિમોનિયાના કારણે બેંગલુરુની બેપ્ટિસ્ટ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો અને તેની HMPVની સારવાર ચાલી રહી છે અને હવે તેની તબિયતમાં પહેલાં કરતા સુધારો છે. આશ્ચર્યની વાત એ છે કે આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, બંને બાળકો અન્ય કોઈ દેશમાંથી પાછા ફર્યા નથી.



## 6 જાન્યુઆરીએ 3 કેસ નોંધાયા

| પહેલો કેસ | બીજો કેસ | ત્રીજો કેસ |
|---|---|---|
| કર્ણાટકમાં 8 મહિનાનું બાળક | કર્ણાટકમાં 3 મહિનાની બાળકી | ગુજરાતમાં 2 મહિનાનું બાળક |

### HMPV શું છે?

HMPV વાયરલ રોગ છે જે તમામ ઉંમરના લોકોમાં શ્વસન ચેપનું કારણ બને છે. તે Paramyxoviridae પરિવાર સાથે સંબંધ ધરાવે છે અને તે શ્વસન સિંસિટીયલ વાયરસ (RSV) સાથે નજીકથી સંબંધિત છે. HMPVઉધરસ અથવા છીંક દ્વારા ઉત્પાદિત શ્વસન ટીપાઓ દ્વારા તેમજ દૂષિત સપાટીને સ્પર્શવાથી અથવા ચેપગ્રસ્ત વ્યક્તિઓ સાથે સીધા સંપર્ક દ્વારા ફેલાય છે.

### HMPV ના લક્ષણો

મોટાભાગની વ્યક્તિઓમાં હળવા લક્ષણો હોય છે, જેમાં ઉધરસ, વહેતું અથવા ભરેલું નાક, ગળામાં દુખાવો અને તાવનો સમાવેશ થાય છે. ઘરઘરાટી, શ્વાસ લેવામાં તકલીફ, ઉધરસ, ન્યુમોનિયા અને અસ્થમામાં વધારો. 1 વર્ષથી ઓછી ઉંમરના બાળકો, વૃદ્ધો અને નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતી વ્યક્તિઓમાં, HMPV વધુ ગંભીર શ્વસન બિમારીનું કારણ બની શકે છે.

### તે કેટલા દિવસ ચાલે છે

કોઈપણ વ્યક્તિમાં hMPV ના હળવા કેસો સામાન્ય રીતે થોડા દિવસોથી એક અઠવાડિયા સુધી રહે છે. ગંભીર કિસ્સાઓમાં, તે કદાચ વધુ સારું લાગે છે. જો કે, ખાંસી જેવા લાંબા ગાળાના લક્ષણો દૂર થવામાં વધુ સમય લાગી શકે છે. આનો અર્થ એ છે કે તમારું HMPV મહત્તમ એક અઠવાડિયામાં સમાપ્ત થઈ જશે. પરંતુ ઉધરસ મટાડવામાં સમય લાગી શકે છે.

**ભારતમાં ગુના કરી વિદેશ ભાગી જતાં આરોપીઓ પર સકંજાની તૈયારી**

# ઈન્ટરપોલની તર્જ પર ભારતમાં 'ભારતપોલ'

(એજન્સી) નવી દિલ્હી | તા.06

જે ગુનેગારો ભારતમાં ગુના કરીને વિદેશ ભાગી જતાં અથવા વિદેશમાં બેસીને ભારતમાં ક્રાઈમ સિન્ડિકેટ ચલાવે છે તેવા ગુનેગારો સામે હવે રાજ્યની પોલીસને પણ ઈન્ટરપોલ જેવું શક્તિશાળી હથિયાર મળશે. હકીકતમાં ગૃહ મંત્રાલય ભારતમાં 'ભારતપોલ' શરુ કરવા જઈ રહ્યું છે. જે ઈન્ટરપોલની જેમ જ ગુનેગારો વિશેની માહિતી શેર કરવા અને તેમની સામે તાત્કાલિક પગલાં લેવાનો માર્ગ મોકળો કરશે. 7 જાન્યુઆરીએ નવી દિલ્હીમાં ગૃહમંત્રી અમિત શાહ દ્વારા તેનું લોકાર્પણ કરવામાં આવશે. ચાલો જાણીએ કે આ વ્યવસ્થા કેવી રીતે કામ કરશે? તેની જરૂર શું કામ પડી અને તેનો શું ફાયદો થશે?

**શું છે 'ભારતપોલ'?** 'ભારતપોલ' નો ઉદ્દેશ્ય માત્ર ગુનેગારોને પકડવાનો જ નથી પરંતુ તેમની સામે સમયસર કાર્યવાહી કરવી અને ગુનાઓને જડમૂળથી નાબૂદ કરવાનો છે. આ એક એડવાન્સ ઓનલાઈન પોર્ટલ છે. જે સીબીઆઈ દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે. તેનું ટ્રાયલ પૂરું થઈ ચૂક્યું છે. હવે ફક્ત તેની ઔપચારિક શરુઆત થવાની બાકી છે.

### 'ભારતપોલ'ની જરૂર કેમ પડી?

ભારતમાં રાજ્યોની પોલીસ અને તપાસ એજન્સીઓને માહિતી મેળવવા અથવા વિદેશમાં છુપાયેલા ગુનેગારોને પકડવા માટે વારંવાર ઈન્ટરપોલનો આશરો લેવો પડે છે. હાલની પ્રક્રિયામાં રાજ્ય સરકારે પહેલા સીબીઆઈનો સંપર્ક કરવો પડે છે. ત્યારબાદ સીબીઆઈ ઈન્ટરપોલનો સંપર્ક કરે છે અને જરૂરી નોટિસ જાહેર કરવાની માંગ કરે છે. આ સમગ્ર પ્રક્રિયા માત્ર જટિલ જ નથી પરંતુ ઘણો સમય પણ લઈ લે છે. આ સમસ્યાના ઉકેલ માટે 'ભારતપોલ' શરુ કરવામાં આવી રહ્યું છે. તેની મદદથી ગુનેગારો સામે રેડ નોટિસ, ડિફ્યુઝન નોટિસ અને અન્ય જરૂરી ઈન્ટરપોલ નોટિસ જારી કરવાની પ્રક્રિયા ઝડપી અને સરળ બનશે. હાલમાં જો રાજ્યોએ પોતાની વિનંતીઓને ટ્રેક કરવા માંગતા હોય તો રાજ્યોએ CBIને ફરીથી ઈમેઈલ અથવા ફેક્સ કરવો પડે છે.



7 જાન્યુઆરીએ નવી દિલ્હીમાં ગૃહમંત્રી અમિત શાહ દ્વારા તેનું લોકાર્પણ કરવામાં આવશે

## શેરમાર્કેટમાં મોટો કડાકો, સેન્સેક્સ 1,240 પોઈન્ટ તૂટ્યો

(એજન્સી) મુંબઈ | તા.06

શેરબજાર સવારે પોઝિટીવ અસર સાથે ખૂલ્યા બાદ એકા એક માર્કેટ ધડામ થયુ છે. બપોરે 12 વાગ્યાની વાત કરીએ તો સેન્સેકસ 1200 કરતા વધારે પોઈન્ટથી તૂટ્યો જ્યારે નિફ્ટી 389 પોઈન્ટ તૂટ્યો છે. મહત્વનું છે કે સોમવારે, સેન્સેક્સ ઈન્ડેક્સ તેના અગાઉના 79,223.11ના બંધ સ્તરથી કૂદકો મારીને 79,281.65ના સ્તરે ખૂલ્યો હતો અને થોડી જ મિનિટોમાં તે 280.17 પોઈન્ટના ઉછાળા સાથે 79,503ના સ્તરે પહોંચ્યો હતો. આ સાથે, નિફ્ટી પણ તેના અગાઉના બંધ 24,004.75ના સ્તરથી કૂદકો મારીને 24,045.80ના સ્તરે ખૂલ્યો હતો અને 24,087.75ના સ્તરે ગયો હતો. પરંતુ ટ્રેડિંગના થોડા કલાકોમાં જ સેન્સેક્સ અને નિફ્ટી લાલ નિશાનમાં પહોંચી ગયા હતા.

## કેનેડાના PM જસ્ટિન ટ્રુડોએ આપ્યું રાજીનામું : આલોચના વચ્ચે નિર્ણય

(એજન્સી) નવી દિલ્હી | તા.06



કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. તેમણે આ નિર્ણય તેમની સરકાર અને વ્યક્તિગત રીતે ટીકા વચ્ચે લીધો હતો. ટ્રુડોએ રાષ્ટ્રને પોતાના સંબોધનમાં રાજીનામાની જાહેરાત કરી હતી. ટ્રુડોએ કહ્યું હતું કે, હું નવા નેતાની પસંદગી કર્યા બાદ પાર્ટીના નેતા અને વડાપ્રધાન પદેથી રાજીનામું આપવા માગું છું. ટ્રુડોએ કહ્યુ કે તેમની લિબરલ પાર્ટીના પ્રમુખને નવા નેતાની પસંદગીની પ્રક્રિયા શરૂ કરવા કહ્યું છે અને જ્યાં સુધી આગામી નેતાની પસંદગી ન થાય ત્યાં સુધી તેઓ કાર્યકારી PM તરીકે રહેશે. જસ્ટિન ટ્રુડો 11 વર્ષ સુધી લિબરલ પાર્ટીના નેતા અને નવ વર્ષ સુધી કેનેડાના વડાપ્રધાન રહ્યા. તેઓ ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ ધમકીઓથી લઈને મુખ્ય પ્રધાનોના રાજીનામા અને ઓપિનિયન પોલ સુધીના અનેક સંકટનો સામનો કરી રહ્યા હતા. 53 વર્ષીય જસ્ટિન ટ્રુડોએ કહ્યુ કે સંસદની કાર્યવાહી 24 માર્ચ સુધી સ્થગિત કરવામાં આવશે. ટ્રુડોએ એક પ્રેસમાં કહ્યું, 'આ દેશ આગામી ચૂંટણીમાં વાસ્તવિક પસંદગીને પાત્ર છે, અને તે મારા માટે સ્પષ્ટ થઈ ગયું છે કે જો મારે આંતરિક લડાઈ લડવી પડશે, તો હું તે ચૂંટણીમાં શ્રેષ્ઠ બનીશ,' ટ્રુડોએ એક પ્રેસમાં કહ્યું.

## તેલંગાણા | ચાલુ કારમાં લાગી આગ, બે જીવતા ભૂંજાયા



તેલંગાણા | મેડચલ-મલકાજગીરી જિલ્લાના ઘાટકેસર પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક દુ:ખદ અકસ્માત થયો હતો. સોમવારે સાંજે ઘનપુર પોલીસ સ્ટેશન વિસ્તાર નજીક એક CNC કારમાં અચાનક આગ લાગી હતી. આગને કારણે બે લોકોના ઘટનાસ્થળે જ દાઝી ગયા હતા. ઘટનાની જાણ થતા પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમે પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો. પોલીસે બંને સળગી ગયેલા મૃતદેહોને કારમાંથી કાઢીને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા હતા. પોલીસ અકસ્માતની તપાસમાં વ્યસ્ત છે. જણાવવામાં આવી રહ્યું છે કે મૃતકોમાંથી એકની ઓળખ શ્રી રામ (26) તરીકે થઈ છે, જ્યારે બીજી મહિલા છે.

**છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં મોટો નક્સલી હુમલો**

# IED બ્લાસ્ટમાં 9 જવાન શહીદ, 8 ઘાયલ

*25 ફૂટ ઊંચે વૃક્ષ સુધી ગાડીના પાર્ટ્સ પહોંચ્યા; જવાનોના ઓળખી ન શકાય એવા મૃતદેહ ઊછળ્યા*

(એજન્સી) બીજાપુર | તા.06

છત્તીસગઢના બીજાપુરમાં નક્સલવાદીઓએ મોટો હુમલો કર્યો છે. જેમાં આઈઈડી બ્લાસ્ટમાં નવ જવાનો શહીદ થયા છે. જ્યારે અન્ય આઠ ગંભીર રૂપે ઈજાગ્રસ્ત છે. નક્સલવાદીઓએ કુટરૂ માર્ગમાં સુરક્ષાદળના વાહનને ટાર્ગેટ બનાવ્યો હતો.

સુરક્ષાદળો નક્સલ પ્રભાવિત વિસ્તારો દંતેવાડા, નારાયણપુર અને બીજાપુરમાં નક્સલીઓ વિરૂદ્ધ ઓપરેશન પતાવી પરત ફરી રહ્યા હતા. બપોરે 2.15 વાગ્યે કુટરૂ પોલીસ સ્ટેશનના અંબેલી ગામ નજીક



નક્સલીઓએ IED બ્લાસ્ટ કરી સુરક્ષાદળનું વાહન ઉડાવી દીધુ હતું.

આઈજી બસ્તર રેન્જ સુંદરરાજ પીએ જણાવ્યું હતું કે બિજાપુરથી સંયુક્ત ઓપરેશન પાર્ટી ઓપરેશન બાદ પરત ફરી રહી હતી. નક્સલવાદીઓએ બીજાપુરમાં આઈઈડી બ્લાસ્ટમાં આઠ ડીઆરજી જવાન અને એક ડ્રાઈવર સહિત નવ જવાન શહીદ થયા છે.

છત્તીસગઢ વિધાનસભા અધ્યક્ષ રમન સિંહે બીજાપુર IED બ્લાસ્ટ મુદ્દે નિવેદન આપ્યું છે કે, 'જ્યારે-જ્યારે નક્સલીઓ વિરૂદ્ધ મોટા ઓપરેશન હાથ ધરાય છે, ત્યારે આ નક્સ્લીઓ આ પ્રકારની કાયરતાભર્યું અને પીઠ પાછળ હુમલો કરતાં હોય છે. નક્સલવાદ વિરૂદ્ધ છત્તીસગઢ સરકાર જે પગલાં ઉઠાવી રહ્યા છે. તેને હવે વેગવાન બનાવાશે. સરકાર ડરશે કે ઝુકશે નહીં. તેમની વિરૂદ્ધ આકરી કાર્યવાહી ચાલુ રાખશે.'

છત્તીસગઢના નાયબ મુખ્યમંત્રી અરૂણ સાવે આઈઈડી બ્લાસ્ટને વખોડતાં જવાનોની શહાદત નિષ્ફળ નહીં જાય તેનું વચન આપતાં કઠોર પગલાં લેવા નિર્દેશ આપ્યો છે. છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાંઈએ સુરક્ષા દળોની શહાદત પર શોક વ્યક્ત કર્યો હતો.

# 'ઈન્ડિયા ગેટ'નું નામ બદલીને ભારત માતા ગેટ કરવાની માગ

*બીજેપી અલ્પસંખ્યક મોરચાના પ્રમુખે મોદીને લખ્યો પત્ર, કહ્યું- આ શહીદોને શ્રદ્ધાંજલિ હશે*

(એજન્સી) નવી દિલ્હી | તા.06

ભાજપ લઘુમતી મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ જમાલ સિદ્દીકીએ ઈન્ડિયા ગેટનું નામ બદલીને ભારત માતા દ્વાર કરવાની માગ કરી છે. જમાલે વડાપ્રધાન મોદીને એક પત્ર લખ્યો હતો, તેમણે કહ્યું હતું કે, નામ બદલવું એ દેશના 10 હજાર શહીદ જવાનોને સાચી શ્રદ્ધાંજલિ હશે. જમાલે કહ્યું, 'તમે ક્રૂર મુઘલના નામ પર



બનેલા ઔરંગઝેબ રોડનું નામ ડૉ. એપીજે અબ્દુલ કલામ રોડ રાખ્યું છે. ઈન્ડિયા ગેટ પર જ્યોર્જ પંચમની પ્રતિમાને હટાવીને તેના સ્થાને નેતાજી સુભાષચંદ્ર બોઝની પ્રતિમા સ્થાપિત કરાઈ હતી. રાજપથનું નામ દૂતવા પથ રાખવામાં આવ્યું. એ જ રીતે ઈન્ડિયા ગેટનું નામ બદલીને ભારત માતા દ્વાર કરવું જોઈએ. પ્રથમ વિશ્વ યુદ્ધમાં શહીદ થયેલા ભારતીયોની યાદમાં ઈન્ડિયા ગેટ બનાવાયો હતો. પ્રથમ વિશ્વ યુદ્ધમાં શહીદ થયેલા ભારતીયોની યાદમાં ઈન્ડિયા ગેટ બનાવવામાં આવ્યો ઈન્ડિયા ગેટ રાજધાની દિલ્હીમાં બનેલું યુદ્ધ સ્મારક છે. તે પ્રથમ વિશ્વ યુદ્ધ અને અફઘાન યુદ્ધમાં શહીદ થયેલા ભારતીય સૈનિકોની યાદમાં બનાવવામાં આવ્યું હતું.

# લાભાર્થી પર્વતભાઈ ડામોરને પ્રધાનમંત્રી આવાસ યોજના થકી 1,20,000 રૂપિયાની સહાય મળી

જગદીશ ત્રિવેદી | લુણાવાડા

સામાન્ય રીતે દરેક વ્યક્તિનું સપનું હોય છે કે તેની પાસે પોતાની માલિકીનું એક પાકુ મકાન હોય. દેશના દરેક કુટુંબને પાકા આવાસની સુવિધા ઉપલબ્ધ કરાવવાનાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનાં સ્વપ્નને પૂર્ણ કરવા ભારત સરકાર દ્વાર ટકાઉ અને સારા આવાસને પ્રોત્સાહન આપવા માટેની પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામીણ) તા.૨૦-૧૧-૨૦૧૬થી અમલમાં મુકવામાં આવી. આ યોજના અંતર્ગત, સરકાર ગ્રામીણ વિસ્તારનાં આર્થિક રીતે નબળા વર્ગને પોતાનું પાકું મકાન બનાવવા અને જૂના મકાનની મરામત માટે રૂ. 1.20 લાખ કરતા વધારેની આર્થિક સહાય પૂરી પાડે છે.નળિયાની છત અને માટીથી બનેલા કાચા મકાન ધરાવતા આર્થિક રીતે નબળા વર્ગનાં પરિવારો માટે આ યોજના રહેઠાણની સુવિધાનું ચિત્ર



બદલી રહી છે. મહીસાગર જિલ્લાનાં સંખ્યાબંધ જરૂરતમંદ પરિવારોને આ યોજના અંતર્ગત પોતાના મકાનને પાકુ બનાવવા માટે આર્થિક સહાય મળી છે.

મકાન ન હોય કે મકાન પાકુ કરવાની જરૂર હોય, અને આર્થિક કારણોસર પનો ટૂંકો પડતો હોય તેવા સંખ્યાબંધ લાભાર્થીઓ માટે આ યોજના આર્શીવાદરૂપ બની છે. આ યોજનાના લાભાર્થી સંતરામપુર તાલુકાનાં બુગઢ ગામમાં રહેતા પર્વતભાઈ ડામોર જણાવે છે કે, હું ખેતી કામ સાથે સંકળાયેલો છું અને ખેતી કરી મારા પરિવારનું ભરણપોષણ કરું છું. ત્યારે મારા માટે પાકું મકાન બનાવવું પડકારજનક હતું. અને અમારે પાકું મકાન બનાવવું ખૂબ જરૂરી હતું કારણ કે અમે માટીના કાચા મકાનમાં રહેતા હતા જે જૂનું થતાં ધીમે ધીમે પડવાનું ચાલુ થય ગયું હતું. ત્યારે અમને પ્રધાનમંત્રી આવાસ યોજના વિશે માહિતી મળતા મે તેમાં ફોર્મ ભરતા મને સરકારશ્રી તરફથી ૧,૨૦,૦૦૦ રૂપિયાની સહાય મળી જેનાથી મે મારા કાચા મકાનની જગ્યાએ પાકું મકાન બનાવ્યું. હવે અમને આ ઘરમાં કોઈ સમસ્યા પડતી નથી અને હું મારા પરિવાર સાથે ખુશી ખુશી જીવન પસાર કરી રહ્યો છું જેથી અમે સરકારશ્રીનો ખૂબ ખૂબ આભાર માનીયે છીએ.

## કોમર્સ કૉલેજ, મોડાસાની એન.એસ.એસ. શિબિરનું ઉદઘાટન કાર્યક્રમ યોજાયો



રાકેશ મહેતા | ધનસુરા

ધી મ. લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ સંચાલિત શ્રી એચ એસ શાહ કૉલેજ ઑફ કોમર્સ, મોડાસા સંલગ્ન એન.એસ.એસ. યુનિટની ખાસ વાર્ષિક શિબિર 'મારું ગામ: દૂષણમુક્ત, પ્રદૂષણમુકત ગામ' કોલવડા મુકામે યોજાઈ રહી છે. આ શિબિરનો ઉદઘાટન સમારોહ તા:૦૬/૦૧/૨૫ ના રોજ કેળવણી મંડળના ઉપપ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ શાહ (મામા), મંત્રી શ્રી જયેશભાઈ દોશી, નશાબંધી વિભાગમાં પી. એસ.આઈ. શ્રી જીગર પટેલ, સરપંચ શ્રી દિનેશભાઈ પટેલ, કૉલેજના કા. આચાર્ય ડૉ. મોહનભાઈ પટેલ તથા કૉલેજ અને શાળા પરીવાર તેમજ ગામના અગ્રણીઓની હાજરીમાં યોજાયો હતો.


## નર્મદા એલસીબીએ જૂની સિવિલ પાસેથી ચાઈનીઝ દોરી સાથે એક શખ્સને ઝડપી પાડ્યો

ભરત શાહ | નર્મદા



વર્ષો થી ઉત્તરાયણ માં ચાઈનીઝ દોરી અને તુક્કલ પ્રતિબંધિત હોવા છતાં અમુક લોકો વેચાણ કરે છે જ્યારે કેટલાક બહાર થી લાવી તેનો ઉપયોગ કરતા હોય છે પરંતુ આ પ્રતિબંધિત વસ્તુઓ ના વેચાઈ કે ના ઉપયોગ કરાઈ તેની પર નર્મદા પોલીસ બાઝ નજર રાખી ખાનગી રાહે ચેકીંગ કરતી હોય છે ત્યારે હાલ માં રાજપીપળા જૂની સિવિલ હોસ્પિટલ નજીક ચાઈનીઝ દોરી વેચાણ કરવાના ઈરાદે રાખનાર શખ્સ ને નર્મદા એલસીબી એ ઝડપી ગુનો દાખલ કર્યો હતો.

## ભાયાવદરમાં સેવા ભાવિ ગ્રુપ દ્વારા ગાયો અને શ્વાન માટે 100 મણ લાડુ બનાવી વિતરણ કરાયું



વિજય રાડીયા | ભાયાવદર

ભાયાવદર શહેર નુ સેવાભાવી ગ્રુપ દ્વારા દર વર્ષ મકર સંકારત પર્વ દરમ્યાન અબોલ જીવો ગાયો અને કુતરા માટે લાડવા અને લીલા ઘાસ નુ વિતરણ કરવામા આવે છે ચાલુ 13 માં વર્ષ પણ ભાયાવદર ના પટેલ સમાજ મા આ ગ્રુપ ના દરેક સભ્યો દ્વારા જાત મહેનત કરી ને ગાયો માટે 100 મણ લાડવા બનાવેલ છે તેમા 12 કટા ઘવ .12 ડબા ગોળ .10 ડબા કપાસીયા તેલ ના .10 કીલો તલ નાખી ને તેમા અબોલ જીવો ને રોગ પ્રતિકાર કુરમી ની દવા નાખી ને 100 મણ લડવા તૈયાર કરી ને ગાયો તથા.કૂતરા ઓને ટ્રેક્ટર ભરીને આ ગ્રુપ ના મેમ્બર દ્વારા જાતે જ આખા શહેર મા તેમજ પાંજરાપોળ ની ગાયો ને વિતરણ કરવામા આવેલ છે સાથે આ ગ્રુપ દ્વારા 200 મણ લીલી મકાઈ કપાસીયા ખોળ ની 10 ગુણી અને કુતરા ના ગલુડીયા માટે 60 કિલો બીસકીટ નુ વિતરણ કરવામા આવેલ છે ભાયાવદર શહેર નુ આ ગ્રુપ નયનભાઇ જીવાણી ચંદ્રેશ વાછાણી જેમીન મકવાણા પ્રદિપ વાછાણી તેમજ ક્રિષ્ના ગ્રુપ આશિષ પન ગ્રુપ કનૈયા ગ્રુપ ઉમીયાજી ગ્રુપ ના 60 યુવાન મિત્રો દ્વારા દર વર્ષ પોતાના ખર્ચે જાત મહેનત કરી ને અબોલ જીવો માટે મકર સંકરાત પર્વ દરમ્યાન નાખવામા આવે છે આ લાડવા તૈયાર કરવા માટે આ ગ્રુપ ને પટેલ સમાજ પણ ફ્રી મા આપે છે આ ગ્રુપ ના મેમ્બર ના ટ્રેક્ટર પણ ફ્રી મા આપે છે સાથે આ ગ્રુપ ના મેમ્બર સીવાય બીજા કોઈ પાસે કોઈ પણ જાત નુ ફંડ પણ લેવામા નથી આવતુ.

### આહવા ગ્રામ પંચાયતને નગર પાલિકાની માન્યતા માટે

# જિલ્લા પંચાયતનાં હરીશભાઈ બચ્છાવેની નાયબ મુખ્ય દંડકને લેખિતમાં રજૂઆત

ડાંગ | તા.06

ડાંગ જિલ્લાની આહવા ગ્રામ પંચાયતને નગર પાલિકાની માન્યતા આપવામાં આવે તેવી માંગ સાથે ડાંગ જિલ્લા પંચાયત ના ખેતી ઉત્પાદન, સહકાર અને સિંચાઇ સમિતિના અધ્યક્ષ તથા જિલ્લા સદસ્ય હરેશભાઈ પોપટભાઈ બચ્છાવે ડાંગ જિલ્લાના ધારાસભ્ય વિજય પટેલ ને લેખિતમાં રજૂઆત કરી હતી. આહવા ગ્રામ પંચાયતમાં અંદાજીત 12,000 જેટલા મતદારો આવેલા છે.અને આહવા ગ્રામ પંચાયતમાં મકાનોની વસ્તી 8000 જેટલી છે. અને આહવા નગરની વસ્તી 22,000 જેટલી થાય છે.ત્યારે સુવિધાઓના અંદાજથી આહવા ગ્રામ પંચાયતની આવક અને વિકાસના કામોની સરખામણી કરતા આહવા ગામને ગ્રામ પંચાયત પુરતી સુવિધાઓ માટે જરૂરી જોગવાઈઓ ઓછી પડે છે. તથા ગામના રોડ, રસ્તા, પાણી, લાઈટ જેવી મૂળભૂત જરૂરીયાતો માટેની કામગીરી કરવા માટે ગ્રામ પંચાયત પાસે કોઈપણ બીજા ચોક્કસ આવકના સ્ત્રોત નથી. તે માટે તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત પાસે કામગીરી કરાવવાની થાય છે. આહવામાં મકાનો પર ટાઉન પ્લાનીંગ કે મંજૂરીઓનો અભાવના કારણે આહવામાં સોસાયટીઓનો વિકાસ, વ્યક્તિગત મકાન સહાય ખુબજ મર્યાદીત છે. જો આવા કિસ્સામાં આહવા નગર પાલિકા થાય તો, આહવા નગરના રહેવાસીઓને મકાનની લોન મોરગેજ ન હોવાના કારણે મળતી નથી. મકાનના અંદાજે વેરાની વસુલાત અનિયમિત હોય તેમજ જરૂરીયાતના માપમાં આવક ના થતી હોવાના કારણે સ્થાનિક વિકાસ રૂંધાય છે. જો નગર પાલિકા થાય, ટાઉન પ્લાનીંગથી ગામના રોડ, રસ્તા, પાણીની સારી સુવિધા મળી શકે એમ છે.

## સ્ટેચ્યુ ઓફ યુનિટી-એકતાનગર ખાતે તા.૧૨મી જાન્યુઆરીએ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાશે

ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લામાં એકતા નગરના આંગણે તા.૧૨ જાન્યુઆરી, રવિવારના રોજ "આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૫" યોજાનાર છે. નર્મદા જિલ્લા વહિવટીતંત્ર, ગુજરાત પ્રવાસન નિગમ-ગાંધીનગર અને સ્ટેચ્યુ ઓફ યુનિટીના સંયુક્ત ઉપક્રમે સરદાર સરોવર નર્મદા બંધના વ્યૂ પોઈન્ટ-૧ ખાતે યોજાશે. જેના આયોજન અને અમલવારી સંદર્ભે જિલ્લા કલેક્ટર એસ.કે.મોદીની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરીના કોન્ફરન્સ હોલ ખાતે સમીક્ષા બેઠક યોજાઈ હતી. જિલ્લા કલેક્ટર એસ.કે.મોદીએ વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીઓને સોંપાયેલી કામગીરી યોગ્ય રીતે થાય, વિદેશમાંથી આવતા પતંગબાજોની સુરક્ષા સાથે પ્રોટોકોલ જળવાય રહે તેની કાળજી રાખવા અને પતંગોત્સવ ખરેખર મહોત્સવ બની રહે તે જોવા સૌને પોત પોતાની ફરજ અદા કરવા જણાવ્યું હતું.



આ મહોત્સવથી દેશ-વિદેશના પતંગબાજોના અવનવા પતંગોના કરતબો માણવાનો અદભૂત અવસર સ્ટેચ્યુ ઓફ યુનિટીના પ્રવાસે આવતા પ્રવાસીઓ અને જિલ્લાના નાગરિકોને લાભ લેવાની સોનેરી તક મળી રહેશે. આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં આ વર્ષે ૧૩ દેશના ૩૪ અને ગુજરાત સહિત ભારતના ૩૧ મળી કુલ ૬૫ પતંગબાજો એકતાનગરના આકાશમાં રંગબેરંગી પતંગનું આકાશી સુંદર દ્રશ્ય ખડુ કરશે.

## ખેલ મહાકુંભ 3.0 બનાસકાંઠામાં કુલ 2,56,787 ખેલાડીઓનું રજીસ્ટ્રેશન



માહિતી બ્યુરો | પાલનપુર

ખેલ મહાકુંભ ૨.૦ વર્ષ:-૨૦૨૩-૨૪ અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં ૨,૩૦૪,૮૧ ખેલાડીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જેમાં વિવિધ વય જુથમાં અને ૩૯ રમતોમાં ગ્રામ્ય/શાળા કક્ષા / તાલુકા/ જિલ્લા ઝોન /રાજ્ય કક્ષાએ રમતોત્સવનું સમગ્ર રાજ્યમાં વિવિધ જગ્યાએ આયોજન કરાયું હતું. ખેલ મહાકુંભની રાજ્યકક્ષાની સ્પર્ધાઓમાં મેડલ ટેલીમાં બનાસકાંઠા જિલ્લાના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને રાજ્યમાં તૃતિય સ્થાન મેળવ્યું હતું, જે અન્વયે ચાલુ વર્ષે ખેલ મહાકુંભ ૩.૦ના શુભારંભ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે ગત વર્ષના પ્રથમ,દ્રિતિય અને તૃતિય સ્થાન મેળવેલ જિલ્લાઓને ટ્રોફી આપી સન્માનિત કરાયા હતા. જે ટ્રોફીને તા.૦૬/૦૧/૨૦૨૫ના રોજ બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલને અર્પણ કરાઇ હતી.

ચાલુ વર્ષે ખેલ મહાકુંભ ૩.૦મા બનાસકાંઠા જિલ્લામાંથી વિવિધ વય જુથમાં અને ૩૯ રમતોમાં ૨,૫૬,૭૮૭ જેટલા ખેલાડીઓએ ઉત્સાહભેર રજીસ્ટ્રેશન કરાવ્યું છે. તાલુકા/જિલ્લા કક્ષાની સ્પર્ધાઓ તા.૦૬/૦૧/૨૦૨૫ થી શરૂ કરાઈ છે. ચાલુ વર્ષે પણ બનાસકાંઠા જિલ્લાના ખેલાડીઓ રાજ્યકક્ષાએ સારુ પ્રદર્શન કરીને મેડલ ટેલીમાં અગ્ર હરોળમાં આવે તે મુજબની અપેક્ષા વિવિધ રમતવીરોમાં રહેલી છે.

## સાસણ ગીર વાઈલ્ડ લાઈફ ડિવિઝને વસાવી આધુનિક વન્યજીવ રેસ્કયું વેન

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



સાસણ ગીર વાઈલ્ડ લાઈફ ડિવિઝને વસાવી આધુનિક વન્યજીવ રેસ્કયું વેન. આ વેનમાં છે, સરળતાથી હટાવી શકાય તેવું વેનનું રૂફ કે જેનાથી વેનમાં હવાની અવર જવર રહેશે હાઈડ્રોલિક બાસ્કેટ જેમાં અલગ અલગ કદ, આકાર નાં પાંજરાને સમાવી શકે છે.૩ રેસ્ક્યુ સ્ટાફ મેમ્બર પાંજરાની સાથે બેસી શકે CCTV કેમેરા જે વેનના પાંજરામાં રાખેલ વન્યજીવ ની હિલચાલ ડ્રાઈવર અને કો-ડ્રાઈવર સ્ક્રીન માં જોઈ શકશે LED લાઈટ્સ ની સુવિધા, જે રાત્રિ દરમ્યાન ચાલતાં રેસક્યું ઓપરેશનને સરળ બનાવશે. વાયરલેસ કોમ્યુનિકેશન સેટ જે સતત હેડક્વાર્ટર સાથે વેન ને જોડી રાખશે પાણીનો સ્પ્રે, જે બેહોશ કરેલ વન્યજીવ નાં શરીર નાં તાપમાનને સંતુલિત રાખશે રેસ્ક્યું દરમ્યાન સરળતાથી ખોલીને ઉપયોગમાં લેવાય તેવું ટેબલ પાંજરાને સરળતાથી તારથી ખેંચી બાસ્કેટ માં મૂકી હાઈ ડ્રોલિકસ ની મદદથી વેન માં ચડાવી શકાશે વનવિભાગ આધુનિક બને તે ખુબજ જરૂરી છે, ત્યારે વન્યજીવો માટે પણ જંગલનું વિસ્તરણ થાય અને ઔદ્યોગિકરણ નહિવત થાય તે પણ ખુબજ મહત્વનું છે.

## રાજુલા પોલીસને મળી આવેલ મોબાઈલ ફોન માલિકને પરત કર્યો



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ સાર્થક કરવા સુચના આપેલ હોય જે અન્વયે મહે.અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક શ્રી સંજય ખરાત તેમજ મદદનીશ પોલીસ અધિક્ષક શ્રી વલય વૈધ સાવરકુંડલા વિભાગનાઓ દ્વારા જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ હતું.જે અન્વયે રાજુલા પો.સ્ટે.ના પોલીસ ઈન્સ્પેકટરશ્રી વી.એમ.કોલાદરા ની સુચના અને માર્ગદર્શથી રાજુલા પો.સ્ટે. માં મળી આવેલ બે મોબાઈલ ફોન જે ટેકનીકલ સોર્સના માધ્યમથી બન્ને મુળ માલિકો (૦૧) ગોહિલ જ્યોતીન ભુપેન્દ્રભાઈ રહે.સુરેન્દ્રનગર વાળાને શોધી મોબાઈલ ફોન બાબતે પુંછતા તેઓનો મોબાઈલ ફોન જુનાગઢ પરિક્રમાં પડી ગયેલ નું જણાવતા અને મોબાઈલ ફોનનું બિલ બતાવતા આ POCO M3 મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૪,૦૦૦/- તથા (૦૨) નારાયણસિંહ ચતારસિંહ રહે, રાજેસ્થાન હાલ-ભેરાઈ તા.રાજુલા જી.અમરેલી વાળાને શોધી મોબાઈલ ફોન બાબતે પુછતા તેઓનો મોબાઈલ ફોન રાજુલા ખરીદી કરવા આવતા પડી ગયેલા નું જણાવતા અને મોબાઈલ ફોનનું બિલ બતાવતા આ રિયાલમી C-33 મોબાઈલ ફોનની કિંમત રૂપીયા ૮,૦૦૦/- ટેકનીકલ સોર્સના માધ્યમથી મુળ માલિકને શોધી ફોન પરત આપી 'તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ ખરા અર્થમાં સાર્થક કરેલ છે.

## જાફરાબાદ| હેમાળ અને છેલણા ગામ વચ્ચે અકસ્માત સર્જાયો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



નેશનલ હાઈવે ઉપર માટીના પાળો કરતા ફોર વ્હીલર ચાલક ને પાળો ન દેખાતા પાળા ઉપર થી ફોર વ્હીલર પલટી મારી ફોર વ્હીલર પલટી મારતા ખાઈમાં ઉતરી જાફરાબાદના ગ્રામ્ય વિસ્તારમાંથી પસાર થતો ભાવનગર સોમનાથ નેશનલ હાઈવે ઉપર અકસ્માત સર્જાયો રોડ વચ્ચે નેશનલ હાઈવે ઉપર આવા પાળા કરવાથી અનેક વખત અકસ્માત સર્જાયા છે અનેક લોકોના જીવ ગુમાવવાનો વારો પણ આવ્યો છે.જાફરાબાદ પંથકના ગ્રામ્ય વિસ્તારમાં નેશનલ હાઈવે ઉપર અવારનવાર અકસ્માતો ના બનાવ બને છે નેશનલ હાઈવેની ઘોર બેદરકારી સામે આવી ફોર વ્હીલર કાર ચાલકનો આબાદ બચાવ થયો ફોર વ્હીલર રાજુલા તરફ થી ઉના તરફ જઈ રહેલ હોય તે દરમ્યાન માટીના પાળા ઉપર ઉપર ચડી જતા અકસ્માત સર્જાયો જાફરાબાદ ના ગ્રામ્ય વિસ્તાર માંથી પસાર થતો ભાવનગર સોમનાથ નેશનલ હાઈવે ઉપર અવાર-નવાર અકસ્માતો સર્જાય છે.

## જેતપુરપાવીથી ગુમ થયેલ વર્ષાબેન અને શિવાંસની ભાળ મળે તો જાણ કરશો

કમલેશ. પટેલ | સંખેડા





જેતપુરપાવી પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર તા.૦૫/૧૨/૨૦૨૪ના રોજ નારવાણીયા નવી ચૂલી ફળિયું, તા.જેતપુરપાવી જિ. છોટાઉદેપુર ખાતે રહેતા કેતનભાઈ વજેસિંગભાઈ રાઠવાની બહેન વર્ષાબેન વરશનભાઈ રાઠવા અને તેમનો ભાણિયો શિવાંસ વરશનભાઈ રાઠવા જેઓ કદલાવ દવાખાને શિવાંસની દવા લેવા જાઉં છુ કહી ઘરેથી ક્યાંક ચાલ્યા ગયા છે. જેમની ઉંમર ૨૪ અને ભાણીયની ઉ.૨ વર્ષ નઈ ૩ મહીના છે. જેઓ શરીરે પાતળા બાંધાના રંગે ઘઉંવર્ણ છે. જેમની ઉંચાઈ આશરે ૫ ફૂટ છે. જેણે શરીરે લીલી સાદી, લાલ ચણિયો અને ગળામાં મંગળસૂત્ર પહેરેલ સાથે શિવાંસ શરીરે પાતળા બાંધા, રંગે ઘઉં વર્ણ ઉચાઇ ૧ ફૂટ છે. જેણે શરીરે ભૂરા કલરનું ટૂંકીબાઈનું શર્ટ, કમરે જીન્સનું પેન્ટ પહેરેલ હતું. હાથમાં ચાંદીનુ પાતળું ભોરીયું પહેરેલ છે. જે કોઈને મળે તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા જેતપુરપાવી પોલીસ સ્ટેશનનો સંપર્ક મો.નં.૭૪૩૩૯૭૫૯૩૬ પર સંપર્ક કરવા વિનંતી છે.

## શિક્ષણમંત્રીની અધ્યક્ષતામાં વસો ગામની સરસ્વતી વિદ્યાલય નવીન શાળાનું લોકાર્પણ

અશેષ વ્યાસ | ખેડા

આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોરની અધ્યક્ષતામાં ગળતેશ્વરના વસો ગામ ખાતે સરસ્વતી વિદ્યાલય નવીન શાળા લોકાર્પણ કાર્યક્રમ યોજાયો. શિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોરે વસો ગ્રામવાસીઓને સરસ્વતી વિદ્યાલય નવીન શાળા માટે શુભેચ્છાઓ આપતા જણાવ્યું હતું કે ગુજરાત સરકાર દ્વારા શિક્ષણને પ્રોત્સાહન આપવાના ભાગરૂપે શરૂ કરાયેલ સર્વ શિક્ષા અભિયાન, નમો સરસ્વતી યોજના, પીએમ શ્રી શાળા, સ્કૂલ ઓફ એક્સેલન્સ શાળા, સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ ઈનોવેશન પોલીસી અને નવી શિક્ષણ નીતિ સહિતના પ્રયાસો દ્વારા ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે સકારાત્મક પરિણામો આવ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે રાજ્યમાં ૨૨,૦૦૦ જેટલા શાળાના ઓરડા, ૧૬,૦૦૦ જેટલી સ્કૂલ ઓફ એક્સેલન્સ, ૪૪૮ જેટલી પી.એમ.શ્રી શાળાના નિર્માણ સહિતના કામો દ્વારા આજે સેલ્ફ



ફાઈનાન્સમાંથી સરકારી શાળાઓમાં અભ્યાસ માટે આવતા બાળકોનું પ્રમાણ વધ્યું છે. શિક્ષણ કાર્ય વિશે વાત કરતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે પ્રાથમિક સ્તરથી જ ગુજરાતી ભાષાની વ્યાકરણ શુદ્ધિ પર ધ્યાન આપવું પડશે તથા બાળકોને મોબાઈલના વધુ પડતાં વપરાશથી દૂર રાખવા સૂચન કર્યું હતું. મંત્રીશ્રીએ શિક્ષકોને ફક્ત પુસ્તકિયા શિક્ષણ સુધી સીમિતના રહેતા વિદ્યાર્થીઓમાં કેળવણી સિંચન દ્વારા સમૂહ જીવનની ભાવના નિર્માણ કરવા અનુરોધ કર્યો હતો.

## બનાસકાંઠાની 10 પેઢીઓના ખાદ્ય પદાર્થોના નમૂના ફેલ જતા કોર્ટે રૂ.26 લાખનો દંડ ફટકાર્યો

માહિતી બ્યુરો | પાલનપુર

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર પાલનપુરના ફુડ સેફ્ટી ઓફિસરો દ્વારા જાહેર જનતાના આરોગ્યના હિતમાં ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ -૨૦૦૬ હેઠળ જિલ્લાની જુદી-જુદી પેઢીઓમાંથી ખાદ્ય પદાર્થો જેવા કે ઘી, મીઠો માવાના નમુનાઓ લઈને ચકાસણી અર્થે સરકારી લેબોરેટરીમાં મોકલાવેલા હતા.



ફૂડ લેબોરેટરી દ્વારા સદર નમુનાઓ ધારા ધોરણ મુજબ ન હોવાનુ જાહેર થયેલ હતું તેથી ફુડ સેફ્ટી વિભાગ દ્વારા લેવામાં આવેલ નમુનાઓને સંલગ્ન તમામ જવાબ જવાબદારો સામે જિલ્લાના એડજ્યુડિકટીંગ ઓફિસર અને નિવાસી અધિક કલેકટરની કોર્ટ સમક્ષ કેસ દાખલ કરાયો હતો. જે તમામ કેસો ચાલી જતાં કોર્ટ દ્વારા સંલગ્ન તમામ જવાબદારોને દંડનીય કાર્યવાહી હાથ ધરાઇ છે. દાખલ કરાયેલ કુલ ૧૦ કેસોમાં કોર્ટ દ્વારા કુલ રૂ.૨૬ લાખનો દંડ કરાયો હતો. આ સાથે ફિરોજહૈદર અહમદભાઈ અધારિયા મે.નમસ્તે ફુડ પ્રોડકટસ , હોટલ મિલન પાછળ, હાઈવે રોડ, મુ.પો. કાણોદર, કાન્તિભાઈ નાગરભાઈ પટેલ મે. શ્રી કેશવ કોલ્ડ સ્ટોરેજ, ડીસા- પાલનપુર હાઈવે,(૨) રાજેંદ્રકુમાર ધુડાભાઈ જોષી મે.શ્રી કેશવ કોલ્ડ સ્ટોરેજ, ડીસા-પાલનપુર હાઈવે, (૩) શ્રી ઈશ્વરભાઈ વિરાભાઈ પટેલ મે. શ્રી કેશવ કોલ્ડ સ્ટોરેજ,ડીસા-પાલનપુર હાઈવે, ૪. શ્રી લાલબહાદુર રામબરન યાદવ - માલિક મે. શ્રી જય અંબે ડેરી પ્રોડક્ટસ , (ઉત્પાદક પેઢી) મુ. મડાણા તા. પાલનપુર સહિતના ઈસમો વિરૂદ્ધ કુલ ૨૬ લાખનો દંડ ફટકારાયો છે.

## કમાલપુરા અને ભાગળમાં પોષણ ઉત્સવ અંતર્ગત મિલેટ વાનગી સ્પર્ધા યોજાઇ

માહિતી બ્યુરો | પાલનપુર)

રાજ્યમાં પોષણને પ્રોત્સાહન આપવા તથા લોકોમાં પોષણ અંગે જાગૃતિ ફેલાવવા માટે રાજ્ય સરકાર દ્વારા પોષણ ઉત્સવનો પ્રારંભ કરાયો છે. જે અન્વયે બનાસકાંઠા જિલ્લામાં પણ જિલ્લા આઇ.સી.ડી.એસ વિભાગ દ્વારા વિવિધ થીમ આધારિત કાર્યક્રમનું આયોજન કરાયું છે. જિલ્લા આઇ.સી.ડી.એસ વિભાગ અને બાળ વિકાસ યોજના અધિકારીશ્રીના અધ્યક્ષસ્થાને કમાલપુરા અને ભાગળ પ્રાથમિક શાળા ખાતે પોષણ ઉત્સવ અંતર્ગત ટેક હોમ રાશન અને મિલેટ (શ્રી અન્ન) વાનગી સ્પર્ધાઓનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં માતૃશક્તિ, પૂર્ણાશક્તિ અને બાળ શક્તિ પેકેટનું મહત્વ વિશે માહિતી અપાઈ હતી. આ સાથે વાનગી સ્પર્ધામાં મૂલ્યાંકન પછી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ સાથે બહેનોને પ્રોત્સાહિત કરાયા હતા. આ સાથે મિલેટ આધારિત વિવિધ વાનગીઓ રજૂ કરીને શ્રી અન્નનું મહત્વ વિશે માર્ગદર્શન અપાયું હતું. આ કાર્યક્રમમાં વિવિધ અગ્રણીઓ, આઈસીડીએસ પાલનપુર ૨નો સ્ટાફ, શાળાનો સ્ટાફ તથા સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# લીમખેડા મામલતદાર કચેરીમાં કામ માટે આવતા અરજદારોની પ્રવેશ ફી રૂપિયા 20

## લોકોમા ભારે રોષ ફેલાયો: ગેટ ઉપર પટાવાળાને પૈસાની ઉઘરાણી કરવા મુકતા ઉઠ્યા અનેક સવાલો

દાહોદ | તા.06

દાહોદ જિલ્લાની લીમખેડા મામલતદાર કચેરી ખાતે કામ માટે આવતાં અરજદારો પાસેથી મામલતદાર કચેરીના ગે પાસે ટેબલ નાંખી બેઠેલ કર્મચારી દ્વારા ૨૦ રૂપિયાનું ટોકન લીધાં બાદ કચેરીમાં પ્રવેશ આપવા સહિત કચેરીનું કામ કરી આપવામાં આવતાં હોવાના આક્ષેપો સાથે કામકાજ માટે આવતાં અરજદારોમાં આ ટોકન પ્રથા મામલે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. કચેરી ખાતે આ ટોકન બંધ કરવામાં આવે તેવી લાગણી અને માંગણી અરજદારોમાં ઉઠવા પામી છે. લીમખેડાની મામલતદાર કચેરી ખાતે કોઈ પણ કામ માટે આવતાં અરજદારો પાસેથી મામલતદાર કચેરીના ગેટ પાસે ટેબલ નાંખી બેઠેલ કર્મચારી દ્વારા પોતાની નોંધ બુકમાં એન્ટ્રી કરી રૂા. ૨૦નું ટોકન અરજદારોને આપી મામલતદાર કચેરીમાં પ્રવેશ આપવામાં આવતો હોવાના આક્ષેપો અરજદારો દ્વારા કરવામાં



આવી રહ્યાં છે. તો બીજી તરફ એટીવીટીના કામો માટે આવતાં અરજદારો પાસેથી કામ થયાં પહેલા નાણાં લેવા કેટલાં યોગ્ય ? તે મામલે પણ અરજદારોએ નારાજગી વ્યક્ત કરી છે. આ ઉપરાંત કચેરીની કોઈપણ શાખામાં એટીવીટી સિવાયના કામો માટે પણ પ્રવેશ માટે રૂા.૨૦નું ટોકન લેવામાં આવતું હોવાનું કહેવાઈ રહ્યું છે. ત્યારે બીજી તરફ એક ટોકન એકજ દિવસ ચાલે છે અને બીજા દિવસે ફરીવાર રૂપીયા ૨૦નું ટોકન લેવા માટે અરજદારો મજબુર બને છે. આવા સમયે જો પહેલા દિવસે કે અન્ય દિવસોમાં પણ પોતાનું કામ ન થતાં અવાર નવાર કચેરીના ધક્કા ખાવા મજબુર બનતા અરજદારો પાસેથ વારંવાર રૂપીયા ૨૦નું ટોકન લેવું કેટલું યોગ્ય ? તે પણ તપાસનો વિષય બની રહેવા પામ્યો છે. લીમખેડા મામલતદાર કચેરી ખાતે આસપાસના ગરીબી અરજદારો કોઈને કોઈ કામ માટે મામલતદાર કચેરી ખાતે આવતાં હોય છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## સુરતમાં જાહેરસભાના મંચ પર પટ્ટા ફટકારી કહ્યું- 'ગુજરાતના આત્માને જગાડવા માટે આવ્યો છું'

# 'દીકરીને ન્યાય અપાવી ન શકતા ઈટાલિયાએ જાતે જ પટ્ટા માર્યા'

(એજન્સી) સુરત | તા.06

અમરેલીના લેટરકાંડમાં એક યુવતીની ધરપકડ કરાયા બાદ પોલીસે રિકન્સ્ટ્રક્શનના નામે રસ્તા પર ફેરવતા રાજ્યભરમાં ચર્ચા જાગી છે. જામીન મળ્યા બાદ યુવતીએ પોલીસ પર માર માર્યાનો આક્ષેપ કર્યો હતો. ત્યારે આ મામલે આજે આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ ઈટાલિયાએ સુરતમાં જાહેરમાં પોતાના શરીર પર પટા મારી માફી માગી હતી. ગોપાલ ઈટાલિયાએ કહ્યું હતું કે, અમરેલીની દીકરીને પોલીસે જે પટા માર્યા છે એ પટા આજે હું જાહેરમાં ખાઈશ. ઈટાલિયાએ વધુમાં કહ્યું કે, ગુજરાતનો આત્મા જાગવો જોઈએ. લોકોને પણ કહ્યું કે, તમે અમને મત ભલે ન આપો પણ તમારો આત્મા જગાડો.

આમ આદમી પાર્ટી દ્વારા આજે મીની બજાર ખાતે જાહેર સભાનો આયોજન કરવામાં આવ્યું હતું. જનસભામાં મોટી સંખ્યામાં રત્ન કલાકારો, હીરા દલાલો તેમજ અન્ય લોકો જોડાયા હતા. તેમજ આમ આદમી પાર્ટીના નેતાઓ પણ હાજર રહ્યા હતા. ગોપાલ ઈટાલિયાએ કહ્યુ હતું કે, અમે અલગ અલગ ઘટનામાં બહુ કોશિશ કરી પણ અમે ન્યાય નથી અપાવી શક્યા એનો મને અફસોસ છે હું માફી માગુ છું. અમરેલીમાં દીકરીને પોલીસે જે પટા માર્યા છે એ પટા આજે હું જાહેરમાં ખાઈશ. ગુજરાતનો આત્મા જાગવો જોઈએ. ગુજરાત આખાનો આત્મા જાગવો જોઈએ. દીકરીને પોલીસ પટા કઈ રીતે મારે. આ સજા મને મળવી જોઈએ. દોસ્તો અમે ન્યાય નથી અપાવી શક્યા એનો અફસોસ થાય છે. હું ગુજરાતનો આત્મા જગાડવા માગુ છું. કોઈ અમને મત ન આપતા પણ દીકરીને ન્યાય અપાવવા તમારો આત્મા જગાડો. અમને આખી જિંદગી મત ન દેતા.




**ગોપાલ ઇટાલીયાએ પોતાને જ પટ્ટાથી મારવાનું શરૂ કર્યું :** અમરેલી લેટરકાર્ડની અંદર જે યુવતીની ધરપકડ કરવામાં આવી હતી ત્યારબાદ તેનું સરઘસ કાઢવામાં આવ્યા હોવાની વાત સાથે રાજ્યભરમાં રાજકીય ગરમાવો આવી ગયો હતો. યુવતીને જામીન મળ્યા બાદ નિવેદન આપતા કહ્યું હતું કે મને પોલીસ દ્વારા પટ્ટાથી માર મારવામાં આવી હતી. લેટર કાર્ડમાં જે સીધી રીતે આરોપી ન હોવા છતાં પણ તેની સાથે પોલીસ દ્વારા જે કૃત્ય કરવામાં આવ્યું છે તેની દુનિયા હોવાનું કહીને ગોપાલ ઇટાલીયા દ્વારા જાહેર સભાના મંચ ઉપર પોતાનો પટ્ટો કાઢીને પોતાને મારવાનું શરૂ કરી દીધું હતું તેમણે માફી માંગતા કહ્યું હતું કે હું આ દીકરીને ન્યાય અપાવી શક્યો નથી તેથી હું પટ્ટા મારી ને પોતાની જાતને સજા આપું છું.

**'ગુજરાતનો આત્મા જગાડવા માટે અહીં આવ્યો છું' :** ગોપાલ ઈટાલિયાએ જનસભામાં જણાવ્યું હતું કે, પોતે અનેક ઘટનામાં કાયદાકીય, સામાજિક અને રાજકીય લડાઈ લડતા આવ્યા છે. પરંતુ ભાજપના રાજમાં અધિકારી અને નેતાઓની ભ્રષ્ટ સાંઠગાંઠના કારણે કોઈને ન્યાય મળી શક્યો નથી. ગુજરાતમાં લઠ્ઠાકાંડમાં, જસદણ બળાત્કાર, મોરબીકાંડ, અગ્નિકાંડ, સરઘસકાંડ, હરણી બોટકાંડ, પેપરલીકકાંડ જેવી અનેક ઘટનાઓ ગોપાલ ઈટાલીયા લડાઈ લડ્યા પરંતુ ન્યાય ન અપાવી શક્યા તેની માફી માંગતા માંગતા ઈટાલીયાએ સ્ટેજ પરથી પોતાને પટ્ટાથી માર મારીને સજા કરી હતી. ઈટાલિયાએ કહ્યું હતું કે, ભાજપના નેતાઓ અનેક બળાત્કાર, તોડબાજી, જમીન માફિયા, બુટલેગરો, ડ્રગ્સ માફિયા, વ્યાજ માફિયાઓ, અપહરણ, દાદાગીરી જેવા અનેક કાંડ કરે છે.

### કોણ છે ગોપાલ ઈટાલિયા?

ઈટાલિયાના વિચાર ક્રાંતિકારી રહ્યા. તેમણે પહેલી નોકરી પોલીસ-કોન્સ્ટેબલ તરીકે કરી. અમદાવાદના માધુપુરામાં પોસ્ટિંગ મળ્યું. પછી રેવન્યુની એક્ઝામ પાસ કરી અમદાવાદ કલેક્ટર ઓફિસમાં ક્લાર્ક બન્યા. ત્યાંથી ઈટાલિયાની બદલી ધંધૂકા સબ રજિસ્ટ્રાર કચેરીમાં રેવન્યુ ક્લાર્ક તરીકે થઈ. આ તેની છેલ્લી નોકરી.

એનું કારણ એક જ હતું કે તેમણે આક્રમક વિચારોને અમલમાં મૂકવાનું શરૂ કર્યું. 2017માં વિધાનસભાની ચૂંટણી આવી રહી હતી ત્યારે ઈટાલિયા ગાંધીનગર સચિવાલય પહોંચી ગયા. તક જોઈને તત્કાલીન ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા પર ચંપલનો ઘા કર્યો.

# ફોન બાબતના ઠપકામાં એકની એક દીકરીનો આપઘાત...!

## મોબાઇલમાં વ્યસ્ત રહેતાં રસોઈમાં વધુ મીઠું નાખી દેતાં પિતાએ ઠપકો આપ્યો ને દીકરીએ ફાંસો ખાઇ લીધો...

સુરત | સુરતના પાંડેસરામાં વધુ એક યુવતીનો મોબાઈલની લતના કારણે આપઘાત કર્યાનો બનાવ સામે આવ્યો છે. 18 વર્ષીય યુવતીએ સતત ફોનમાં વ્યસ્ત રહેતા ખાવામાં વધુ મીઠું નાખી દીધું હતું. આ બાબતે તેણીના પિતાએ ઠપકો આપતા માઠું લગી આવ્યું હતુ અને ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હતું. એકના એક સંતાન એવી દીકરીએ આપઘાત કરી લેતા પરિવાર ભારે આઘાતમાં સરી પડ્યો છે. 24 કલાકમાં સુરતમાં ફોન બાબતના ઠપકામાં બે દીકરીના આપઘાતના બનાવથી ચકચાર મચી જવા પામી છે.

મળતી માહિતી પ્રમાણે, મૂળ ઓડિશા અને પાંડેસરા વિસ્તારમાં આવેલા શિવ નગરમાં 18 વર્ષીય દીપા નટુભાઈ બીસવાલ પરિવાર સાથે રહેતી હતી. પિતા સંચાક કારીગર તરીકે કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. દીપા પરિવારનું એકનું એક જ સંતાન હતી. પરિવારે દીપાને ખૂબ જ પ્રેમથી મોટી કરી છે. હાલ દીપા માત્ર ઘરકામ કરી પરિવારને મદદરૂપ થતી હતી.




**પિતા ઘરે આવ્યા તો દીકરી લટકતી હતી :** માતા પણ મજૂરી કામ કરીને પરિવારને આર્થિક રીતે મદદરૂપ થઈ રહ્યા છે. ગતરોજ માતા કામ પર ગયા હતા, જ્યારે પિતા સાંજે ઘરે હતા અને સતત મોબાઈલમાં વ્યસ્ત રહેતી દીકરીથી રસોઈમાં મીઠું વધુ પડી ગયું હતું. જેથી પિતા દ્વારા મોબાઈલને લઈને ઠપકો આપવામાં આવ્યો હતો. ત્યારબાદ પિતા નોકરી પર જતા રહ્યા હતા. રાત્રે 9:00 વાગ્યા આસપાસ પરત ફરતા દીકરી લટકતી હાલતમાં મળી આવી હતી. પરિવારનું એકનું એક સંતાન એવી દીપાએ આકરું પગલું ભરી લેતા પરિવારમાં શોકનો માહોલ છવાઈ જવા પામ્યો છે. દીપાના પરિવારજનોએ જણાવ્યું હતું કે, મોબાઈલમાં તે સતત વ્યસ્ત રહેતી હતી.

## કાલાવડમાં પ્રેમ લગ્ન કરનાર યુવકની બહેનના પરિવારજનોનું યુવતીના પરિવારજનોએ અપહરણ કરી મારમાર્યો

જામનગર | કાલાવડ તાલુકાના ધૂનધોરાજી ગામમાં રહેતા એક યુવાને પ્રેમ લગ્ન કરી લીધા બાદ પ્રેમલગ્ન કરનાર યુવાનની બહેન-બનેવી સહિત ત્રણ વ્યક્તિનું એક બોલેરો કારમાં આવેલા ચાર શખ્સો અપહરણ કરી જતાં ભારે ચકચાર મચી છે. જે બનાવ અંગે કાલાવડ ગ્રામ્ય પોલીસમાં મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસ આરોપીઓને શોધી રહી છે.

કાલાવડ તાલુકાના ધૂનધોરાજીમાં રહેતો શખ્સ અને તેના પત્ની તેમજ પુત્રી કે જેઓ ત્રણેય પોતાની વાડીની ઓરડીમાં સુતા હતા, જે દરમિયાન એક કારમાં ચાર લોકો આવ્યાં હતા અને આ શખ્સના પુત્રને ઢોર માર માર્યો હતો. જે બાદ પરિવારના ત્રણ સભ્યોનું અપહરણ કરી લીધું હતું. ધૂનધોરાજીના યુવકનો સાળો કોઈ છોકરીને ભગાડી ગયો હતો. જેથી છોકરીના પરિવારજનોએ યુવકના બહેન-બનેવી સહિત ત્રણનું અપહરણ કર્યું હતું. જે અંગે પોલીસ ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે. આ અંગે કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશનના PI નિખિલ ડાભીએ જણાવ્યું હતું કે, જેનું અપહરણ થયું તેના પુત્રનો સાળો કોઈ છોકરીને ભગાડી ગયો હતો. જેથી છોકરીના પરિવારજનોએ ભગાડી જનાર યુવકની બહેનના પરિવારજનોનું અપહરણ કર્યું હતું.

## તિરુપતિ માર્કેટ ખાતે આવેલી પેઢીનાં ઉપરના માળે આગ લાગતાં અફરાતફરી મચી; પાલિકા ફાયરબ્રિગેડની ટીમે આગને કાબૂમાં લીધી



ઊંઝા |ઊંઝા શહેરમાં આવેલી તિરૂપતિ માર્કેટની પેઢી નંબર 14ના ઉપરના ભાગે સવારના સમયે અચાનક શૉર્ટ સર્કિટને લઇ આગ લાગી હતી. જેને લઈ ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. પાલિકાના ફાયર ફાઈટર દ્વારા આગને કાબૂમાં લેવાઈ હતી. આગને લઈ ઓફિસમાં રહેલો તમામ સામાન બળીને ખાખ થઇ જવા પામ્યો હતો. આ માર્કેટના પેઢી નંબર 14 પટવા રૂપેશ સુમિતલાલ નામની પેઢીના ઉપરના ભાગે સવારના સમયે અચાનક શૉર્ટ સર્કિટને લઇ આગ લાગી હતી. જેને લઈ ઊંઝા નગરપાલિકાની ફાયર ટીમને જાણ કરવામાં આવતા ફાયર ટીમના સોલંકી હિતેન્દ્ર તેમજ ફેનિલ પટેલ સહિતનો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચી ભારે જહેમત બાદ આગને કાબૂમાં લીધી હતી. આગને લઇ ઓફિસમાં રહેલો તમામ સામાન બળીને ખાખ થઇ જવા પામ્યો હતો.

## કાનસુધી-ચંચેલાવ રેલવે સ્ટેશન પરથી પસાર થતી ટ્રેનની અડફેટે 30 વર્ષીય યુવકનું મોત...

(એજન્સી) પંચમહાલ | તા. 06

ગોધરા શહેરના કાનસુધી અને ચંચેલાવ રેલવે સ્ટેશન વચ્ચે આવેલા રેલવે ટ્રેક પર ટ્રેનની અડફેટે અજાણ્યા ઈસમનું મોત નીપજ્યું હતું. બનાવની જાણ રેલવે પોલીસને થતાં તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને લાશ પર કબજો મેળવી અને પીએમ અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. હાલ તો પોલીસે અકસ્માતે મોત અન્વયે ફરિયાદ નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગોધરા રેલવે પોલીસમથકના એએસઆઇ દીપસિંહ કેસરીસિંહ એ પોતાની પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, એક અંદાજિત 30 વર્ષીય અજાણ્યો ઈસમ આજરોજ ગોધરા શહેરના કાનસુધી અને ચંચેલાવ રેલવે સ્ટેશન પરથી પસાર થતી દાહોદ વડોદરા મેમુ ટ્રેનની અડફેટે આવી જતાં તેનું મૃત્યુ નીપજ્યું હતું. પોલીસને બનાવની જાણ થતાં અજાણ્યા વ્યક્તિના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે મોકલ્યો હતો. પોલીસ દ્વારા અજાણ્યા વ્યક્તિના



મૃતદેહની ઓળખ કરવા પ્રયત્નો હાથ ધર્યા હતા. જેમાં એક અજાણ્યો પુરુષ (ઉં.વ.30)ના બદનમાં સફેદ કલરનું આખી બાયનું શર્ટ અને કાળા કલરનું જેકેટ તથા કમરે બ્લુ કલરનું જિન્સપેન્ટ પહેર્યું છે. રંગે ઘઉંવર્ણનો ઉંચાઇ 5*5 અને મધ્યમ બાંધાનો છે તો હાથ પર નામ છૂંદરાયેલું છે.

## પરિણીતાને ઓફિસ પર બોલાવી દુષ્કર્મ આચર્યું

વડોદરા | જિલ્લાના ભાદરવા પોલીસ મથકમાં ઈંટોના ભઠ્ઠાની ઓફિસમાં પરિણીતા પર દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાની ચકચારી ઘટના સામે આવી છે. આ ઘટનામાં બે ભાઈઓ દ્વારા પીડિતાને બે મહિનાથી પરેશાન કરવામાં આવતી હતી. એક ભાઈ દ્વારા તેનો પીછો કરીને અઘટિત માંગણી કરવામાં આવી હતી. ત્યાર બાદ બીજા ભાઈએ તેને ક્રિસમસના દિવસે કામના બહાને બોલાવીને તેની મરજી વિરૂદ્ધ દુષ્કર્મ આચર્યું હતું અને ત્યા બાદ પીડિતાને મોઢું બંધ રાખવા ધમકી આપવામાં આવી હતી. આ બનાવ અંગે ભાદરવા પોલીસ મથકમાં બે ભાઈઓ સામે ફરિયાદ નોંધાતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

ભાદરવા પોલીસ મથકમાં દુષ્કર્મનો ભોગ બનેલી પીડિતાએ નોંધાવેલી ફરિયાદ અનુસાર, કાળુ શરમતુલ્લા પઠાણ (રહે. નવાયાર્ડ, ચિસ્તિયાનગર, વડોદરા) દ્વારા વિતેલા બે મહિનાથી તેની છેડતી કરવામાં આવતી હતી. કાળું પીડિતાની પાછળ જ પડી ગયો હતો. પીડિતા કુદરતી હાજતે જાય ત્યારે તે પણ તેનો પીછો કરતો હતો. અને શારીરિક સંબંધ બાંધવાની માંગણી કરતો હતો. જો કે, પીડિતા તેના તાબે થઇ ન હતી.

## રાજકોટમાં શરદી-ઉધરસના 1082 અને તાવનાં 773 સહિત 2015 કેસ નોંધાયા

(એજન્સી) રાજકોટ | તા.06

રાજકોટમાં છેલ્લા કેટલાક દિવસોથી ઠંડીમાં વધારો થતાં રોગચાળો વકરી રહ્યો છે. જેમાં શરદી- ઉધરસનાં કેસોમાં વધારો સતત યથાવત છે. ત્યારે છેલ્લા સપ્તાહમાં પણ શરદી-ઉધરસનાં 1082 કેસો નોંધાયા છે. જોખમી ટાઈફોઈડ તાવનાં 2 તેમજ ડેંગ્યુ અને મેલેરિયાનાં 1-1 કેસ મળીને કુલ 2015 કેસ નોંધાયા છે. જેને લઈને આરોગ્ય વિભાગ સતર્ક બન્યું છે અને મચ્છરની ઉત્પત્તિ અટકાવવા હાલ શહેરમાં ફોગીંગ સહિતની કામગીરી વધુ ઝડપી કરવામાં આવી છે. તેમજ લોકોને પણ સાવધાની રાખવા અપીલ કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગત મુજ, છેલ્લા સપ્તાહમાં મનપા સંચાલિત આરોગ્ય કેન્દ્રોમાં દર્દીઓ મોટી સંખ્યામાં ઉમટી પડતા લાંબી કતારો જોવા મળી હતી. મનપાનાં ચોપડે વિવિધ રોગોનાં 2015 કેસ નોંધાયા હતા. જેમાં શરદી-ઉધરસનાં 1082 કેસ, ઝાડા-ઉલટીનાં 156, સામાન્ય તાવનાં 773કેસ નોંધાયા છે. આ ઉપરાંત અતિ જોખમી ગણાતા ટાઈફોઈડ તાવનાં 2 કેસ નોંધાયા છે. જ્યારે મચ્છરજન્ય રોગચાળામાં ડેંગ્યુ તેમજ મેલેરિયાનાં 1-1 કેસ સામે આવતા આરોગ્ય વિભાગ પણ વધુ સતર્ક બન્યો છે. આ આંકડાઓ સરકારી આરોગ્ય કેન્દ્રોનાં છે. જોકે ખાનગી ક્લિનિકોને ધ્યાનમાં રાખીએ તો કુલ દર્દીનો આંકડો 10,000 કરતા વધુ હોવાની શક્યતા છે. મનપાનાં આરોગ્ય અધિકારી ડો. જયેશ વાંકાણીએ જણાવ્યું હતું કે, હાલમાં શિયાળાની ઠંડીમાં વધારો થતાં શરદી-ઉધરસ તેમજ તાવનાં કેસો સામે આવી રહ્યા છે. ત્યારે લોકોએ બહારનો ખોરાક લેવાથી દૂર રહેવાની સાથે ગરમ પાણીનું સેવન કરવું જોઈએ.

સામાન્ય સૂકી ઉધરસ માટે હળદરનો ઉપયોગ કરવો એ હિતાવહ છે. ઉપરાંત જો કોઈપણ પ્રકારે તબિયત વધુ લથડતી લાગે તો તરત જ મનપાનાં આરોગ્ય કેન્દ્રો અથવા સિવિલ હોસ્પિટલમાં નિષ્ણાંત ડૉક્ટર્સની સલાહ લઈ તે મુજબની દવા કરવી જરૂરી છે.

## બંધ મકાનમાંથી મહિલાની કોહવાયેલી લાશ મળી : અસહ્ય દુર્ગંધ આવતા લોકોએ પોલીસને જાણ કરી; પતિ બે દિવસથી ફરાર, હત્યામાં તેની સંડોવણીની આશંકા...

(એજન્સી) સુરત | તા. 06

સુરતના પાંડેસરા વિસ્તારમાં હત્યાના શંકાસ્પદ બનાવે ચકચાર મચાવી છે. કર્મયોગી સોસાયટીના એક રૂમમાંથી 35 વર્ષીય લક્ષ્મીબેન કૃષ્ણા સ્વાઈની કોહવાય ગયેલી લાશ મળતા સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. પોલીસ દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, લક્ષ્મીબેનની લાશ ઘરની અંદરથી મળી આવી છે, મકાન બહારથી બંધ હતું. પતિ બે દિવસથી કોઈ સંપર્કમાં ન હોવાથી મહિલાની હત્યામાં તેની સંડોવણી હોવાની પોલીસ દ્વારા આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. કર્મયોગી સોસાયટીના પ્લોટ નંબર 457-58 ખાતે આવેલા રૂમમાંથી અસહ્ય દુર્ગંધ આવતાં આજુબાજુના રહીશોએ શ્વાસ લેવા સુધી મુશ્કેલીઓ અનુભવી રહ્યાં હતાં. આ અસહ્ય સ્થિતિને કારણે લોકોએ પાંડેસરા પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચી અને રૂમના દરવાજા પર લાગેલું લોક તોડી અંદર પ્રવેશતા પલંગ પર લક્ષ્મીબેનનો મૃતદેહ કોહવાયેલી હાલતમાં મળી આવ્યો હતો. હત્યાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં ખુલ્યું છે કે, મહિલાના પતિએ છેલ્લા બે દિવસથી તેની સાથે સંપર્ક તોડ્યો હતો અને તે બંને દિવસથી ગાયબ છે. પોલીસને આશંકા છે કે, પતિએ લક્ષ્મીબેનની હત્યા કર્યા બાદ ઘરની બહારથી લોક મારી ભાગી ગયો હશે. રહેવાસીઓએ જણાવ્યું કે, પતિ અને પત્ની વચ્ચે પાછલા દિવસોમાં તનાવભર્યા સંબંધો જોવા મળ્યા હતા, જે હત્યાની શંકાને મજબૂત બનાવે છે.

પોલીસે સ્થળ પર તપાસ કરી જરૂરી પુરાવાઓ એકત્ર કર્યા છે અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે નવી સિવિલ હોસ્પિટલમાં મોકલી આપ્યો છે. એસીપી ઝેડ. આર. દેસાઈએ જણાવ્યું હતું કે, આ ઘટનામાં હત્યાની આશંકા છે, પણ મોતનું સાચું કારણ પોસ્ટમોર્ટમ રિપોર્ટ મળ્યા બાદ જ સ્પષ્ટ થશે. હાલમાં પાંડેસરા પોલીસ પતિની શોધખોળ કરી રહી છે અને તે ઝડપાઈ ગયા પછી જ સમગ્ર ઘટનાની હકીકત સામે આવશે.www

## પોલીસ બંદોબસ્ત સાથે પાલિકા દ્વારા નવા ટીપી રોડ પરના દબાણો દૂર કરવાની કામગીરી શરૂ કરાઇ...

# હિંમતનગરમાં દબાણો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી







સાબરકાંઠા | હિંમતનગરના મહાવીરનગરમાં જે. પી.મોલથી ગાયત્રી મંદિર સુધીના 12 મીટરના ટીપી રોડ પરના દબાણો હટાવવા માટેની કામગીરી આજે પાલિકાના સીઓ સહિત અધિકારીઓ અને પોલીસ બંદોબસ્ત સાથે શરૂ કરાઈ હતી.

આ અંગેની વિગત એવી છે કે, હિંમતનગરમાં નગરપાલિકા દ્વારા જે.પી.મોલથી ગાયત્રી મંદિર સુધીના નવા 12 મીટરના ટીપી રોડનું હિંમતનગરના ધારાસભ્ય વી.ડી.ઝાલાના હસ્તે કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ પાલિકા દ્વારા કામગીરી શરૂ કરવાને લઈને આ 12 મીટર પહોળા અને 150 મીટર લંબાઈનો રૂ 39 લાખના ખર્ચે નવો ટીપી રોડ બનશે, જેને લઈને સોમવારે હિંમતનગર નગરપાલિકાના ચીફ ઓફિસર ઉપેન્દ્ર ગઢવી, ટીપીના ચેરમેન, પાલિકાના દબાણ-બાંધકામ અને ટીપી વિભાગના અધિકારીઓ, એન્જીનીયર દ્વારા હાજર રહીને 12 મીટર પહોળાઈમાં આવતા 7થી વધુ પાકા દબાણો પોલીસ બંદોબસ્ત સાથે જેસીબી વડે હટાવવાની શરૂઆત કરી હતી. દબાણમાં ઘર આગળના કમ્પાઉન્ડ ઉપરાંત કમ્પાઉન્ડ સાથે ઘરનો ભાગ સહિતના દબાણો બ્રેકર અને જેસીબી વડે હટાવવાની શરૂઆત કરી હતી. દિવસ દરમિયાન તમામ દબાણો હટાવવામાં આવશે. આગામી સમયમાં રોડ બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવશે.

# કેવડિયાના જંગલમાં દીપડાએ કાળિયાર હરણનું કર્યું મારણ



## એક કાળિયારના મોત બાદ આઘાતમાં અન્ય સાત કાળિયારના મોત

(એજન્સી) કેવડિયા । તા. 06

ગુજરાતના શૂલપાણેશ્વર વન્યજીવ અભયારણ્યમાં એક ખૂબ જ વિચિત્ર અને પીડાદાયક ઘટના સામે આવી છે. દીપડાએ કાળિયાર હરણનો શિકાર કરતા કાળિયારનું મોત થયું. ઘટના બાદ અન્ય સાત કાળિયારના મૃતદેહ મળી આવ્યા હતા. મળતી માહિતી મુજબ, એક સાથીના મોત પછી આઘાતના કારણે અન્ય સાત કાળિયારના મોત નીપજ્યા હતા. ઘટના 1 જાન્યુઆરીની હોવાનું જાણવા મળ્યું છે. સમગ્ર મામલે વન વિભાગના અધિકારીઓ વધુ તપાસ હાથ ધરી. ગુજરાતના શૂલપાણેશ્વર વન્યજીવ અભયારણ્યમાં એક કાળિયારના શિકાર બાદ અન્ય સાત કાળિયારના મોતને લઈને વન વિભાગ દ્વારા તપાસ ચાલી રહી છે. તમને જણાવી દઈએ કે, કાળિયાર બહુ જ સંવેદશીલ પ્રાણી છે. જ્યારે બિશ્નોઈ સમાજ માટે આ પ્રાણી પુજનીય છે. મીડિયા અહેવાલ મુજબ, અભયારણ્યની બોર્ડર ક્રોસ કરીને આવેલા દીપડાએ કેવડિયા જંગલ વિસ્તારમાં કાળિયારનો શિકાર કર્યો હતો. આ વિસ્તાર સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે આવેલો છે.

### વન વિભાગના અધિકારીએ શું કહ્યું?

જંગલમાં અન્ય સાત કાળિયારના મૃતદેહ મળી આવ્યા હતા. મળતી માહિતી મુજબ, સાથીના મોતના આઘાતમાં અન્ય કાળિયારોના પણ મોત થયા. વન વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે, 'તમામ કાળિયારનું પોસ્ટમોર્ટમ કર્યા બાદ અંતિમ સંસ્કાર કરવામાં આવ્યું. આસપાસના જંગલ વિસ્તારોમાં દીપડાઓ જોવા મળે છે, પરંતુ પહેલી વખત સફારીમાં દીપડો પ્રવેશવામાં સફળ રહ્યો હતો.' વન વિભાગના અધિકારીએ કહ્યું કે, 'પાર્કમાં લગાવેલા 400 સીસીટીવી કેમેરા વડે સતત દેખરેખ રાખવામાં આવે છે. દીપડાના પ્રવેશ અંગેની જાણકારી પણ મળી ગઈ છે અને સુરક્ષાકર્મીઓને એલર્ટ કરી દેવામાં આવ્યા છે. આ પછી દીપડો ભાગી ગયો હતો. જો કે, તે હાલ નજીકમાં જ ક્યાંક છૂપાયો હશે. આ ઘટના પછી પાર્કને 48 કલાક માટે બંધ કરી દેવામાં આવ્યો છે.'

### વિરોધ પ્રદર્શન અને આંદોલનને રાજ્ય વ્યાપી બનાવાશે

## આણંદ મહાનગરપાલિકામાં સમાવેશના વિરોધમાં કરમસદ બંધ



### બંધને જીટોડિયાના પૂર્વ સરપંચનું સમર્થન

આણંદ મ્યુનિ.કોર્પો.માં કરમસદને સમાવેશના પગલે સોમવારે કરમસદ બંધને જીટોડિયાના પૂર્વ સરપંચે પણ સમર્થન આપ્યું હતું. જેથી હવે રાજકીય ગરમાવો વધી ગયો છે. સોમવારે કરમસદની સ્કૂલો કોલેજો સહિત તમામ બજારો સ્વૈચ્છિક રીતે બંધના એલાનમાં જોડાય તેવી સંભાવનાઓ છે.

### સરદાર પટેલનું અસ્તિત્વ ટકાવી રાખવા ગામેરું યોજાયું આગામી દિવસોમાં સહી ઝૂંબેશ ચલાવવા નિર્ણય

(એજન્સી) આણંદ । તા. 06

આણંદ મહાનગરપાલિકામાં કરમસદને સમાવવાના વિરોધ માટે આજે કરમસદના ગ્રામજનોએ ગામેરું યોજ્યું હતું. જેમાં તમામ પક્ષ અને જ્ઞાતિના લોકોએ ભેગા મળી સરકાર પુનઃ વિચારણા કરી કરમસદ મહાનગરપાલિકા અથવા તાલુકાનો દરજ્જો આપવા માંગણી કરી હતી. સોમવારે કરમસદ બંધનું એલાન પણ જાહેર કરાયું છે. આગામી દિવસોમાં વિવિધ કાર્યક્રમો થકી વિરોધ પ્રદર્શન કરવાનો નિર્ણય પણ લેવાયો છે.

કરમસદમાં સરદાર સન્માન સંકલ્પ આંદોલન સમિતિ કરમસદ - ગુજરાત દ્વારા રવિવારે સવારે ૧૦ કલાકે સરદાર વલ્લભભાઈ પટેલના ગામ કરમસદને બચાવવા માટે ગ્રામજનોએ પક્ષ અને નાત- જાતનો ભેદ મીટાવી કરમસદની સ્વતંત્યતા માટે એક સૂત્રમાં જોડાઈ ગામેરું યોજી આંદોલનનો આરંભ કર્યો હતો.

આણંદ મ્યુનિ.કોર્પો. જાહેર થતા કરમસદમાં સરદાર પટેલના અસ્તિત્વનો નાશ પામશે તેવી સંભાવનાઓને આધારે આજે યોજાયેલા ગામેરું કાર્યક્રમમાં માંગણી કરાઈ હતી કે, સરકાર નિર્ણય અંગે પુનઃ વિચારણા કરે અને સરદાર પટેલના ગામ કરમસદને સ્વતંત્ય કરે. આગામી દિવસોમાં સહી અભિયાનની ઝૂંબેશ ચલાવાશે તેમજ અન્ય કાર્યક્રમો આપી વિરોધ પ્રદર્શન અને આંદોલનને રાજ્ય વ્યાપી વિસ્તરણ કરવાનો કાર્યક્રમમાં નિર્ણય લેવાયો હતો. સરદાર પટેલના વતન કરમસદનો આણંદ મહાનગર પાલિકામાં બળજબરી પૂર્વક સમાવેશના અન્યાય સામે તા. ૬ઠ્ઠીને સોમવારે કરમસદ ગામ બંધનું એલાન જાહેર કરી તમામ વેપારીઓ સહિત ફેરિયાઓએ સફળ બનાવવા આહવાન કરાયું હતું.

### ત્રણ શખ્સો વિરૂદ્ધ પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ

## નડિયાદની મહિલાને કેનેડાના વિઝા અપાવવાનું કહી 25 લાખની ઠગાઈ

(એજન્સી) નડિયાદ । તા. 06

નડિયાદ મિશન રોડ પર રહેતી મહિલાને કેનેડાના વિઝા અપાવવાનો વિશ્વાસ આપી ઓવરસીઝ કંપનીએ રૂપિયા ૨૫ લાખની છેતરપિંડી કરી હતી. આ બનાવ અંગે નડિયાદ પશ્ચિમ પોલીસે વિઝાનું કામ કરતી ત્રિપૂટી સામે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. નડિયાદ તાલુકો નડિયાદ મિશન રોડ પર મિલાપ નગરી સોસાયટીમાં રહેતા વૈભવીબેન આનંદ અમૃતભાઈ ઠાકોર મહેન્દ્ર કોટક બેંકમાં સિનિયર જનરલ મેનેજર તરીકે નોકરી કરે છે. જ્યારે તેમના પતિ ખાનગી શાળામાં શિક્ષકની નોકરી કરે છે. વૈભવીબહેન અને તેમના પતિને કેનેડા આલ્બર્ટા જવા માટે નડિયાદ પીપલગ રોડ ઉપર ઓમહાર્મની કોમ્પ્લેક્સમાં આવેલી બ્લુ સ્ટોન ઓવરસીઝ પ્રાઈવેટ લિમિટેડ કંપનીનો સંપર્ક કરતા વિઝાનું કામ કરતા અનિલ સુનિલભાઈ પટેલ અને યશ સુનિલભાઈ પટેલે વિઝા ૧૫ દિવસમાં અપાવવાનો વિશ્વાસ આપ્યો હતો. જેથી આ દંપતીએ તા.૨૫/૮/૨૩ ના રોજ રૂ. સાત લાખ તા.૧૦/૪/૨૪ સાત લાખ, તા. ૨૫/૬/૨૪એ રૂ.૧૧ લાખ રૂપિયા મળી કુલ રૂપિયા ૨૫ લાખ ચૂકવ્યા હતા. ત્યારબાદ આ એજન્ટે આલ્બર્ટના વિઝા નહીં મળે કહી ઓફર લેટરમાં ખોટી સહી કરી બ્રિટિશ કોલમ્બિયાનો વોટ્સઅપ પર લેટર મોકલી આપ્યો હતો. આમ ઓવરસીઝ કંપનીની ત્રિપૂટીએ વિઝાનું કામ ન કરી તેમજ પૈસા પરત ન આપી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી.

આ બનાવ અંગે વૈભવીબેન ઠાકોરની ફરિયાદના આધારે નડિયાદ પશ્ચિમ પોલીસે અભી સુનિલભાઈ પટેલ, યસ સુનિલભાઈ પટેલ તેમજ અજાણ્યા મોબાઈલ નંબરના ધારક સામે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

### તારે અમારો કેસ લડવો જ પડશે કહી હુમલો કર્યો

## ઔરંગાબાદના વકીલ અને અસીલ વચ્ચે તકરાર : વકીલને ચાર શખ્સોએ માર માર્યો

(એજન્સી) ગાંધીનગર । તા. 06

ગાંધીનગર કોર્ટમાં ચેક રિટર્નના કેસની મુદત ભરવા માટે મહારાષ્ટ્રના ઓરંગાબાદથી વકીલ અસીલ અને તેના ભાઈ તેમજ પિતા આવ્યા હતા. આ દરમિયાન અસીલ અને વકીલ વચ્ચે તકરાર થતા આ ચાર શખ્સો દ્વારા વકીલને માર મારવામાં આવ્યો હોવાની ઘટના બહાર આવી છે. જે સંદર્ભે સેક્ટર ૨૧ પોલીસે ગુનો દાખલ કરીને તપાસ હાથ ધરી છે. મહારાષ્ટ્રના ઓરંગાબાદ ખાતે રહેતા અને ડીસ્ટ્રીક કોર્ટમાં વકીલાત કરતા સંકેત પોપટરાવ જાદવ દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી કે, તેમના અસીલ ગણેશ કુંડલીક ફાળકે,રહે નારાલા ઓરંગાબાદ મહારાષ્ટ્રને ગાંધીનગર કોર્ટમાં ચેક રિટર્નનો કેસ ચાલતો હોવાથી ગત ગુરુવારે તેમના સહાયક વકીલ તેમજ ગણેશ ફાળકે તેના પિતા કુંડલીક ફાળકે અને ભાઈ મનોજ ગાંધીનગર આવવા માટે નીકળ્યા હતા અને જ્યાં શુક્રવારે ગાંધીનગર કોર્ટમાં પહોંચ્યા હતા.

આ દરમિયાન અરજદારને ૫૦ હજાર રૂપિયા ઓનલાઈન ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. જેથી ગણેશએ વકીલને કહ્યું હતું કે મેં તમારા કહેવાથી ફરિયાદીને ઓનલાઈન રૂપિયા આપ્યા છે. જે પૈસા આપણે કોર્ટમાં આપવાના હતા.જેથી વકીલ અને ગણેશ વચ્ચે તકરાર થઈ હતી અને ત્યારબાદ આ તમામ વ્યક્તિઓ હોટલમાં ગયા હતા. આ દરમિયાન રાત્રે વકીલ સંકેત જાદવ અને તેનો સાથી વકીલ ત્યાંથી બસ સ્ટેન્ડ તરફ જવા માટે નીકળી રહ્યા હતા તે દરમિયાન ગણેશ તેનો ભાઈ મનોજ, પિતા કુંડલી ફાળકે તેમજ પરમેશ્વર થોરત નામનો વ્યક્તિ ત્યાં આવ્યા હતા અને તારે અમારો કેસ લડવો જ પડશે તેમ કહીને ગળદા પાટુનો માર માર્યો હતો. જેથી વકીલ સંકેત જાદવ દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર લેવામાં આવી હતી અને આ સંદર્ભે સેક્ટર ૨૧ પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે.

### ચાર શખ્સો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવાઈ

## મહુધાના ખાંડીવાવ પાસે સાઈકલ સાથે ટકરાતા બાઈક સવાર બેને ફટકાર્યા

(એજન્સી) નડિયાદ । તા. 06

મહુધા તાલુકાના ખાંડીવાવ રોડ ઉપરથી પસાર થતી બાઈક સાયકલ સાથે અથડાતા કિશોર પડી ગયો હતો. આ નજીવી બાબતે ચાર ઈસમોએ બાઈક સવાર બંને યુવાનોને ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બનાવ અંગે મહુધા પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.મહેમદાવાદ તાલુકાના રુદણ તાબેના પઠાણપુરામાં રહેતા અફઝલખાન સોકત ખાન પઠાણ તેમજ તેમના કાકાનો દિકરો ફારૂકખાન અસદખાન પઠાણ તા.૧ની સાંજે મોટર સાયકલ લઈને કઠલાલ ખરીદી કરવા જતા હતા. દરમિયાન ખાંડીવાવ સ્મશાન પાસે રોડની સાઈડમાં આવેલ નાળીયામાંથી એક નાનો છોકરો એકદમ સાઇકલ લઈને રોડ પર આવતા મોટર સાયકલ અડી હતી. જેથી સાયકલ સવાર છોકરો રોડ પર પડી ગયો હતો. જ્યારે બાઈક ચાલકે બ્રેક મારતા બાઈક સવાર બંને બાઈક સાથે પડી જઈ રોડ ઉપર ઢસડાયા હતા. આ અકસ્માત સર્જાતા નજીકમાં રહેતા લાલાભાઈ અંબુભાઈ ચૌહાણ તથા વિક્રમભાઈ ચૌહાણ એસ.આર.પી વાળાએ આવી છોકરાને ઉભો કરેલ અને બન્ને યુવકોએ ઉશ્કેરાઈ જઈ ગાળો બોલી ફારુક પઠાણને ગળદાપાટુનો માર મારવા લાગેલ ત્યારે છોડાવવા વચ્ચે પડેલ અફજલખાનને મેહુલભાઈ ચૌહાણ તથા તુષારભાઈ ચૌહાણએ આવી ગળુ પકડી લીધું હતું તેમજ ગળદાપાટુનો માર મારી ધમકી આપી હતી.આ બનાવ અંગે અફઝલ ખાન સોકતખાન પઠાણની ફરિયાદના આધારે મહુધા પોલીસે લાલાભાઈ અંબુભાઈ ચૌહાણ, વિક્રમભાઈ ચૌહાણ, મેહુલભાઈ ચૌહાણ તેમજ તુષાર ચૌહાણ સામે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

### ખેડા જિલ્લા આરોગ્ય વિભાગે ખૂલાસો માંગ્યો

## પતરાના શેડમાં ચાલતી મહેમદાવાદની વેદ હોસ્પિટલ અને બે કર્મચારીને નોટિસ

નડિયાદ : મહેમદાવાદમાં પીએમજેએવાય હેઠળ ચાલતી વેદ હોસ્પિટલે નિયમોનો ભંગ કરી અને પતરાના શેડમાં ચલાવાતી હોવાનો ખુલાસો થયો હતો. આ બાબતે જિલ્લા આરોગ્ય વિભાગે બે કર્મચારીઓ સહિત હોસ્પિટલ પ્રશાસનને નોટિસ ફટકારી ખુલાસો માંગ્યો છે.મહેમદાવાદમાં ખાત્રજ ચોકડી પાસે વેદ મલ્ટિસ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ આવેલી છે. અગાઉ આ હોસ્પિટલ તેના મૂળ બાંધકામમાં ચાલતી હતી. તે વખતે આ હોસ્પિટલનો પીએમજેએવાય યોજના હેઠળ સમાવેશ કરાયો હતો. છેલ્લા દોઢેક વર્ષથી હોસ્પિટલના સંચાલકો દ્વારા પોતાની હોસ્પિટલનું મૂળ બિલ્ડિંગ સમારકામ કરવા માટે તોડી નાખી બાજુમાં પતરાનો શેડ મારી અને ત્યાં હોસ્પિટલ ચાલુ કરી દીધી હતી. હોસ્પિટલ પ્રશાસને પોતાનો લૂલો બચાવ કરતા જણાવ્યું હતું કે, આ મામલે આરોગ્ય વિભાગને જાણ કરી હતી. જો કે, આરોગ્ય વિભાગના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ હોસ્પિટલ પ્રશાસન દ્વારા જે-તે સમયે માત્ર બે લાઈન લખી મેલ કરી દીધો હતો. જે વ્યાજબી નથી. તેમ છતાં આ સબંધે જવાબદાર બે કર્મચારીઓને નોટિસ પાઠવી છે અને હોસ્પિટલને પણ નોટિસ પાઠવી છે.

**વિભાગને જાણ કરી હોવાનો હોસ્પિટલ પ્રશાસનનો દાવો બે લાઈનનો મેલ વ્યાજબી નથી : આરોગ્ય તંત્ર**

જો કે, આ સમગ્ર મામલે આરોગ્ય કેન્દ્રનો અન્ય એક કોન્ટ્રાક્ટ પરના કર્મચારી જેની સંપૂર્ણ જવાબદારી બનતી હતી તે મિલાપ પટેલ નામનો કર્મી હતો. જેણે વેદ હોસ્પિટલ મામલે મેલ ધ્યાને લઈ અને આગળની કાર્યવાહી કરી નહોતી અને તે સમયે સબંધિત અધિકારીઓનું પણ ધ્યાન દોર્યુ નહોતું. હાલ તે ખ્યાતિકાંડમાં પીએમજેએવાય યોજનામાં કૌભાંડના કેસમાં આરોપી તરીકે પોલીસ કસ્ટડીમાં છે. ત્યારે હવે વેદ હોસ્પિટલ મામલે આરોગ્ય વિભાગ આગામી સમયમાં શું કાર્યવાહી કરે છે, તેની પર સૌની નજર છે.

### ૨૫ લાખના બાકી ભાડામાંથી ૨૧ લાખ રૂપિયા વસૂલી લેવામાં આવ્યા

## બાકી ભાડાની વસૂલાત માટે કડક કાર્યવાહી : વધુ ત્રણ દુકાનો સીલ



(એજન્સી) ગાંધીનગર । તા. 06

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા હાલ વિવિધ એકમોના બાકી ભાડા મામલે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે ત્યારે ગાંધીનગરના સેક્ટર ૨૧ માં લાંબા સમયથી ભાડું નહીં ભરનાર ત્રણ જેટલી દુકાનોને સીલ કરવામાં આવી છે અને આગામી દિવસમાં પણ આ કાર્યવાહી ચાલુ રાખવામાં આવનાર છે.ગાંધીનગર મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા દ્વારા મહાનગરપાલિકા હસ્તકની મિલકતોના ભાડુઆતો પાસેથી ભાડુ વસૂલવા કડક પગલાં લેવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત, સેક્ટર-૨૧ ખાતે લાંબા સમયથી ભાડું ન ભરતા મિલકતોના ભાડુઆતો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મહાનગરપાલિકા દ્વારા આવા ભાડુઆતોને વારંવાર નોટિસ આપવા છતાં પણ ભાડુ ભરવામાં ન આવતાં કુલ ૨૦ મિલકતો કે જેનું કુલ ભાડું રૂ. ૨૫ લાખ જેટલું બાકી હતું તેમાંથી પ્રથમ તબક્કે કુલ ૩ મિલકતોને સીલ કરવામાં આવી હતી. આ કાર્યવાહીના પરિણામે બાકીના ભાડુઆતો દ્વારા તાત્કાલિક ચેક દ્વારા ભાડાની ભરપાઈ કરવામાં આવી હતી. એસ્ટેટ શાખા દ્વારા કુલ રૂ. ૨૧ લાખની વસૂલાત કરવામાં આવી છે.ગાંધીનગર મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા દ્વારા આગામી દિવસોમાં પણ આવી જ કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે અને જે ભાડુઆતો ભાડું ભરવામાં નહીં આવે તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આ દુકાનદારોને વારંવાર નોટિસ આપવામાં આવી હતી. તેમની સાથે બેઠક કરીને કડક સૂચના પણ આપવામાં આવી હતી. તેમ છતા ભાડું ન ચુકવનાર દુકાનો સીલ કરવામાં આવી છે. આગામી ૭ દિવસમાં તમામ બાકીદારોની દુકાનો સીલ કરવાની પણ કાર્યવાહી કરવામાં આવશે તેમ એસ્ટેટ વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

## પોલીસ ભવનની ઓળખ આપીને બદલીઓના નામે ઉઘરાણા કરતો નકલી ક્લાર્ક શહેરમાંથી ઝડપાયો

(એજન્સી) ગાંધીનગર । તા. 06

અલગ અલગ જિલ્લાના પોલીસ મથકોમાં ફોન કરીને બદલી ઈચ્છુક પોલીસ જવાનોને પોલીસ ભવનનો ક્લાર્ક હોવાની ઓળખ આપીને તેમની પાસેથી રૂપિયા ઉભરાવતા નકલી ક્લાર્કને ગાંધીનગર એલસીબી દ્વારા સચિવાલય પાસેથી ઝડપી લેવામાં આવ્યો છે અને તેની પૂછપરછ શરૂ કરવામાં આવી છે. આ અંગે સેક્ટર ૭ પોલીસમાં ગુનો પણ દાખલ કરવામાં આવ્યો હતો. ગુજરાત રાજ્યના અલગ અલગ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓની આંતર જિલ્લા બદલીની કાર્યવાહી પોલીસ ભવન કચેરી ગાંધીનગરથી કરવામાં આવતી હોય છે. ત્યારે બદલી કરાવવા ઈચ્છુક પોલીસ કર્મચારીઓની માહિતી મેળવીને જન્મેજયસિંહ પ્રવિણસિંહ ઝાલા, (હાલ રહે. સેક્ટર-૨૬ ગાંધીનગર મૂળ દેધરોટા ગામ તાલુકો હિંમતનગર) સામેથી સંપર્ક કરી પોતાની ઓળખ ગાંધીનગર પોલીસ ભવનની બી બ્રાન્ચના ક્લાર્ક તરીકે આપી ઠગાઈ કરતો હોવાની બાતમી ગાંધીનગર એલસીબીને મળી હતી. જેના પગલે એલસીબીએ ગાંધીનગર સચિવાલય ગેટ ૪થી પોલીસ ભવન તરફ રોડ ઉપર વોચ ગોઠવીને ઠગ જન્મેજયસિંહને ઝડપી લીધો હતો. જેની પ્રાથમિક પૂછપરછમાં પોતે ધોરણ-૧૨ પાસ તેમજ પોલીસ ભવનમાં નોકરી નહીં કરતો હોવાનું સામે આવ્યું હતું. જેનાં મોબાઈલમાં વોટ્સએપમાં અલગ અલગ પોલીસ કર્મચારીઓ સાથે બદલી કરાવી આપવા અંગેની ચેટ તેમજ અલગ અલગ પોલીસ કર્મચારીઓ પાસેથી રોકડ, ફોન પે, ગુગલ પે જેવી એપ્લિકેશન માધ્યમથી બદલી કરાવવાના નામે રૂપિયા મેળવવામાં આવ્યા હોવાની પણ વિગતો તપાસમાં બહાર આવી હતી. જેથી તેની સામે ગાંધીનગરના સેક્ટર ૭ પોલીસ મથકમાં ગુનો પણ દાખલ કરવામાં આવ્યો છે.આ અંગે એલસીબી પોલીસ ઈન્સ્પેક્ટર ડી.બી વાળાએ જણાવ્યું હતું કે, આરોપી જન્મેજયસિંહ પોલીસ મથકમાં પીએસઓને ફોન કરતો હતો અને તેમના પોલીસ મથકમાં જે જવાનોની બદલી કરવાની હોય તેમની વિગતો મેળવી અને ત્યારબાદ તેમની અરજી મંગાવીને રૂપિયા લઈ વહીવટ કરતો હતો. હાલ તેના રિમાન્ડ લેવા માટેની તજવીજ પણ શરૂ કરવામાં આવી છે.અગાઉ સીસીસી પ્લસના બોગસ સર્ટીમાં પણ પકડાયો હતો.પોલીસ ભવનના બોગસ ક્લાર્ક તરીકે ઝડપી લેવામાં આવેલા આરોપી જન્મેજયસિંહ ઝાલા સામે અગાઉ ગાંધીનગરમાં પણ સીસીસી પ્લસના બોગસ સર્ટી આપવા સંદર્ભે પણ ગુનો દાખલ થયો હતો હાલ તેની અન્ય કોઈ ગુનાઓમાં સંડોવણી છે કે નહીં તે અંગે પણ એલસીબી દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

## આપનો આજનો દિવસ

**મેષ (અ,લ,ઇ)**
અસુરક્ષિતતા/દિશાહિનતાની ભાવના અસ્થિરતા સર્જી શકે છે. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા. પરિવારના સભ્યો સાથે કેટલીક હળવાશભરી પળો વિતાવો.

**વૃષભ (બ,વ,ઉ)**
આજે તમને ઘેરી વળનાર લાગણીશીલ મૂડમાંથી તમારે બહાર આવવાની ઈચ્છા ધરાવતા હો તો તમારે ભૂતકાળને ભૂલવો પડશે. આજે કોઈ જૂનો મિત્ર તમારા થી નાણાકીય મદદ માંગી શકે છે.

**મિથુન (ક,છ,ઘ)**
તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. તમારા મિત્રો તથા પરિવારના સભ્યો સાથે એક સાંજનું આયોજન કરો.

**કર્ક (ડ,હ)**
તમારા બાળકનો દેખાવ તમને અનહદ આનંદ આપશે. એમ તો આજે નાણાકીય પક્ષ સારું રહેશે પરંતુ તમને આ પણ ધ્યાન રાખવું હશે કે તમે તમારા પૈસા નકામા ખર્ચ ના કરો. બાળકો કદાચ નિરાશા જન્માવશે કારણકે તેઓ તમારી અપેક્ષા પર પાર નહીં ઉતરે.

**સિંહ (મ,ટ)**
નવા સંપર્કો કદાચ લાભદાયી લાગશે પણ અપેક્ષા મુજબના લાભ નહીં લાવે- નાણાં રોકવાની વાત આવે ત્યારે ઉતાવળા નિર્ણયો ન લેવામાં જ સાર છે. તમારા સામાજિક જીવનની ઉપેક્ષા કરતા નહીં.

**કન્યા (પ,ઠ,ણ)**
તમારી ઘટેલી જીવનશક્તિ સિસ્ટમમાંના ધીમા ઝેરની જેમ કામ કરશે. તમારી જાતને કોઈક રચનાત્મક કામમાં વ્યસ્ત રાખવી તથા બીમારી સામે લડવા માટે પ્રેરણા આપવાનું ચાલુ રાખવું જોઈએ.

**તુલા (ર,ત)**
સ્વસ્થ રહેવા માટે તમારા ખોરાક પર અંકુશ રાખો તથા વ્યાયામ કરો. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ-જે તમારી આવકની ક્ષમતાને વધારશે.

**વૃશ્ચિક (ન,ય)**
ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. નવા સંપર્કો કદાચ લાભદાયી લાગશે પણ અપેક્ષા મુજબના લાભ નહીં લાવે- નાણાં રોકવાની વાત આવે ત્યારે ઉતાવળા નિર્ણયો ન લેવામાં જ સાર છે.

**ધન (ભ,ધ,ફ)**
તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. અયોગ્ય આર્થિક સ્થિતિને કારણે કેટલાક મહત્વના કાર્યો અટકી પડશે. તમારા પરિવારના કલ્યાણ માટે સખત મહેનત કરો.

**મકર (ખ,જ)**
આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. લોકોની જરૂરિયાત શી છે તથા તમારી પાસેથી તેમને ચોક્કસ શું જોઈએ છે તે તમે જાણતા હો એવું લાગે છે-પણ તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ ન બનતા.

**કુંભ (ગ,શ,સ)**
કામની વચ્ચે આરામ લો તથા શક્ય હોય એટલા હળવા બનવાની કોશિષ કરો. આજે નાણાં સંભાળવામાં તમને મુશ્કેલી પડશે-તમે વધુ પડતો ખર્ચ કરી બેસશો કાં તમારૂં વૉલૅટ ખોવાઈ જશે.

**મીન (દ,ચ,ઝ,થ)**
આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે.

## મોટી બેંકો, પાવર, લોજિસ્ટિક્સ, ઈન્ફ્રા કંપનીઓના સ્ટોક્સમાં તેજી આવશે

# બજેટમાં જાહેરાત થતાં જ આ સેક્ટરના શેર રોકેટની જેમ ઉછળશે

(એજન્સી) નવી દિલ્હી | તા.06

ઓમિનીસાયન્સ કેપિટલના વિકાસ ગુપ્તાનું માનવું છે કે તે ધ્યાનમાં રાખવું જોઈએ કે 2024 માં લોકસભાની ચૂંટણી પછી, આ પહેલું વર્ષ છે જેમાં સરકાર સંપૂર્ણ બજેટ રજૂ કરવા જઈ રહી છે. તેથી આમાં મોટી જાહેરાતો થવાની આશા છે. રેલવે, પાવર, રોડ અને એરપોર્ટ ઉપરાંત સરકાર સંરક્ષણ માટે ફાળવણી વધારશે. આ સિવાય સરકાર સ્થાનિક અને વિદેશી રોકાણ વધારવા માટે મોટા પગલાં લેશે. નાણામંત્રી નિર્મલા સીતારમણ યૂનિયન બજેટ 2025માં મોટી જાહેરાતો કરશે. તેની પોઝિટીવ અસરો ઘણા સેક્ટરના સ્ટોક્સ પર જોવા મળશે. મોટી બેંકો, પાવર, લોજિસ્ટિક્સ, ઈન્ફ્રા કંપનીઓના સ્ટોક્સમાં તેજી આવશે. ઓમિનીસાયન્સ કેપિટલના વિકાસ ગુપ્તાએ આ અનુમાન વ્યક્ત કર્યુ છે. ગુપ્તાને કેપિટલ માર્કેટ્સનો ઘણા દાયકાઓનો અનુભવ છે. મનીકંટ્રોલે તેમની સાથે યૂનિયન બજેટ 2025 અને સ્ટોક માર્કેટ્સ પર તેની અસરો અંગે વાતચીત કરી હતી અને તે પણ જાણ્યું કે વર્ષ 2025માં ક્યા સેક્ટરમાં રોકાણના અવસરો દેખાય છે.

### નિર્મલા સીતારમણ 1 ફેબ્રુઆરીના રોજ કરશે મોટી જાહેરાતો

ગુપ્તાએ જણાવ્યું કે, રોકાણકારોએ એ વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે, 2024માં લોકસભા ચૂંટણી બાદ આ પહેલું એવું વર્ષ છે, જેનું ફુલ બજેટ સરકાર રજૂ કરવા જઈ રહી છે. 2024માં બે બજેટ સરકારે રજૂ કર્યા હતા. 1 ફેબ્રુઆરી, 2024ના રોજ પહેલું બજેટ રજૂ કર્યુ હતું, જે અંતરિમ બજેટ હતું. બીજુ બજેટ સરકારે 23 જુલાઈ, 2024ના રોજ રજૂ કર્યુ હતું, જે પૂર્ણ બજેટ હતું. પૂર્ણ બજેટમાં ઘણી એવા બાબતો હતી, જે અંતરિમ બજેટમાં પણ હતી. આ રીતે 1 ફેબ્રુઆરી, 2025ના રોજ રજૂ થનાર બજેટમાં સરકાર પાસે ઘણી મોટી જાહેરાતો કરવાનો અવસર છે.

### મોટા બેંકિંગ સ્ટોક્સનું વેલ્યુએશન છે આકર્ષક

તેમણે જણાવ્યું કે, મોટી બેંકોનું વેલ્યૂએશન ઓછું દેખાઈ રહ્યું છે. આ બેંક ઈન્ડિયાના ગ્રોથ માટે ખૂબ મહત્વની છે. Nifty 50માં બેંકિંગ સેક્ટરની ભાગીદારી લગભગ 35 ટકા છે. આવનારા 3-4 વર્ષમાં સરકાર અને કંપનીઓએ મૂડી ખર્ચ વધારવાથી ક્રેડિટ ગ્રોથ 14-16 ટકા રહી શકે છે. તે બેંકિંગ સ્ટોક્સ માટે પોઝિટીવ છે. સરકારની બેંકોનું વેલ્યુએશન ઓછું છે. પ્રાઈવેટ બેંકોનુંવેલ્યુએશન પણ આકર્ષક છે. હાઉસિંગ ફાઈનાન્સ કંપનીઓના સ્ટોક્સની કિંમતો પણ યોગ્ય છે. આ સ્ટોક્સમાં ઈન્વેસ્ટમેન્ટ કરી શકાય છે.




### આ સેક્ટર પર રહેશે સરકારનું ફોકસ

યૂનિયન બજેટ 2025 વિશે તેમણે જણાવ્યું કે, આ પહેલું ફુલ બજેટ છે, જેથી તેમાં ઘણી મોટી જાહેરાતો થવાની આશા છે. સરકાર રેલવે, પાવર, રોડ રસ્તાઓ અને એરપોર્ટ્સ ઉપરાંત ડિફેન્સ માટે ફાળવણી વધારશે. આ ઉપરાંત સરકાર ઘરેલૂ અને વિદેશી રોકાણ વધારવા માટે મોટા પગાલ લેશે. સરકાર કંઝમ્પ્શન વધારવા માટે ઈનકમ ટેક્સમાં ઘટાડો કરી શકે છે. રોકાણ વધારવા માટે PLI સ્કિમનો વિસ્તાર વધારી શકે છે. તેનાથી સરકારને ઈકોનોમિક ગ્રોથની સ્પીડ વધારવામાં મદદ મળશે, જેમાં આ નાણાકિય વર્ષમાં ઘટાડો થવાના સંકેતો જોવા મળી રહ્યા હતા.

## MIT-WPUમાંથી વાપીના વિદ્યાર્થીઓએ ISRO સાથે પથપ્રદર્શક PSLV-C60 લોંચ કર્યું

(એજન્સી) અમદાવાદ | તા.06

એક સીમાચિહ્નરૂપ સફળતા સ્વરૂપે પૂણેની MIT વર્લ્ડ પીસ યુનિવર્સિટી (MIT-WPU)માં સ્પેસ ટેકનોલોજી રિસર્ચ ગ્રૂપ (STeRG)એ એનું સૌપ્રથમ અંતરિક્ષ પેલોડ STeRG-P1.0 સફળતાપૂર્વક લોંચ કર્યું છે. ISRO સાથે જોડાણમાં PSLV-C60 પર લોંચ કરેલું આ પથપ્રદર્શક પેલોડ યુનિવર્સિટી માટે સીમાચિહ્નરૂપ સફળતા છે તથા ભારતના અંતરિક્ષ સંશોધનના પ્રયાસોમાં પ્રદાન કરશે.

MIT-WPUનાં સંશોધન અને વિકાસ વિભાગના ડીન પ્રોફેસર ડૉ. મૂર્તિ છાવલીએ વિદ્યાર્થીઓની આગેવાની થયેલાં પ્રયાસોની પ્રશંસા કરીને કહ્યું હતું કે, “આ પેલોડ PSLV-C60 પર COTS-આધારિત એવિઓનિક્સનું પરીક્ષણ અમારી ટીમની કુશળતા અને સમર્પણનો પુરાવો છે. આ અદ્યતન અંતરિક્ષ ટેકનોલોજીમાં યુવા પ્રતિભાની ક્ષમતા દર્શાવે છે અને અમારી સંસ્થા માટે ગર્વની ક્ષણ છે.” પ્રોજેક્ટ STeRG1.0ના સ્થાપક અને યુનિવર્સિટીના વિદ્યાર્થી અચિંત્ય છાવરે આ સીમાચિહ્નરૂપ સફળતા વિશે જણાવ્યું હતું કે, “STeRG અને આ પ્રોજેક્ટના સ્થાપક હોવાથી અમારું પ્રથમ મિશન સફળ થયું છે એ જોવું ગર્વની બાબત છે. આ મિશનને વિદ્યાર્થીઓ, ફેકલ્ટી અને MIT-WPUનાં સતત પ્રયાસો અને સાથસહકારથી સફળતા મળી હતી. અમે ખાસ કરીને અમારા માટે દ્વાર ખોલવા બદલ ISRO અને IN-SPACeનાં આભારી છીએ. આ પેલોડ અંતરિક્ષ ટેકનોલોજીનાં ક્ષેત્રમાં વધુ સંશોધન અને વિકાસ માટે અમારા પ્રથમ મિશન તરીકે ઉપયોગી બનશે.” આ લોંચ કરવાની સફર નાનું સીમાચિહ્ન નથી, જેના વિશે મિશનનું નેતૃત્વ કરતાં શ્રીરંગ સારણજામેએ કહ્યું હતું કે, “આ અમારા આઠ મહિનાના સઘન પ્રયાસોનું પરિણામ છે. અમે ભ્રમણકક્ષાઓની યાંત્રિક બાબતોનો પડકાર ઝીલ્યો હતો, સિસ્ટમને સંકલિત કરી હતી અને અંતરિક્ષ માટેની લાયકાતનાં શ્રેષ્ઠ ધારાધોરણોને ધ્યાનમાં રાખ્યાં હતાં. મોડી રાત સૂતી કામ કરવું અને સતત નાની નાની બાબતો સાથે આગળ વધવાથી અમને અંતિમ પરીક્ષણમાં સફળતા મળી છે, જેમાં દરેક કામગીરી સરળતાપૂર્વક થઈ હતી, જેનાથી



સફર ખરેખર ફળદાયક બની હતી.” ISRO અને IN-SPACe અંતરિક્ષ સંશોધનમાં STeRG જેવી વિદ્યાર્થી ટીમોને ટેકો આપવામાં ચાવીરૂપ છે. મીક્ષાલક્ષી પ્રક્રિયા દરમિયાન ISROના અધિકારીઓએ ઉપયોગી સૂચનો અને માર્ગદર્શન પ્રદાન કર્યું હતું, જેણે પેલોડની ડિઝાઈનને સંશોધિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

### આંતરરાષ્ટ્રીય બજારમાં નાના ફેરફારોની પણ સીધી અસર ભારતીય ગ્રાહકો પર પડે

## પેટ્રોલ-ડીઝલના ભાવમાં ફેરફાર, કેટલી છે કિંમત

(એજન્સી) નવી દિલ્હી । તા. 06

આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં સતત વધઘટ થઈ રહી છે. તેના આધારે દેશભરમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ નક્કી કરવામાં આવે છે. જોકે, લાંબા સમયથી રાષ્ટ્રીય સ્તરે તેલની કિંમતોમાં કોઈ ફેરફાર થયો નથી. ત્યારે આજે એટલે કે 6 જાન્યુઆરી 2025ના રોજ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ ફેરફાર થયો નથી. જ્યારે રાજ્ય સ્તરે ભાવમાં થોડો ફેરફાર જોવા મળી શકે છે. ત્યારે આવો જાણીએ ગુજરાતના મહાનગરો અને દેશના મહાનગરોમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ શું છે.




આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રેન્ટ ક્રૂડ 76.66 ડોલર પ્રતિ બેરલ પર ટ્રેડ કરી રહ્યું છે જ્યારે WTI ક્રૂડ પ્રતિ બેરલ 74.14 ડોલર પર ટ્રેડ કરી રહ્યું છે. ભારતની વાત કરીએ તો સરકારી તેલ કંપનીઓએ આજે 6 જાન્યુઆરી, 2025ના રોજ પણ તમામ મહાનગરોમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ સ્થિર રાખ્યા છે.

પેટ્રોલ અને ડીઝલના ભાવ દરરોજ સવારે 6 વાગ્યે અપડેટ થાય છે. એક્સાઈઝ ડ્યુટી, ડીલર કમિશન અને વેટ ઉમેર્યા પછી, તેમની કિંમતો મૂળ કિંમત કરતાં લગભગ બમણી થઈ જાય છે. આ કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં નાના ફેરફારોની પણ સીધી અસર ભારતીય ગ્રાહકો પર પડે છે.તેલના ભાવમાં આ વધારાથી સામાન્ય માણસના ખિસ્સા પર વધારાનો બોજ પડી શકે છે. હવે જોવાનું એ રહેશે કે આગામી દિવસોમાં વૈશ્વિક બજારમાં તેલના ભાવ કઈ દિશામાં જાય છે અને સ્થાનિક બજાર પર તેની શું અસર પડે છે.

## કોર ડિજિટલે મહત્વપૂર્ણ સંપાદન થકી ટેલિકોમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેવાઓને વધારી

(એજન્સી) મુંબઈ । તા. 06

કોર ડિજિટલ લિમિટેડ, (એનએસઈ - કીડીએલ), ટેલિકોમ્યુનિકેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ અને તેની સાથે સંકળાયેલી સેવાઓના અગ્રણી પ્રદાતાઓમાંની એક છે. કંપનીએ ફ્રેન્કેન ટેલિકોમ પ્રાઈવેટ લિમિટેડ, વોલ્ટર ઈન્ફ્રાટેક પ્રાઈવેટ લિમિટેડ અને કેડીએલ રિયલઈન્ફ્રા પ્રાઈવેટ લિમિટેડમાં તેમના હાલના શેરધારકો પાસેથી 98% ઈક્વિટી હિસ્સો ખરીદવાની જાહેરાત કરી છે. હાલમાં જ યોજાયેલી બોર્ડ મીટિંગ દરમિયાન આ સંપાદનને મંજૂરી આપવામાં આવી હતી.

આ સંપાદન કોર ડિજિટલના સંસાધનોને સંયોજિત કરવા, અદ્યતન તકનીકો સુધી પહોંચ મેળવવા અને ઉદ્યોગમાં મજબૂત સંબંધોને વધુ ગાઢ બનાવવાના વ્યૂહાત્મક લક્ષ્યોને અનુરૂપ છે.

**ફ્રેન્કેન ટેલિકોમ પ્રાઇવેટ લિમિટેડ**

8 જુલાઈ, 2024ના રોજ સ્થાપિત, ફ્રેન્કેન ટેલિકોમ વિવિધ ટેલિકોમ કંપનીઓને માળખાકીય સુવિધાઓ પૂરી પાડવામાં નિષ્ણાત છે. કોર ડિજિટલ 10 પ્રતિ શેરના અંકિત મૂલ્ય પર 98% માલિકીનું પ્રતિનિધિત્વ કરતા 4,900 ઈક્વિટી શેર હસ્તગત કરી રહી છે. આ સંપાદનથી કોર ડિજિટલને તેના ટેલિકોમ્યુનિકેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં સંસાધનોને અનુકૂલિત કરવા, ખર્ચ ઘટાડવા અને કાર્યકારી કાર્યક્ષમતામાં સુધારો કરવામાં મદદ મળશે.

**વોલ્ટર ઇન્ફ્રાટેક પ્રાઇવેટ લિમિટેડ**

વોલ્ટર ઈન્ફ્રાટેક, જેની સ્થાપના 9 જુલાઈ, 2024ના રોજ કરવામાં આવી હતી, તે સ્પેશ્યલાઈઝ્ડ એન્જિનિયરિંગ અને સિવિલ વર્ક સાથે સંકળાયેલ છે. કોર ડિજિટલ 4,900 ઈક્વિટી શેર હસ્તગત કરી રહી છે, જે કંપનીની ઈક્વિટીના 98% જેટલા છે, જેનું અંકિત મૂલ્ય પ્રતિ શેર 10 છે. વોલ્ટર ઈન્ફ્રાટેકનું તાલિમબદ્ધ કાર્યબળ અને તકનીકી કુશળતાને જોડીને, કોર ડિજિટલનો હેતુ તેની એન્જિનિયરિંગ ક્ષમતાઓને વધારવા અને ઉચ્ચ-ગુણવત્તાવાળા ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉકેલો પૂરા પાડવાનો છે.

### વિશ્વના સૌથી વધારે પગાર મેળવતા વ્યક્તિ

## 1 દિવસની સેલેરી ₹48 કરોડ

(એજન્સી) નવી દિલ્હી । તા. 06



આલ્ફાબેટના સીઈઓ સુંદર પિચાઈ કરતાં અનેક ગણો વધુ પગાર મેળવતા જગદીપ સિંહને દરરોજ 48 કરોડનો પગાર મળે છે. તે વિશ્વમાં સૌથી વધુ પગાર મેળવનાર વ્યક્તિ છે. જગદીપ સિંહનું નામ હવે દુનિયામાં સૌથી વધુ પગારના મામલે ટોપ પર છે. આ દિવસોમાં નામ અને ચહેરો વાયરલ થઈ રહ્યો છે. ભારતીય મૂળના ઉદ્યોગસાહસિક જગદીપ સિંહનો દૈનિક પગાર રૂ. 48 કરોડ છે, જે વાર્ષિક રૂ. 17,500 કરોડની બરાબર છે. ગૂગલની પેરેન્ટ કંપની આલ્ફાબેટના સીઈઓ સુંદર પિચાઈ પણ સૌથી વધુ પગાર મેળવનારા સીઈઓમાંથી એક છે. પિચાઈનો એપ્રિલ 2023 સુધીનો વાર્ષિક પગાર રૂ. 1663 કરોડ છે, જેમાં ભથ્થાનો સમાવેશ થાય છે. જો તેમનું કુલ વળતર ઉમેરવામાં આવે તો તેમનો વાર્ષિક પગાર અંદાજે રૂ. 1854 કરોડ થાય છે, જે આશરે રૂ. 5 કરોડ પ્રતિદિન છે.

## RBIએ બદલ્યો નિયમ, એકથી વધુ પર્સનલ લોન લીધી હોય તો ચેતજો!

(એજન્સી) મુંબઈ । તા. 06

વારંવાર એકથી વધુ પર્સનલ લોન લેનારા ગ્રાહકોની મુશ્કેલીઓ વધી શકે છે. આરબીઆઈએ બૅન્કો અને નાણાકીય સંસ્થાઓને લોનધારકોનો ક્રેડિટ બ્યૂરો રૅકોર્ડ એક મહિનાના બદલે દર 15 દિવસે રજૂ કરવાનો આદેશ આપ્યો છે. જેનાથી લોનધારકોના જોખમનું યોગ્ય રીતે આકલન કરવામાં મદદ મળશે.

નિષ્ણાતો અનુસાર, એકથી વધુ પર્સનલ લોન લેતાં લોકો લોનનો હપ્તો દરમહિને અલગ-અલગ તારીખે ચૂકવે છે. જ્યારે બૅન્ક અને નાણાકીય સંસ્થા મહિનામાં એક જ વખત ક્રેડિટ રૅકોર્ડ રિપોર્ટ અપડેટ કરે છે. જેથી જો કોઈ હપ્તો ચૂકી જાય તો તેની જાણ 40 દિવસ મોડી થાય છે. આ વિલંબને દૂર કરતાં તેમજ વધુ સચોટ રીતે જોખમનું આકલન કરવા આરબીઆઈએ દર 15 દિવસે ક્રેડિટ રૅકોર્ડ રિપોર્ટ જારી કરવાનો આદેશ આપ્યો છે. જેથી ડિફોલ્ટર્સની જાણ સરળતાથી અને ઝડપથી થઈ શકે.

### લોન પર લોન લેતાં લોકો પર લાગશે લગામ

નાણાકીય સંસ્થાઓએ જણાવ્યું કે, આ બદલાવથી એવરગ્રીનિંગના કિસ્સા ઘટશે. જેમાં લોન લેનારા જૂની લોન ચૂકવવામાં નિષ્ફળ જતાં તેની ચૂકવણી માટે નવી લોન લે છે. પરિણામે દેવાનો બોજો વધે છે. આ પગલું લોનધારકોને તે સમયે તો રાહત આપે છે. પરંતુ બૅન્કો અને નાણાકીય સંસ્થાઓ માટે જોખમ વધારે છે અને આગામી સમયમાં દેવામાં પણ વધારો થતો જાય છે. જેથી આરબીઆઈની નવી ગાઈડલાઈનથી લોન પર લોન લેતાં લોકો પર બ્રેક લાગશે. આરબીઆઈએ આ નિર્દેશ ઑગસ્ટમાં જાહેર કર્યો હતો. લોન આપનારાને ક્રેડિટ બ્યૂરોનો રૅકોર્ડ 1 જાન્યુઆરી સુધી પોતાની સિસ્ટમમાં અપડેટ કરવા સમય આપ્યો હતો.

### મોટો નિર્ણય

## વોઈસ મેસેજને ટેક્સ મેસેજમાં કેવી રીતે બદલશો ? સરળ ટ્રિક




(એજન્સી) નવી દિલ્હી । તા. 06

આ પરિસ્થિતિમાં ચિંતા કરવાની કોઈ જરુર નથી તમે તે વોઈસને મેસેજને ટેક્ટ મેસેજમાં ફેરવી આસાનીથી વાંચી શકો છો હવે તમે કહેશો કેવી રીતે, તો ચાલો અહીં આજના ટેકનોલોજી ટિપ્સ એન્ડ ટ્રીક સ્ટોરીથી સમજીએ.

વોઈસ મેસેજ કનેક્ટેડ રહેવા માટે ઉત્તમ વિકલ્પ છે, પરંતુ તે હંમેશા સાંભળવા માટે સરળ નથી હોતુ. ઘણો સમય તમને કોઈ મીટિંગમાં બેઠા હોય તો તમે તે મેસેજ સાંભળી નથી શકતા કે પછી સામેની વ્યક્તિનો અવાજ મેસેજમાં ક્લિયર ના હોય ત્યારે તે વોઈસ મેસેજમાં શું બોલી રહી છે તે સમજવું મુશ્કેલ બની જાય છે

આ પરિસ્થિતિમાં ચિંતા કરવાની કોઈ જરુર નથી તમે તે વોઈસને મેસેજને ટેક્ટ મેસેજમાં ફેરવી આસાનીથી વાંચી શકો છો હવે તમે કહેશો કેવી રીતે, તો ચાલો અહીં આજના ટેકનોલોજી ટિપ્સ એન્ડ ટ્રીક સ્ટોરીથી સમજીએ.

વોટ્સએપના જે ફીચરની વાત કરવામાં આવી રહી છે તે છે વોઈસ મેસેજ ટ્રાન્સક્રિપ્ટ છે. આ ફીચરમાં તમને એવી સુવિધા મળે છે કે તમે કોઈપણ વોઈસ નોટને સાંભળવાને બદલે વાંચી શકો છો અને સરળતાથી રિપ્લાય પણ આપી શકો છો.

વૉઈસ મેસેજ ટ્રાંસ્ક્રિપ્ટ્સ ચાલુ કરવા માટે તમારે સૌથી પહેલા વોટ્સએપ પર જવાનું રહેશે વોટ્સએપ ઓપન કર્યા બાદ Settings પર ક્લિક કરો. સેટિંગ્સમાં ગયા પછી, ચેટ ઓપ્શન પર ટેપ કરો.અહીં તમે વોઈસ મેસેજ ટ્રાન્સક્રિપ્ટ માટે ટોગલ બતાવી રહ્યા હશે, આ ટોગલને બસ ઓન કરી દો.જો તમે વોઈસ નોટ પસંદ કરો છો, તો વૉઈસ મેસેજ ટ્રાન્સક્રિપ્ટનો વિકલ્પ બહાર દેખાશે, અન્યથા જમણા ખૂણે ત્રણ ડોટ પર ક્લિક કરો.આ પછી વોઈસ મેસેજ ટ્રાન્સક્રિપ્ટ પર ક્લિક કરો. ભાષા પસંદ કરો. હવે આખો મેસેજ તમારી સામે આવશે.

ફીચર શો નથી થઈ રહ્યો? : જો તમે તમારા વોટ્સએપ પર આ ફીચર નથી બતાવતા તો ચિંતા કરવાની જરૂર નથી. આ માટે તમારે તમારું WhatsApp અપડેટ કરવું પડશે. WhatsApp અપડેટ કર્યા બાદ તમને આ ફીચર દેખાવા લાગશે.

### સ્ટાન્ડર્ડ ગ્લાસ લાઈનિંગનો IPO 6 જાન્યુઆરીએ ખુલશે અને 8 જાન્યુઆરીએ બંધ થશે


# રૂપિયા રાખજો તૈયાર, આજથી ખુલશે 410 કરોડનો IPO, પ્રાઈસ બેન્ડ ₹140

(એજન્સી) મુંબઈ । તા. 06

ગયા વર્ષે 2024માં ભારતીય IPO માર્કેટ (IPO Market) ધમાકેદાર હતું અને નવા વર્ષની શરૂઆતથી જ ઘણી કંપનીઓએ તેમના ઈશ્યૂ ખોલવાનું શરૂ કર્યું છે અને રોકાણકારોને કમાણીની તકો આપી રહી છે. સપ્તાહના પહેલા ટ્રેડિંગ દિવસે સોમવારે ફાર્મા સેક્ટર સાથે સંબંધિત એક કંપનીનો IPO ખુલી રહ્યો છે, જેનું કદ 410 કરોડ રૂપિયાથી વધુ છે. અમે સ્ટાન્ડર્ડ ગ્લાસ લાઈનિંગ IPO (Standard Glass Lining IPO) વિશે વાત કરી રહ્યા છીએ, જે તેના ઓપનિંગ પહેલા જ ગ્રે માર્કેટમાં હલચલ મચાવશે તેવું લાગે છે.

જો તમે IPOમાં નાણાંનું રોકાણ કરવા માંગતા હોવ અને ગયા વર્ષે મોટા ઈશ્યૂમાં બિડિંગ ચૂકી ગયા હોવ તો ચિંતા કરશો નહીં, નવા વર્ષ 2025ની શરૂઆતથી રોકાણની તકો ઉપલબ્ધ છે. આજે સ્ટાન્ડર્ડ ગ્લાસ લાઈનિંગ IPO સબસ્ક્રિપ્શન માટે ખુલી રહ્યો છે અને તેમાં 3 દિવસ એટલે કે 8 જાન્યુઆરી સુધી પૈસા રોકી શકાય છે. કંપનીના IPOનું કદ રૂ. 410.05 કરોડ છે.

તેના IPO હેઠળ, સ્ટાન્ડર્ડ ગ્લાસ લાઈનિંગ કંપની કુલ 2.92 કરોડથી વધુ શેર વેચાણ માટે ઓફર કરી રહી છે. જેમાં 1.50 કરોડ નવા શેરનો સમાવેશ થાય છે, જેની કિંમત રૂ. 210 કરોડ છે, જ્યારે 1.43 કરોડ શેર ઓફર ફોર સેલ દ્વારા વેચવામાં આવશે, જેની કિંમત રૂ. 200.05 કરોડ હશે. કંપની તેના ઈશ્યુ હેઠળ રૂ. 10ની ફેસ વેલ્યુ ધરાવતા શેર ઈશ્યુ કરશે.




સ્ટાન્ડર્ડ ગ્લાસ લાઈનિંગ ટેક્નોલોજી પ્રાઈવેટ લિમિટેડના IPO માટે બિડ કરતા પહેલા, તેની પ્રાઈસ બેન્ડ અને લોટ સાઈઝની વિગતો જાણવી મહત્વપૂર્ણ છે. તો અમે તમને જણાવી દઈએ કે કંપનીએ 133 રૂપિયાથી 140 રૂપિયા પ્રતિ શેરની પ્રાઈસ બેન્ડ (Standard Glass Lining IPO Price Band) નક્કી કરી છે. આ ઈસ્યુની લોટ સાઈઝ 107 શેર છે. એટલે કે, અપર પ્રાઈસ બેન્ડ અનુસાર, કોઈપણ રોકાણકારે આ IPO માટે ઓછામાં ઓછા 14,980 રૂપિયાનું રોકાણ કરવું પડશે. લોટની મહત્તમ મર્યાદા 13 રાખવામાં આવી છે.

સોમવારે સામાન્ય રોકાણકારો માટે ખોલવામાં આવે તે પહેલાં, આ IPO ગયા સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસ શુક્રવારે (3 જાન્યુઆરી, 2025) એન્કર રોકાણકારો માટે ખોલવામાં આવ્યો હતો. કંપનીએ એન્કર ઈન્વેસ્ટર્સને 87,86,809 શેર ઓફર કર્યા હતા અને તેને ઉત્તમ પ્રતિસાદ મળ્યો હતો. કંપનીએ એન્કર રોકાણકારો પાસેથી રૂ. 123.02 કરોડ એકત્ર કર્યા છે.

સ્ટાન્ડર્ડ ગ્લાસનો આઈપીઓ ખુલે તે પહેલા જ ગ્રે માર્કેટમાં હલચલ મચાવી રહી હોય તેવું લાગી રહ્યું છે. તેનું ગ્રે-માર્કેટ પ્રીમિયમ (Standard Glass Lining GMP) રૂ. 97 પર ચાલી રહ્યું છે એટલે કે અપર પ્રાઈસ બેન્ડ કરતાં 69.29 ટકા વધુ. આ હિસાબે શેરબજારમાં કંપનીના શેરનું લિસ્ટિંગ 237 રૂપિયાની આસપાસ થઈ શકે છે. તમને જણાવી દઈએ કે IPO બંધ થયા પછી, તેના શેરની ફાળવણી 9 જાન્યુઆરીએ થશે, જ્યારે BSE અને NSE પર તેનું લિસ્ટિંગ 13 જાન્યુઆરીએ થઈ શકે છે.

### આ વર્ષે 400 રિટેલ આઉટલેટ્સ ઉમેરવાના માર્ગે છે

## નયારા એનર્જીએ દરરોજ એક ફ્યુઅલ સ્ટેશન ઉમેરીને રિટેલ નેટવર્ક વિસ્તાર્યું

(એજન્સી) નવી દિલ્હી । તા. 06

અગ્રણી ડાઉનસ્ટ્રીમ કંપનીઓ પૈકીની એક અને ભારતની સૌથી મોટી પ્રાઈવેટ ફ્યુઅલ રિટેલર નયારા એનર્જી વિવિધ રાજ્યોમાં તેની હાજરીને વ્યૂહાત્મક રીતે વિસ્તારી રહી છે. ભારતભરમાં 6,500થી વધુ રિટેલ આઉટલેટ્સ સાથે નયારા એનર્જી તેના નેટવર્કમાં નવા રિટેલ આઉટલેટ્સ ઉમેરી રહી છે અને ગુજરાત, મહારાષ્ટ્ર, તમિળનાડુ અને રાજસ્થાન જેવા વિવિધ રાજ્યોમાં સ્થિર રીતે વૃદ્ધિ કરી રહી છે. કંપની આ વર્ષે 400 રિટેલ આઉટલેટ્સ ઉમેરવાના માર્ગે છે. ભારતમાં આક્રમક વૃદ્ધિની તેની યોજનાઓને અનુલક્ષીને નયારા એનર્જીએ નવા ડીલર્સને ઓનબોર્ડ કરવા અને સ્થાનિક ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહન આપવા માટે તેના ડીલર પ્રોગ્રામમાં નવેસરથી સુધારા કર્યા છે.

ભારતમાં સૌથી નવી રજૂ થયેલી પેટ્રોલિયમ બ્રાન્ડ્સ પૈકીની એક તરીકે નયારા એનર્જી ગ્રાહકોના આનંદ સુનિશ્ચિત કરવા માટે ફ્યુઅલ રિટેલિંગ કેટેગરીની નવેસરથી શોધ કરી રહી છે. ગ્રાહકોને નયારા એનર્જીના રિટેલ આઉટલેટ્સ ખાતે હંમેશા યોગ્ય ગુણવત્તા અને જથ્થાની બાંયધરી મળે છે. કેટેગરીમાં નવા બેન્ચમાર્ક સ્થાપતા નયારા એનર્જીના ફ્યુઅલ સ્ટેશન્સ વિવિધ પ્રોડક્ટ્સ અને સર્વિસીઝ ઓફર કરે છે જે હાઈ ક્વોલિટી ફ્યુઅલ્સ, લ્યુબ્રિકન્ટ્સ અને કન્વીનન્સ ઓફરિંગ સહિત ગ્રાહકોની જરૂરિયાતો પૂરી કરવા માટે તૈયાર કરવામાં આવ્યા છે. શહેરી વિસ્તારોમાં અને નેશનલ હાઈવે પર વ્યૂહાત્મક હાજરી સાથે નયારા એનર્જીના ફ્યુઅલ સ્ટેશન્સ મેટ્રો સિવાયના ઊભરતા ભારતની આકાંક્ષાઓને વેગ આપતા માર્કેટપ્લેસીસ માટેની મહત્વની કડી છે. વ્યૂહાત્મક વિસ્તરણ અંગે નયારા એનર્જીના સીઈઓ એલેસેન્ડ્રો દ ડોરિડેસે જણાવ્યું હતું કે નયારા એનર્જી ભારતમાં સ્થિર રીતે આગળ વધી રહી છે અને નવા જમાનાનું ભારત સમૃદ્ધ બની રહ્યું છે ત્યારે અમારું માનવું છે કે આગામી શહેરોમાં અમારા ફ્યુઅલ રિટેલ નેટવર્કને વધારવું એ આ ઊભરતા અર્થતંત્રમાં વૃદ્ધિનો અભિન્ન ભાગ છે. અમારો અનોખી રીતે તૈયાર કરેલો ડીલર પ્રોગ્રામ ઉદ્યોગસાહસિકતામાં વધુ એવન્યુઝ ઊભા કરવામાં માને છે અને સુવિધાઓથી વંચિત બજારોમાં કનેક્ટિવિટી વધારીને અને મોબિલિટી વધારીને અમારા નેટવર્કમાં વૃદ્ધિ કરશે. કસ્ટમર લોયલ્ટી પ્રોગ્રામ્સમાં પારદર્શિતાને પ્રોત્સાહન આપવાના પ્રયાસમાં, નયારા એનર્જી ગ્રાહકો સાથેની તેના ઈન્ટરેક્શનની ગુણવત્તાને વધારવા માટે ચેટબોટ્સ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટૂલ્સ દ્વારા ટેક્નોલોજીનો લાભ લઈ રહી છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, પોષ સુદ-08

# ઓનલાઇન બેન્કિંગના યુગમાં પોતાને ઉપેક્ષિત અનુભવતો ગ્રાહક




સામાન્ય ગ્રાહક બેંકમાં દાખલ થાય ત્યારથી જ બેંકમાં આવી પડવા બદલ પસ્તાતો હોય છે, કારણ તેને ભાગ્યે જ કોઈ સ્ટાફ એટેન્ડ કરવા રાજી હોય છે. તે એટલે પણ કે સ્ટાફ જ એટલો ઓછો હોય છે કે કોઈ એટેન્ડ કરવા ઈચ્છે તો પણ તેમ કરી ન શકે. બેન્કો કેવાયસીની વિધિ પૂરી કરવા ગ્રાહકનો ફોટો કે આધાર કાર્ડ કે પાન કાર્ડની ઝેરોક્સ લઈ તો લે છે, પણ ગ્રાહક કે તેનો ફોટો ભાગ્યે જ ધ્યાનથી જોવાતો હશે. આમ કેવાયસીમાં હેતુ ગ્રાહકને જાણવાનો હોય છે. પણ સ્ટાફ એટલો યાંત્રિક રીતે વર્તતો હોય છે કે ગ્રાહક પોતાને સતત ઉપેક્ષિત જ અનુભવે છે. કદાચ સેન્સિટિવ સ્ટાફની જરૂર રહી નથી એટલે જ ક્યાંક હવે રોબોટ્સથી કામ લેવાય છે. સેવિંગ્સ અને કરંટ એકાઉન્ટના લેજર સાથે કે કેશ કાઉન્ટર પર ગ્રાહકો સાથે જે સીધો સંપર્ક સ્ટાફનો થતો હતો તે કોમ્પ્યુટર આવતાં ઘટી ગયો છે. કેશ પણ એટીએમ આવતાં કાઉન્ટર પરથી નાની રકમ લેવાની રહી નથી. એને લીધે પણ ગ્રાહક દૂર થઈ ગયો હોય કે ગ્રાહકને દૂર રાખવા જ આવી પદ્ધતિ અપનાવાઈ હોય એમ બને. એ ખરું કે કાઉન્ટરો પર લાઈન લાગતી હતી, તે ઓછી થઈ ગઈ, પણ ત્યારે નહોતી થઈ એથી વધુ અવગણના હવે લાઈન નથી ત્યારે ગ્રાહકોની થાય છે. ઓનલાઈન બેન્કિંગ થતાં ગ્રાહકો પોતે જ મોબાઈલ પર પૈસા ઉપાડતા કે ટ્રાન્સફરનો વ્યવહાર કરતા થયા છે, એટલે ગ્રાહકને જાણવાની બહુ જરૂર જ રહી નથી. થોડાં વર્ષો પર બ્રાન્ચ હેડ ગ્રાહકો સાથે મીટિંગ કરતાં ને ત્યાં ગ્રાહકો પોતાની મુશ્કેલીઓ રજૂ કરી શકતા. હવે એ થાય છે કે કેમ તે ખબર નથી, પણ ગ્રાહકો સાથેનો બેન્કોનો સંપર્ક ઘટયો છે. એ સાથે રકમ ઉપાડવા પર શરતો ને ચાર્જિસ લાગુ થયા છે. એક સમય હતો જ્યારે આ શરતો ન હતી ને ગમે તેટલી રકમ ગ્રાહક ઉપાડી શકતો. મોટી રકમ હોય તો કરન્સી ચેસ્ટમાંથી રકમ ઉપાડીને ગ્રાહકને અપાતી. આ સંપર્ક લગભગ તૂટયો. પાસ બુક હાથેથી લખીને અપાતી તેને બદલે પાસ બુકનાં પ્રિન્ટર્સ એ કામ કરતાં થયાં. આટલી સગવડો વધી, પણ તે દેખાવની જ રહી, કારણ મોટે ભાગે તો એટીએમ કે પાસબુક પ્રિન્ટર્સ ચાલુ હાલતમાં હોતાં જ નથી. છેલ્લાં થોડાં વર્ષોમાં બેન્કની સર્વિસ ઘટી છે ને ચાર્જિસ વધ્યા છે. એક સમય હતો જ્યારે ગ્રાહક ખાતું બંધ કરવાનું કહેતો, તો બેન્ક ગ્રાહક ગુમાવવા રાજી ન થતી. તે ગ્રાહકોને સાચવવા મથતી. હવે ખાતું ખૂલે કે બંધ થાય, બેન્કો નિર્લેપ ભાવે બધું સ્વીકારી લે છે. બેન્કો એડવાન્સિસ પર વધારે ધ્યાન આપતી થઈ. બલકે, તેને એમ કરવાની ફરજ પાડવામાં આવી. એને લીધે ડિપોઝિટ્સ પર ધ્યાન ઘટયું. ડિપોઝિટ્સના રેટ્સ પણ ઘટયા. ગ્રાહકો પણ ક્યાંથી વધુ વળતર મળે એની વેતરણમાં પડયા. લોન સસ્તી થઈ એટલે લોનનો ઉપાડ વધ્યો ને હવે એવી સ્થિતિ આવી છે કે બેન્કોની ડિપોઝિટ્સ ઘટવા લાગી છે. કેટલીક બેંકમાં કરોડોની ડિપોઝિટ ઘટયાના સમાચાર મહિના પર જ આવ્યા હતા. રિઝર્વ બેન્ક ગ્રાહકોને સતર્કતાના ઉપદેશો આપતી રહે છે, પણ તેની પાસે બેન્કોને સતર્ક રહેવા અંગે કૈં કહેવાનું નથી.

## NEWS BRIEF

### આટ્ર્સ અને કોમર્સ કોલેજ સંખેડામાં ઝવેરચંદ મેઘાણી વંદના: ગીતસ્પર્ધા કાર્યક્રમ



કમલેશ પટેલ | સંખેડા

આજ રોજ તા.06/12/2025 શ્રી આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજ સંખેડામાં ગુજરાતી વિભાગ દ્વારા રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણી વંદના: ગીતસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોએ મેઘાણી લિખિત-સંપાદિત-અનુવાદિત ગીતોનું ગાન કરીને મેઘાણીજીની વંદના કરી હતી. આ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓના નામ નીચે મુજબ છે: ગીતસ્પર્ધામાં પ્રથમ સ્થાને 1.ઘરિયા કૃણાલ અને 2. રાજપૂત દીપિકા, દ્વિતીય સ્થાને હરિજન તોરલ અને તૃતીય સ્થાને તડવી જય વિજેતા બન્યાં છે. આ કાર્યક્રમ કૉલેજ આચાર્યશ્રી ડૉ. ડી.વી. પટેલના પ્રેરણા અને પ્રત્સાહન અને પ્રા. રાજશ્રીબેન જોશીના માર્ગદર્શન હેઠળ ડૉ. સાધના ટાંક દ્વારા આયોજન કરવામાં આવ્યો હતો. આ ગીતસ્પર્ધમાં ડૉ. દિવ્યાંગ વ્યાસ અને ડૉ. કવિતા જોશીએ નિર્ણાયકની ભૂમિકા ભજવી હતી અને ડૉ. કનુભાઈ પરમારે સફળ સંચાલન કર્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજના અધ્યાપક ગણ અને સમગ્ર કૉલેજ પરિવારની સક્રિય હાજરી અને સહભાગીદારી થકી સફળતા પામ્યો હતો.

### પ્લાસ્ટિક ફ્રી નર્મદા ની યુવા ટીમને મોમેન્ટો આપી સન્માનિત કરાઈ



ભરત શાહ | નર્મદા

૬ રાજપીપળા જય અંબે અને પ્રણવ સ્કૂલ ના એન્યુઅલ ડે કાર્યક્રમ માં નીરજ પટેલ ના પ્લાસ્ટિક ફ્રી નર્મદા અભિયાન માં જોડાયેલ સમગ્ર યુવા ટીમ ના નીરજભાઈ પટેલ , દેવ શાહ અને ટીમ મોજીલું રાજપીપળા , ટીમ લાઈફ ઓફ નર્મદા , ટીમ અમેઝિંગ રાજપીપળા, આઈ લવ રાજપીપળા પેજ , સુન્નીભાઈ , ગૌરવભાઈ , કોમલબેન , સ્વેજલબેન નાઓ ને શાળા ના કાર્યક્રમ મા આમંત્રીત કરી તેમના આ ઉમદા કાર્ય ને બિરદાવી આ અભિયાન માં જોડાયેલા તમામ યુવાનો ને મોમેન્ટો આપી સન્માનિત કર્યા હતા, એ બદલ પ્લાસ્ટિક ફ્રી નર્મદા ની ટીમ ના સભ્યો એ શાળા સંચાલકો નો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

### ચાણસ્મા | 10 જાન્યુઆરી એ વિના મુલ્યે દાંત યજ્ઞ અને આંખો નિદાન કેમ્પનું આયોજન

નીતિન ઠાકર | ચાણસ્મા

ગાયત્રી મંદીર દ્વારા અગામી 10 જાન્યુઆરી ના રોજ ગાયત્રી મંદીર ખાતે નિ:શુલ્ક દાંત યજ્ઞ તથા આંખો ના નિદાન કેમ્પ નું આયોજન કરાયું છે આંખોના નિદાન બાદ જૈ દર્દી ને મોતિયા ના ઓપરેશન ની જરૂરિયાત પડશે તે દર્દી ને મોતિયા ના નિ:શુલ્ક ઓપરેશન કરી આપવામાં આવશે જ્યારે આ કેમ્પ માં દાંત ના નિષ્ણાંત તબીબ ડો જયશુંખ ભાઈ સેવા આપશે તો ચાણસ્મા આજુબાજુ ના ગામ ના આંખો દાંત ના દર્દીઓ એ ચાણસ્મા ગાયત્રી મંદીર ખાતે યોજાનાર કેમ્પ નો લાભ લેવા ગાયત્રી મંદીર પરિવાર ના અરવિંદભાઈ અને પશાભાઈ પટેલ ડેવિડ એ જણાવ્યું છે.

### રાજપીપળા | દર્દથી પીડાતા શ્વાનને પીડામુક્ત કરતી 1962ની ટીમ



ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લામાં કાર્યરત EMRI Green helth Service એનિમલ એમ્બ્યુલન્સ 1962 દ્વારા સ્વાન ને પીડા માંથી મુક્ત કરવામાં આવ્યો. નર્મદા જિલ્લામાં રખડતાં પશુ પક્ષી ને સારવાર મળી રહે તે હેતુસર ૧૯૬૨ કાર્યરત છે જેમાં રાજપીપળા ના ખાટકી વાડ વિસ્તાર માં એક શ્વાન પેરાફીમોસીસ નામની બીમારી થી પીડાતું હતુ, અને એક પશુ પ્રેમી વ્યક્તિ એ 1962 માં ફોન કર્યો ત્યારબાદ નર્મદા જિલ્લાની 1962 કરુણા એનિમલ એમ્બ્યુલન્સ ના ડોક્ટર અદનાન જાડિયા અને પાયલોટ ધર્મેન્દ્રભાઈ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા બાદ ઘણી મહેનત પછી સ્વાન ને પીડા માંથી મુક્ત કરવામાં આવ્યો હતો. સ્વાનને પીડા માંથી મુક્ત કરતા જીવદયા પ્રેમી એ ગુજરાત સરકારની 1962 કરુણા એનિમલ એમ્બ્યુલન્સ ના પશુ ચિકિત્સક તેમજ તેમની ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

## મહીસાગર LCBને મળી મોટી સફળતા : વિદેશી દારૂ અને ગાડી સહિત

# 1 કરોડ 30 લાખનો મુદ્દા માલ કબજે કર્યો

### પોલીસે એક આરોપી ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી









જગદીશ ત્રિવેદી | ખારોલ

મહીસાગર એલસીબીએ વિદેશી દારૂના જથ્થા સાથે એક આરોપીની અટકાયત કરવામાં આવેલી છે ટ્રાન્સપોર્ટ ના સામાનની આડમાં આરોપીએ બંધ બોડીના કન્ટેનરમાં ભારતીય બનાવટનું વિદેશી દારૂનો જથ્થો ભરીને મોડાસા તરફથી લુણાવાડા તરફ આવી રહ્યો હતો અને તે આ દારૂનો જથ્થો લઈને વડોદરા તરફ રવાના થવાનું હતું. મળેલી બાતમીના આધારે મહીસાગર એલ સી બી એ લુણાવાડા મોડાસા હાઈવે રોડ ઉપર વોચ ગોઠવી દીધી હતી ત્યારે તે અરસા માં લીંબડીયા તરફથી આવતા એક બંધ બોડીના કન્ટેનરની દારૂના જથ્થા સાથે એલસીબી પોલીસે ઝડપી પાડેલ હતા.

મહીસાગર જીલ્લા પોલીસ વાળાની સૂચના ના આધારિત મહીસાગર એલસીબીએ અલગ અલગ ટીમો બનાવીને જિલ્લામાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું તે સમયગાળા દરમિયાન એલસીબી પીઆઈ ની બાટલી મળી હતી કે મોડાસા તરફથી એક બંધ બોડી નું કન્ટેનરમાં દારૂ ભરીને આવી રહ્યો છે જેનો ગાડી નંબર RJ 14GQ 2269 છે અને તેમાં ટ્રાન્સપોર્ટનો સામાન પણ ભરેલો છે.

આ ટ્રાન્સપોર્ટ ના ભરેલા સામાન્યની આડમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ભરીને આ કન્ટેનર મોડાસા તરફથી લુણાવાડા થઈને વડોદરા તરફ જવાનું છે આવી મળેલી બાતમીના આધારે મહીસાગર lcb પોલીસી અલગ અલગ બે ટીમો બનાવી દઈને મોડાસા હાઈવે રોડ ઉપર નંદન આર્કેટ તરફ જવાના માર્ગ ઉપર વોચમાં ગોઠવાઈ ગયા હતા તે સમયગાળામાં લીંબડીયા તરફથી મળેલી બાપની વાળું કન્ટેનર લુણાવાડા તરફ આવતું જણાયું હતું જેને રોકીને તેમાં તપાસ કરતો એબીસી ટ્રાન્સપોર્ટ કંપની પ્રાઈવેટ લિમિટેડ પરચુરણ માલ સામાન ભરેલો હતો અને તે માલ સામાનની આડમાં વિદેશી દારૂનો જથ્થો ભરેલો મળી આવવા પામ્યો હતો ત્યારે આ બંધ બોડીના માલ સામાનની આડમાં ભરેલા દારૂના જથ્થા વાળા કન્ટેનરની લુણાવાડા પોલીસ સ્ટેશન લઈ જઈને વધુ તપાસ હાથ ધરતો કન્ટેનરમાંથી વિવિધ બ્રાન્ડના નાના-મોટા ૮૦૬૪ નંગ કાચની બોટલો નો જથ્થો મળી આવવા પામ્યો હતો જેની કિંમત રૂપિયા ૧૭,૦૨,૬૫૬/- નો વિદેશી બ્રાન્ડ નો દારૂ તથા અન્ય બીજો મુદ્દા માલ મળી કુલ રૂપિયા ૧,૩૦,૭૫,૮૦૮/- ગાડી સાથે નો મુદ્દા માલ કબજે કરી આરોપી કાશીદ મોહમ્મદ ખાન, રહેવાસી ગામ માનવતા, જિલ્લો નુહુ હરિયાણાની ઝડપી પાડીને લુણાવાડા પોલીસ સ્ટેશન ખાતે રોહિબિશનનો ગુનો દાખલ કરીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### કળીયુગી પૌત્ર એ મિલકત માટે પોતાની વયોવૃધ્ધ દાદીનું કુહાડીના ઘા ઝીંકીને ઢીમ ઢાળી દીધું

કિશન રોહિડા | જરોદ



જરોદ પોલીસ સ્ટેશન ની હદ માં આવતા નાનકડા ગામ અભરામપુરા ખાતે પોતાના પરિવાર સાથે રહેતા દરીયાબહેન ગલ્લા ભાઈ ચૌહાણ ઉ વર્ષ 90 ના તેમના પૌત્ર નામે કરણસિંહ પ્રવિણસિંહ ચૌહાણ ઉ વર્ષ 26 ના ઓ એ મિલકત ની અંગત અદાવત રાખીને પોતાના ઘરના આંગણે જ પોતાની દાદીમા દરિયા બહેન નું કુહાડી ના ઘા ઝીંકીને હત્યા કરી નાંખતા અભરામપુરા ગામે ગમગીની ફેલાઇ જવા પામી છે હત્યા ની જાણ જરોદ પોલીસ મથકે થતાં પી આઈ બારોટ અને પી એસ આઇ રાઠવા પોતાના ચુનંદા સ્ટાફ સાથે ઘટનાસ્થળે દોડી જઇ ને હત્યારા કરણ ચૌહાણ ની ગણતરી મિનિટોમાં ધરપકડ ને હત્યા પામનાર વયોવૃધ્ધ દરીયા બહેન ના મૃતદેહ ને જરોદ રેફરલ હોસ્પિટલ ખાતે મોકલી આપી કરણ ચૌહાણ ને દબોચી લઇને પોલીસ કસ્ટડીમાં મુકીને આગળ ની કાર્યવાહી જરોદ પોલીસે હાથ ધરી છે જરોદ પોલીસ સ્ટેશનના હદમાં બનેલ હત્યા ના બનાવ ને લ ઈ ને વડોદરા રૂરલ DySP આકાશ પટેલ જરોદ પોલીસ મથકે દોડી આવીને ઘટના સ્થળનું નિરીક્ષણ કરી જરોદ પોલીસની કામગીરીની પ્રશંસા કરી હતી.

## MPના અપહરણકારોએ બે મહિલા, એક બાળક અને 1 પુરુષનું અપહરણ કર્યું : પોલીસે બચાવ્યા

નીતિન ઠાકર | ચાણસ્મા



સૌરાષ્ટ્ર જામનગર જિલ્લાના કાલાવડ ગ્રામ્ય વિસ્તારમાં થી મધ્ય પ્રદેશ ના અપહરણકારો દ્વારા બે મહિલા સહિત નાનો બાળક અને એક પુરુષ નું અપહરણ કરીને બોલેરો જીપ ગાડીમાં બેસાડીને ભાગી છુટતા કાલાવડ ગ્રામ્ય સ્થાનિક પોલીસ ને જાણ થતાં તમામ કંટ્રોલ રૂમ ને જાણ કરાતાં જરોદ પોલીસ સ્ટેશન ને મળેલ મેસેજ મુજબ જરોદ પોલીસે જરોદ રેફરલ હોસ્પિટલ ના ચાર રસ્તા પર નાકાબંધી કરી વાહનો તપાસતા મળેલ માહિતી મુજબ બોલેરો ગાડી નંબર જીજે 10 ડીએન 0301 ને નાકાબંધી દ્વારા કોર્ડન કરી ઉભી રખાતા અપહરણ થયેલ બે મહિલા નામે ઉષાબેન વા,ઓ, કૈલાસ ભાઇ સુપડુ સોલંકી ઉ વર્ષ 40 ધંધો ઘરકામ તથા ખેતીકામ ( 2) નિશાબેન વા,ઓ, કૈલાસ ભાઇ સુપડુ ભાઇ સોલંકી ઉ વર્ષ 15 ધંધો ઘરકામ તથા ( 3) કૈલાસ ભાઇ સુપડુ ભાઇ સોલંકી ઉ વર્ષ 42 ધંધો ખેત મંજૂરી ત્રણેય હાલ રહે,ધુન ધોરાજી તા, કાલાવડ જી, જામનગર મૂળ રહે,સેધવા ગામ તા,જી,બડવાણી મધ્ય પ્રદેશ હોવાનું જણાવતા જરોદ પોલીસ સ્ટેશન ના અધિકારી ઓ એ બોલેરો ગાડી સહિત અપહરણકારો 1 વિક્રમ ભાઇ રામસિંગ દેસાઈ રહે અડવાડા,તા,આમબુવા જી અલીરાજપુર મધ્ય પ્રદેશ 2 શમશેર પારમસિગ માવી રહે,બડીફાટ તા,ભાભરા જી, અલીરાજપુર 3 ગુડુ કાદિ માવી રહે, બડીફાટ તા ભાભરા જી અલીરાજપુર 4 ગનુ રંગસિઘ માવી રહે, બડીફાટ તા ભાભરા જી અલીરાજપુર ઓ એ પોલીસ પુછપરછમાં અપહરણ નું કબુલતા ચારેય અપહરણ કારો ને દબોચી લ ઈ કાલાવડ ગ્રામ્ય પોલીસ જરોદ મારતી ગાડીએ આવી પહોંચતા જરોદ પોલીસે અપહરણ થનાર અને અપહરણ કારો ને સોંપી દીધાં હતાં.

## રાજપીપળાના સ્વામિનારાયણ ગુરુકુળ દ્વારા ઉત્તરાયણ સુધીમાં

# 1000 ધાબળા વિતરણનો લક્ષ્ય

ભરત શાહ | નર્મદા



સ્વામિનારાયણ ગુરૂકુળ રાજપીપળા તરફથી 2025 ના નવા વર્ષના પ્રારંભમાં જરૂરિયાતમંદ વ્યક્તિઓ ને ધાબળા વિતરણ શરૂ કરવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ રાજપીપળા શહેર તેમજ આસપાસ ના ગ્રામ્ય વિસ્તારમાં રહેતા જરૂરિયાત મંદો કે જેઓ ટેન્ટ માં રહેતા હોય તેવા ને ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું, રાજપીપળા શહેરમાં અને ગ્રામ્યમાં આજુબાજુ ના મળી ઉતરાયણ પર્વ સુધી સ્વામિનારાયણ ગુરુકુળ તરફથી 1,000 થી વધુ ધાબડાઓનું વિતરણ કરવામાં આવી રહ્યું છે, આ સેવાકાર્ય નો એક ઉદ્દેશ એ છે કે જરૂરિયાત મંદની સેવા કરવી અને સમાજને એક શીખ આપવી કે સમાજના શ્રેષ્ઠિઓ કે આપણે તો ઘરની અંદર હીટરો મૂકી કે ઘર બંધ કરી સુઈ ઠંડી સામે રક્ષણ મેળવી શકીએ છીએ પરંતુ જરૂરિયાતમંદ માણસો પોતાની મજબૂરીના કારણે રોજી રોટી માટે વતન કે અન્ય શહેરો માં ફરતા ફરતા હોય એની પાસે ઓઢવાનું કોઈ સાધન હોતું નથી, અને ઘણા તો એવા નિરાધાર, લાચાર દરિદ્ર નારાયણ હોય છે જેઓ રોડ ઉપર રહેતા હોય ત્યારે એવા લોકો પાસે પણ ઠંડી સામે રક્ષણ મેળવવા કઈ નથી હોતું તે માટે હાલમાં સ્વામિનારાયણ સંપ્રદાયનું ભગીરથ કાર્ય થઈ રહ્યું છે જેમાં સમગ્ર સંપ્રદાયમાં સંતો શિયાળાની ઋતુમાં ધાબળા વિતરણ કરી રહ્યા છે એ અંતર્ગત રાજપીપળા ગુરુકુળ માંથી પણ 1000 ઉપરાંત ધાબળાનું વિતરણ પાંચ દિવસમાં પૂર્ણ કરવામાં આવશે.

### માનવ સેવા એજ પ્રભુ સેવાના સુત્રને સાર્થક કરતી સંસ્થાઓ દ્વારા

## ઉના ખાતે આવેલ ગૃપ્તપ્રયાગ વૃધ્ધ આશ્રમમાં ગરમ ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજુલા તથા જાફરાબાદ સિટીઝન ફોરમ ઓન હ્યુમન રાઇટ્સ તથા મહિલા સુરક્ષા સેવા સંસ્થા બન્ને સંસ્થાઓ દ્વારા દરવર્ષેની પ્રણાલીકા મુજબ વૃધ્ધ લોકો ને ગરમ ધાબળા નું વિતરણ કરવામાં આવ્યું

ઉનાના ગુપ્તપ્રયાગ વૃધ્ધ આશ્રમ ખાતે તા/૦૫/૦૧/૨૦૨૫ ના રોજ છેલ્લા બારેક વર્ષ થી સિટીઝન ફોરમ ઓન હ્યુમન રાઇટ્સ તથા મહિલા સુરક્ષા સેવા સંસ્થા બન્ને (NGO) દ્વારા વૃધ્ધ આશ્રમ ના વૃધ્ધ લોકો ને ગરમ ધાબળા તેમજ મિઠાઈ નું વિતરણ કરવામાં આવ્યું આ કાર્યક્રમ ગુપ્તપ્રયાગ આશ્રમના મહંત શ્રી પરમ પૂજ્ય કાના બાપુ ની અધ્યક્ષ સ્થાને તેમની નિશ્રામાં યોજવામાં આવ્યો હતો તેમજ દાંતા શ્રી ઓ પરષોત્તમભાઈ રામજીભાઈ અરવિંદભાઈ પટેલ તથા સમીરભાઈ ગઢીયા દાંતા શ્રી ઓ દ્વારા આપવામાં આવેલ ગરમ ધાબળા ઓ તથા એડવોકેટ બાલકૃષ્ણ સોલંકી દ્વારા મીઠાઈ ના દાંતા શ્રી ઓ નું આ સંસ્થા તરફથી આભાર માન્યો હતો અને શ્રી એચ.એમ.ધોરી સાહેબ દ્વારા પ્રવચન આપવામાં આવ્યું હતું પુજ્ય કાના બાપુ એ સનાતન ધર્મ વિશેનું મહત્વ સારીરીતે સમજાવવામાં આવ્યું હતું ઉપસ્થિત રહેલ તમામ મહાનુભાવો દ્વારા પરમપૂજ્ય કાના બાપુનું ફુલ હારથી સન્માન કરવામાં આવ્યું હતું અને આ સંસ્થા ના પ્રમુખ શ્રી રાકેશભાઈ જોષી એ સ્વ ગીતાબેન જોષી ની સ્મૃતિમાં મિતીદાન અપાયું હતું અને દરેક વૃધ્ધો ને કવર આપવામાં આવ્યાં હતાં સમગ્ર કાર્યક્રમમાં સિટીઝન ફોરમ ઓન હ્યુમન રાઇટ્સ ના (NGO) ના પ્રમુખ રાકેશભાઈ જોષી, નેશનલ ચેરમેન શ્રી એચ.એમ. ધોરી, મહિલા સુરક્ષા સેવા સંસ્થા (NGO) ના પ્રમુખ શ્રી નિધીબેન જોષી, વિગેરે ઉપસ્થિત રહી કાર્યક્રમને શોભાવ્યો હતો સમગ્ર કાર્યક્રમનું સંચાલન સિટીઝન ફોરમ ઓન હ્યુમન રાઇટ્સ ના નેશનલ ચેરમેન એચ. એમ. ધોરીએ કહ્યું હતું આ સંપૂર્ણ કાર્યક્રમ રંગેચંગે પૂર્ણ થયો હતો સૌ લોકો એ સાથે અલ્પાહાર લઈ સૌ છુટા પડ્યા હતા.

### રાજપીપળાના હરસિધ્ધિ માતાના મંદિર સામેની લારીઓ કલેક્ટરના આદેશ બાદ પાલિકા દ્વારા હટાવવામાં આવી

# પાલિકાએ લારીઓ હટાવતા વસાવા મદદે આવ્યા

ભરત શાહ | નર્મદા



રાજપીપળા ના હરસિધ્ધિ માતાના મંદિર સામે ની લારીઓ કલેક્ટર ના આદેશ બાદ પાલિકા દ્વારા હટાવવામાં આવી હતી જેના કારણે આજરોજ દેડિયાપાડા ધારાસભ્ય ચૈતર વસાવા સાથે આપ ના નર્મદા જિલ્લા પ્રમુખ નિરંજન વસાવા, મહામંત્રી અર્જુનભાઈ માછી, પાલિકા પૂર્વ પ્રમુખ મહેશભાઈ શરાદભાઈ વસાવા તેમજ અન્ય હોદ્દેદારો તેમજ કાર્યકરો એ લારી સંચાલકો સાથે હરસિધ્ધિ મંદિરે મુલાકાત કરી ત્યારબાદ આખો કાફલો પગપાળા પાલિકા કચેરી પર પહોચ્યો હતો.

જોકે ત્યાં પહેલેથી જ ચુસ્ત પોલીસ હતો ત્યારે ચૈતર વસાવા નો કાફલો પાલિકા પર પહોંચે તે પહેલાં જ પોલીસે અટકાવતા પોલીસ અને ચૈતર ભાઈ ના કાફલા વચ્ચે થોડી ચકમક થઈ ત્યારબાદ અમુક લોકોને પાલિકા માં મુખ્ય અધિકારી અને પ્રમુખ ને મળવા જવા દેતા ચૈતર વસાવા સહિત આપ ના અન્ય હોદ્દેદારો અને લારી ના સંચાલકો સાથે પાલિકા ના પૂર્વ પ્રમુખ મહેશ વસાવા અંદર ગયા હતા, જ્યાં પ્રોફેશનલ ચીફ ઓફિસર મુસ્કાન ડાંગર અને પાલિકા પ્રમુખ ધર્મિષ્ઠાબેન પટેલ ને મળ્યા બાદ ચૈતર વસાવા અને તેમના ટેકેદારો એ જણાવ્યું આ લારી વાળા ત્યાં વર્ષોથી ધંધો કરતા હોય તેમનું ગુજરાન આ લારી ગલ્લા પર જ ચાલે છે અને તેમાં કેટલાક તો વિધવા બહેનો પણ છે માટે ફરી ત્યાં લારી ઊભી રહેવા દેવાની રજૂઆત કરતા પાલિકા માં ચીફ ઓફિસર નો ચાર્જ સંભાળતા મુસ્કાન ડાંગર સાથે પાલિકા પ્રમુખ ધર્મિષ્ઠાબેન પટેલે આ તમામ ને બ ત્રણ દિવસ બાદ ફરી ત્યાં જ લારી ગલ્લા મૂકવાં દેવાની હૈયાધારણા આપી હતી જેથી ચૈતર વસાવા સહિત નાઓ એ આ વાત સાંભળી પાલિકા સત્તાધીશો નો આભાર માન્યો અને જો આ જગ્યા નહી આપી તો પુનઃ આંદોલન ની ચીમકી પણ ઉચ્ચારી હતી.

## મહીસાગર | મહાકુંભ 3.0 અંતર્ગત કબડ્ડી ભાઈઓની સ્પર્ધાનો પ્રારંભ

જગદીશ ત્રિવેદી | લુણાવાડા



ગુજરાત સરકારશ્રીના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગના સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગરના ઉપક્રમે ગુજરાત રાજ્યમાં ખેલ મહાકુંભ૩.૦નું આયોજન કરવામાં આવેલ છે.

જે અંતર્ગત મહીસાગર જીલ્લાના લુણાવાડા તાલુકામાં વેદાંત ઈન્ટરનેશનલ સ્કુલ,બાલાશિનોર તાલુકામાં વેરાસા પ્રાથમિક શાળા, સંતરામપુર તાલુકામાં શ્રી શારદા વિદ્યાલય કાલીબેળ, વીરપુર તાલુકામાં ડિવાઈન વિદ્યા સંકુલ, કડાણા તાલુકામાં સાર્વજનિક વિદ્યાલય લીંભોલા અને ખાનપુર તાલુકામાં શ્રી જ્ઞાન શક્તિ ટ્રાઈબલ રેસિડેન્શિયલ સ્કુલ ગાંગટા ખાતે તમામ વય જૂથ કબડ્ડી ભાઈઓની સ્પર્ધાનો પ્રારંભ થયો. સાથે સાથે જીલ્લા કક્ષા કરાટે તમામ વય જૂથ ભાઈઓ-બહેનો સ્પર્ધા ઈન્દિરા મેદાન નગરપાલિકા હોલ ખાતે પ્રારંભ થયો.

આ સ્પર્ધામાં મહીસાગર જીલ્લાના ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

## રાજુલાના આગેવાનોએ અમરેલી સાંસદ સામે ગેસની પાઇપ લાઇન બાબતે રજુઆત કરી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



રાજુલા તાલુકાના ભેરાઈ ગામે કંડલા ગોરખપુર ગેસની પાઈપલાઈન નીકળે છે જે ગુગલ પર સર્વે કરી આડેધડ નાખવામાં આવી રહી હોય એ બાબતે સાંસદ ભરતભાઈ સુતરિયા ને ભેરાઈ ગામના યુવા સરપંચ વાલભાઈ રામ ઉપસરપંચ શિવાભાઈ રામ સહીતના ગ્રામજનોએ રજુઆત કરેલ કે હાલમાં જે ગેસ લાઈન નખાઈ રહેલ છે જે ખેડૂતો ની કિંમતી જમીનમાં ભેરાઈ થી નિગાળા વચ્ચે આડેધડ માપણી કરી નાખવામાં આવનાર છે જેના બદલે ભેરાઈ ગામના જ સર્વે નંબર 603 સરકારી પડતરમાં નખાઈ તો ખેડૂતો ની કિંમતી જમીન બચી જાય અને સરકાર ને પણ ખેડૂતો ને મોંઘું વળતર ન ચૂકવવું પડે જે તે સમયે ગેસ લાઇન નો સર્વે કરવા આવનાર ની ભૂલે હાલમાં ભેરાઈ ગામના ખેડૂતોને અને સરકાર ની તિજોરીને પણ માર પડનાર હોય સર્વેની શરતચૂકતા સુધારવા સાંસદ ને રજુઆત કરેલ અને સાંસદ એ પણ ખેડૂતો માટે અંગત રસ લઈ હકારાત્મક અભિગમ અપનાવતા સંબંધિત જે તે વિભાગને સૂચના આપી રિ સર્વે કરાવવા ની ખાત્રી આપેલ.

# બાળકના ગળામાં કંઇ ફસાઇ જાય તો તરત અપનાવો આ 3 ઉપાય



નાના બાળકનું શરીર ખૂબ નાજુક હોય છે. બાળકોને ખબર નથી હોતી કે તેમના માટે શું સાચું છે અને શું ખોટું છે. નાના બાળકો નવી વસ્તુઓ જોઈને એટલા કુતૂહલ બની જાય છે કે તેઓ તેને મોઢામાં મૂકી દે છે. નાના બાળકોને હંમેશા એવું લાગે છે કે તેમની આંખોને જે ગમે છે તે તેમના માટે ખાવા માટે છે. ઘણી વખત બાળક નાના બોલ, સિક્કા, રાજમા, જાડા ચણા મોઢામાં લે છે. ઘણી વખત આવી વસ્તુઓ તેમના ગળામાં ફસાઈ જતી, ગળા માંથી કાઢવી ખુબ મુશ્કેલ બની જાય છે અને બાળકને પણ તકલીફ થાય છે. અમુક કેસમાં તે જીવલેણ પણ બની શકે છે. બાળકના ગળામાં કોઈ વસ્તુ ફસાઈ જાય તો સૌથી પહેલા તે રડવાનું શરૂ કરે છે, ગળામાં ફસાયેલી વસ્તુ તેની શ્વાસ નળીમાં જતી રહે છે અને તેની શ્વાસ લેવાની પ્રોસેસ ધીમી પડતી જાય છે.બાળકના ગળામાં ફસાયેલી વસ્તુને દૂર કરવી પણ જરૂરી છે કારણ કે તે બાળકના મૃત્યુનું કારણ બની શકે છે. મોટા ભાગના માતા-પિતાને ખબર હોતી નથી કે બાળકના ગળામાં કંઈક ફસાઈ જાય તો શું કરવું.

ડો. તરુણ આનંદ કહે છે કે બાળકના ગળામાં કંઈક ફસાઈ જાય તો માતા-પિતાએ ગુસ્સે થવાનું કે નર્વસ થવાનું ટાળવું જોઈએ. ધ્યાનમાં રાખો કે તમારું બાળક તેના ગળામાં વસ્તુ ફસાઈ જાય તે પહેલા જ માનસિક અને શારીરિક રીતે પરેશાન છે, આવી સ્થિતિમાં, જો તમે ગુસ્સે અથવા ગભરાઈ જાઓ છો, તો તેની મુશ્કેલી વધુ વધશે. માટે મનને શાંત રાખીને જ કામ કરો.

આંગળી વડે દૂર કરવાનો પ્રયાસ કરો- જો બાળકના ગળામાં કંઈક ફસાઈ ગયું હોય, તો પહેલા બાળકનું મોં ખોલવાનો પ્રયાસ કરો. જો કોઈ વસ્તુ ઉપરની તરફ દેખાતી હોય તો તેને આંગળી વડે દૂર કરવાનો પ્રયાસ કરો. બાળકના મોંમાં આંગળી નાખતી વખતે ખાતરી કરો કે તમારે અટકેલી વસ્તુને ઉપર ખેંચવાની છે. જો તમે તેને નીચેની તરફ ધકેલી દો છો, તો તે બાળક માટે સમસ્યા ઊભી કરી શકે છે.

બાળકને શાંત રાખો- જો ગળામાં કંઈક અટવાઈ જાય તો બાળકને શાંત કરવાનો પ્રયાસ કરો. આ સ્થિતિમાં, બાળકને બેસવું કે ઊભું રાખો. ડોક્ટરના કહેવા પ્રમાણે, જો બાળકના ગળામાં કંઈક ફસાઈ જાય તો બાળકને સૂવા દેવાનું નહીં. જો બાળકના ગળામાં કોઈ નક્કર વસ્તુ અટવાઈ જાય તો તેની પીઠ પર 5 વાર હળવો થપથપાવો. આ તેને ઉધરસ અથવા છીંકવામાં મદદ કરી શકે છે. જ્યારે બાળક જોરશોરથી ખાંસી કે છીંક ખાય છે, ત્યારે તે ગળામાં ફસાયેલી વસ્તુને બહાર કાઢવામાં મદદ કરે છે.



# તમારા ટોયલેટમાં કીડીઓ જોવા મળી રહી છે ? આ બીમારીના હોઇ શકે છે સંકેત

કોઈપણ વ્યક્તિના ઘરમાં ઘણીવાર બાથરૂમમાં કીડીઓ જોવા મળે તો એ ઘરની વ્યક્તિની બીમારીનો સંકેત આપે છે. તમારી જાણકારી માટે તમને જણાવી દઈએ કે બાથરૂમમાં કીડીઓ અન્ય કારણોસર પણ દેખાઈ શકે છે. જેમ કે જો કીડીઓ બાથરૂમમાં કોઈ જંતુ જુએ છે, અથવા જો સિંક, ટબ કે શાવરનું પાણી યોગ્ય રીતે ન નીકળતું હોય તો પણ કીડીઓ પણ દેખાઈ શકે છે. બાથરૂમમાં ટૂથપેસ્ટ નાખવામાં આવે તો પણ તમને કીડીઓ આવી શકે છે. શૌચાલયના ટીપાં, શાવરમાં મોલ્ડ, અને ત્વચાના મૃત કોષો અથવા ખરતા વાળ પણ કીડીઓનું કારણ બની શકે છે. જો કે અમે જણાવી રહ્યા છે તે બાબતમાં બાથરૂમમાં કીડીઓ આવવા પાછળનું કારણ ઘણીવાર ડાયાબિટીસ સાથે જોડાયેલું હોય છે. જ્યારે શરીરમાં ઈન્સ્યુલિનની ઉણપ હોય છે, ત્યારે વ્યક્તિ ડાયાબિટીસનો શિકાર બને છે. તમારી જાણકારી માટે તમને જણાવી દઈએ કે સ્વાદુપિંડમાંથી નીકળતા પ્રવાહીને ઈન્સ્યુલિન કહેવામાં આવે છે. તેનું મુખ્ય કાર્ય લોહીમાં સુગર લેવલ ઘટાડવાનું છે. ડાયાબિટીસ સંપૂર્ણપણે જીવનશૈલી અને આહાર સાથે સંબંધિત રોગ છે. જો ખાવાની આદતોમાં કોઈ ગરબડ હોય તો ડાયાબિટીસ થઈ શકે છે. આટલું જ નહીં લીવરની સમસ્યા અને થાઈરોઈડને કારણે પણ ડાયાબિટીસ થઈ શકે છે. જો તમે ડાયાબિટીસના શિકાર બનો છો, તો શરૂઆતના લક્ષણો શરીર પર ઘણી રીતે દેખાય છે.

## ડાયાબિટીસથી તમારી જાતને કેવી રીતે બચાવવી

- જો તમારે ડાયાબિટીસને કંટ્રોલમાં રાખવો હોય તો સૌથી પહેલા તમારે તમારા આહારને નિયંત્રણમાં રાખવો પડશે. મર્યાદામાં ખાંડ ખાઓ. દવા પણ સમયસર લો.
- જો તમે ડાયાબિટીસના દર્દી છો તો તમારે ઈજા થવાનું ટાળવું જોઈએ. કારણ કે ડાયાબિટીસમાં ઈજાઓ ઝડપથી રૂઝાતી નથી. નખ કાપતી વખતે કેટલીક બાબતોનું ધ્યાન રાખો.
- ડાયાબિટીસના દર્દીએ કસરત કરવી જ જોઈએ. તેથી, સવારે શક્ય તેટલું ચાલવું, જોગ કરવું અને દોડવું. તેનાથી ડાયાબિટીસ કંટ્રોલમાં રહે છે.



**ડાયાબિટીસના લક્ષણો |** ડાયાબિટીસના પ્રારંભિક લક્ષણો ખૂબ જ સામાન્ય છે. જેમ કે વારંવાર પેશાબ થવો, ભૂખ લાગવી, ટોયલેટમાં કીડીઓ મળવી, આ બધા લક્ષણો સૂચવે છે કે તમે ડાયાબિટીસના શિકાર બન્યા છો. આ સિવાય વજન વધવું, નબળાઈ આવવી, ઘા રૂઝાવવામાં સમય લાગવો એ ડાયાબિટીસના લક્ષણો હોઈ શકે છે. ડાયાબિટીસ હંમેશા કીડીઓનું કારણ નથી. જો તમે ખાતરી કરવા માંગતા હોવ કે તમને ડાયાબિટીસ છે કે નહીં, તો તમારે પહેલા બ્લડ ટેસ્ટ કરાવવો પડશે. કારણ કે આ રોગ સામાન્ય જીવનશૈલી સંબંધિત રોગ છે પરંતુ જો તે વધે તો તે વ્યક્તિનો જીવ પણ લઈ શકે છે.

# વધતા શુગર લેવલને કન્ટ્રોલ કરશે આ વસ્તુઓ, ડાયાબિટીસના દર્દીઓ માટે તો અમૃત સમાન

**દેશ અને દુનિયામાં ડાયાબિટીસ એક રોગચાળા તરીકે ઉભરી આવ્યો છે. આ એક એવી લાઈફસ્ટાઈલ ડિસીઝ બની ગઈ છે જેને તમે સારી લાઈફસ્ટાઈલ દ્વારા જ કંટ્રોલ કરી શકો છો. કારણ કે આ રોગ સંપૂર્ણપણે નાબૂદ થઈ શકતો નથી. તેના દર્દીએ તેના આહારનું ખૂબ ધ્યાન રાખવું પડે છે. જો તમને તમારા શરીરમાં શુગરના લક્ષણો દેખાય છે, તો તેને બિલકુલ અવગણશો નહીં. ડાયાબિટીસને દવાઓથી કંટ્રોલ કરવાની સાથે આ આયુર્વેદિક ઉપાયો અવશ્ય અપનાવો. ત્યારે જો બ્લડ સુગર વધી જાય તો તેને નિયંત્રિત કરવા માટે કયા ઉપાયો અજમાવવા જોઈએ? ચાલો જાણીએ**




**સરગવાના પાન |** ડ્રમસ્ટિક એટલે કે સરગવાના પાન અને શીંગો ડાયાબિટીસના દર્દીઓ માટે ખૂબ જ ફાયદાકારક છે. તે બ્લડ સુગર લેવલ ઘટાડે છે, ઈન્સ્યુલિન અને મેટાબોલિઝમ ઝડપથી વધારે છે.

**વરિયાળી |** વરિયાળી ખાવાથી શુગર કંટ્રોલ કરવામાં મદદ મળે છે. વરિયાળી ખાવાથી પેટ ઠંડુ રહે છે. જો કે, ડાયાબિટીસના દર્દી માટે આ ઘરગથ્થુ ઉપચારો સાથે આહાર અને દવાઓનું ધ્યાન રાખવું જરૂરી છે.

**ગિલોય |** ગિલોય તેના રોગપ્રતિકારક શક્તિ વધારવાના ગુણો માટે જાણીતું છે પરંતુ તે બ્લડ શુગરના સ્તરને નિયંત્રિત કરવામાં પણ મદદ કરે છે અને સ્વાદુપિંડને સ્વસ્થ બનાવે છે, જે તેને ડાયાબિટીસના દર્દીઓ માટે ફાયદાકારક બનાવે છે.

**કારેલા |** આયુર્વેદમાં કહેવાયું છે કે કારેલાનો રસ શુગરની માત્રા ઘટાડવામાં મદદ કરે છે. તમે કાકડી અને ટામેટાનો રસ પણ કારેલાના રસમાં મિક્સ કરીને પી શકો છો. આ જ્યૂસને રોજ પીવાથી ડાયાબિટીસ કંટ્રોલ કરી શકાય છે.

**મેથી દાણા |** મેથીના દાણા ડાયાબિટીસમાં અમૃત સમાન છે. રોજ સવારે મેથીનું પાણી પીવાથી શુગર ઝડપથી કંટ્રોલ થાય છે. 1 ચમચી મેથીના દાણાને એક ગ્લાસ પાણીમાં આખી રાત પલાળી રાખો. આ પાણીને સવારે ખાલી પેટ પીવો. તમે મેથીના દાણાને ચાવીને પણ ખાઈ શકો છો.

# વિટામિન્સ મિનરલ્સ અને પોષક તત્વોથી ભરપૂર ફૂલગોબી

દેશ વિદેશ માં બધેજ ફુલાવર એ “ફૂલ ગોબી” નામે પ્રચલિત છે,ફ્લાવર ને ગુજરાતીઓ પ્રેમથી ફુલાવર, ફુલીવર વગેરે થી મન પડે એ નામથી બોલે છે.સો માંથી ૯૯ લોકોને ફ્લાવર ભાવતું જ હોય છે ભાગ્યેજ ફ્લાવર કોઈને ભાવતું નથી હોતું. બ્રકોલી કરતા પણ ફ્લાવર માં પોષક તત્વો નું પ્રમાણ વધારે હોય છે. એવું માનવામાં આવે છે કે ફ્લાવર ના પાન ના રસ નું નિયમિત સેવન કરવાથી કેન્સર જેવા રોગો પણ મટી જતા હોય છે. શિયાળા માં આવતું ખાસ શાક ફ્લાવર નો ટેસ્ટ એટલો સરસ હોય છે કે એનો કાચો સલાડ પણ ટેસ્ટી લાગે છે. સામન્ય રીતે ફુલાવર ઠંડા વાતાવરણ મા વધારે થાય છે એટલે એને શિયાળા મા આવતો પાક માનવામાં આવે છે.ફ્લાવર ની ખેતી એ ખેડૂત ને લખપતિ બનાવતો પાક માનવામાં આવે છે.ખેતી નો કુલ વિસ્તાર ૩૦૦૦ હેક્ટર માં ૬,૮૫,૦૦૦ ટન ફ્લાવર નું ઉત્પાદન થતું હોય છે.પહેલા ફુલાવર નો પાક શિયાળા ની ઋતુ માં અથવા તો ઠંડા પ્રદેશ માં લેવાતો હતો પરંતુ વર્તમાન સમયમાં ખાસ ટેકનીક થી ફુલાવર નો પાક બારે મહિના લેવામાં આવે છે.આ પાછલ મુખ્ય કારણ બજાર માં ફ્લાવર ની માંગ વધારે પડતી છે. વર્તમાન સમય માં રેસ્ટોરન્ટ કલ્ચર ના લીધે વિદેશી વાનગીઓ ની માંગ વધારે છે ને મોટાભાગ ની વિદેશી વાનગીઓ ફુલાવર ગોબી વગર બનતી નથી. કૃષિ વૈજ્ઞાનિક ના મંતવ્ય અનુસાર ફૂલ ગોબી રોપ્યા બાદ ૭૦ થી ૮૦ દિવસ માં પાક આવવા લાગે છે મોડા માં મોડું ૧૦૦ થી ૧૬૦ દિવસ થાય છે.ફૂલ ગોબી ની જાત ખૂબ સંવેદન શીલ હોવાના લીધે એને વિક્સવા માટે ૧૫ થી ૨૦ સેલ્સિયસ તાપમાન અનુકૂળ આવે છે.સારી ડ્રેનેજ ધરાવતી હલકી સરળ ચીકણી માટી જેમાં પાણી ભરાઈ જવાની સમસ્યા ના હોય એવી જમીન ફુલાવર ના પાક માટે અનુકૂળ રહે છે. જમીન ની ph મૂલ્ય ૫.૫ થી ૬.૮ વચ્ચે હોવું જરૂરી છે.

વર્તમાન સમયમાં ફૂલ ગોબી ની અનેક પ્રકારની જાત ખેતી ની વ્હેલી મોડી સીઝન અનુરૂપ ઉપલબ્ધ છે જેવી કે અર્લી કુનારી,પૂસા કટિકી, પુસાં દિપાલી, સમર કિંગ લેટ, પંત સુભ્રા, પૂસાં સિંથેટીક વગેરે વગેરે

આમ તો ફુલાવર એ ભારત માં પ્રાચીન સમયથી વાવેતર થતું શાક નથી. ભારત માં અંગ્રેજી શાસન દરમિયાન ફૂલ ગોબી કે ફ્લાવર એ ભારતીય કિચનમાં વિધિવત પ્રવેશ કર્યો હતો.આ ખાસ શાક ની ખેતીની પદ્ધતિ પણ અંગ્રેજી શાસન માં જ ખેડૂતો ને શીખવવા માં આવી હતી. યુનાઈટેડ સ્ટેટ,મેક્સિકો,ઇટાલી અને સ્પેન એ ફૂલ ગોબી નું મૂળ જન્મ સ્થળ છે. આમ તો ફૂલ ગોબી નો ઈતિહાસ સાયપ્રસ ટાપુ સાથે વધારે સંકળાયેલો છે ૧૨મી અને ૧૩ ની સદી મા આરબ દેશો માં ફૂલગોબી નું અસ્તિત્વ નો દાવો થયેલ છે.યુરોપિયન દેશો માં ત્યારે ફુલગોબી ને સાયપ્રસ કોલવોર્ત થી ઓળખતી હતી.૧૬ મી સદી માં ટાપુ ના ફ્રેન્ચ લુસિગ્નન શાસકો દ્વારા સાયપ્રસ થી ફૂલગોબી ના બીજ નો પશ્ચિમી યુરોપ ના દેશમાં વેપાર થતો હતો.આજ રીતે ૧૪૯૦ માં સાયપ્રસ અથવા તો ભૂમધ્ય સમુદ્ર ના પૂર્વ કિનારા થી ઈટાલી માં ફૂળગોબી ના બીજ પ્રવેશ્યા હતા ને ત્યાંથી સમગ્ર યુરોપિયન દેશો માં ફૂલ ગોબી ના બીજ પ્રવેશ્યા બાદ એની વ્યાપક ખેતી થવા લાગી..

આકર્ષક સફેદ સુંદર ફૂલ જેવી દેખાતી ફૂલ ગોબી માં પુષ્કળ વિટામિન્સ મિનરલ્સ અને પોષકતત્વો ઉપલબ્ધ હોય છે.ફૂલગોબી માં મુખ્યત્વે ફોસ્ફરસ,પોટેશિયમ સલ્ફર,ચૂનો,સોડિયમ,આયર્ન અને પ્રોટીન વિટામિન્સ વગેરે હોય છે. ગ્રેટ બ્રિટન અને ઈટાલી માં જાંબલી ફૂલ ગોબી જોવા મળે છે,યુ એસ અને યુરોપ માં સફેદ ની સાથે લીલા કલર ની ફૂલગોબી થાય છે,આમ વિવિધ નારંગી,લાલ વગેરે કલર ની ફૂલગોબી જોવા મળે છે.

ફ્લાવર માંનું પોષક તત્વ ના લીધે દવાઓ માં પણ ભરપુર ઉપયોગ થાય છે.ચાલો ત્યારે ફ્લાવર વિશે જાણકારી તો મેળવી લીધી પરંતુ શું તમે જાણો છો? એની વિવિધ રેસિપી ઓ વિશે,નહિ? તો ચાલો જાણીએ:



ફૂલ ગોબી અથવા ફ્લાવર

- રુપાલી દવે

## ફુલાવરના પરોઠા



આમ તો ખૂબ ઓછા લોકો ફુલાવર ના પરોઠા વિશે જાણતા હશે.કેમકે કોબી,મૂળા ના પરોઠા શિયાળા ની ઋતુ માં ઘણા ઘરો માં બનતા હોય છે કે રેસ્ટોરન્ટ માં પણ મૂળા,કોબી ના પરાઠાનો સ્વાદ ખૂબ એન્જોય કર્યો જ હશે. ચાલો જાણીએ ફુલાવર ના પરાઠા ની રેસીપી.

**૧, કિલો ફુલાવર,લીલી ડુંગળી,લીલું લસણ,આદુ અને લીલા મરચા પેસ્ટ સ્વાદ અનુસાર,નમક મસાલો, બે ચમચી બ્રેડક્રમ**

**રીત:** ઘઉં ના ઝીણા લોટ ને નમક,તેલ,જીરું અને પાણી ભેળવી ને મસળી ને રોટલી ના લોટ ની માફક બાંધો. ફ્લાવર ના મોટા મોટા ટુકડા કરીને કાચા પાકા ગરમ પાણી માં બાફો.ફ્લાવર બફાઈ જાય એટલે હાથ વડે એક સરખું કરો.કડાઈ માં તેલ ગરમ કરી ને એમાં લીલા લસણ,લીલી ડુંગળી અને લસણ આદુ ની પેસ્ટ અને નમક મસાલો નાખીને ચમચ વડે સોનેરી થાય ત્યાં સુધી સાંતળો.કડાઈ નીચે ઉતારી ને એમાં ફુલાવર નાખી ને બધું એકસરખું મિક્સ કરો. ફુલાવર નું નામ મિક્સર ઠંડુ પડે એટલે એમાં ધીમે ધીમે બ્રેડ ક્રમશ નાખી હલાવો જેથી પરોઠા માં ભરવાના ફ્લાવર ના માવા માં પાણી નો ભાગ ના રહે. લોટ નો લુવો વણી ને એમાં ફ્લાવર નો માવો ભરી ને વણી ને નોન સ્ટીક તવી પર મૂકી ને તેલ માં તળી લ્યો.

**નોંધ: ફુલાવર ના પરોઠા ટમેટાંની ચટણી અને આચાર સાથે ખૂબ સ્વાદિષ્ટ લાગે છે.**

## ફુલાવરના બારબેક્યું



બારબેક્યું રેસ્ટોરન્ટમાં જમવા જઈએ છીએ ત્યારે પનીર વગેરે બરબેક્યું સાથે ફ્લાવર નું બાર્બેક્યું પણ હોય છે. આપણા ને ખૂબ ભાવે છે એટલે ઘરે પણ બનાવવાની ટ્રાય કરીએ છીએ પરંતુ રેસ્ટોરન્ટ જેવુ નથી બનતું,કેમ? ચાલો રેસ્ટોરન્ટ સ્ટાઈલ માં ફુલાવર નું બારબેકયું બનાવીએ

**કિલો ફ્લાવર ના મોટા મોટા પ્રમાણસર ટુકડા કરીને કલાક પાણી માં પલાળી રાખો. ફુલાવર ના પ્રમાણસર ટુકડા ને મેંદા ના મસાલા વાળા પાતળા ખીરા માં ડુબાડી ને બર્બેક્યું સળિયા માં નાખી ને જાળી વાળા વાસણ પર મૂકી દેવાના જેથી વધારા નું ખીરું નીતરી જાય. ત્યાર બાદ તૈયાર બરબેકયું સળિયા ને ગેસ અથવા સગડી પર મૂકીને ઉપર નીચે ફેરવો. દસ મિનિટ માં રેસ્ટોરન્ટ જેવા ફુલાવર ના બારબેક્યુ રેડી થઈ જશે.** કિલો ફ્લાવર ના મોટા મોટા પ્રમાણસર ટુકડા કરીને કલાક પાણી માં પલાળી રાખો.ફુલાવર ના પ્રમાણસર ટુકડા ને મેંદા ના મસાલા વાળા પાતળા ખીરા માં ડુબાડી ને બર્બેક્યું સળિયા માં નાખી ને જાળી વાળા વાસણ પર મૂકી દેવાના જેથી વધારા નું ખીરું નીતરી જાય. ત્યાર બાદ તૈયાર બરબેકયું સળિયા ને ગેસ અથવા સગડી પર મૂકીને ઉપર નીચે ફેરવો. દસ મિનિટ માં રેસ્ટોરન્ટ જેવા ફુલાવર ના બારબેક્યુ રેડી થઈ જશે.

**નોંધ : ફુલાવર ના બાર્બેકયું ને કોથમીર મરચા લસણ અને શીંગ દાળિયા ની ચટણી સાથે ગરમા ગરમ પીરસો.**

મિત્રો,ફ્લાવર અને કોબી નો વપરાશ કરતા પહેલા ખાસ ધ્યાન રાખવુ જરૂરી છે.ફ્લાવર અને કોબી માં નાનકડા જીવ જંતુઓ હોવાના વળી એના પર કેમિકલ યુક્ત દવાઓ નો છંટકાવ થતો હોય છે. ફ્લાવર કોબી નો ઉપયોગ કરતા પહેલા કમ સે કમ કલાક અડધી કલાક પાણી માં પલાળી ને રાખવાના.જો ઉપયોગ તાત્કાલિક કરવો પડે એમ હોય તો સહેજ ગરમ પાણી માં પાંચેક મિનિટ રાખીને બેત્રણ વખત ધોઈ ને ઉપયોગ માં લેવા જોઈએ. ફ્લાવર કોબી ની અંદર રહેલ સૂક્ષ્મ જીવ જંતુ ખોરાક વટે અન્નનળી માં જતા પેટના રોગો થઈ શકે છે.

# ગોલ્ડન ગ્લોબ 2025

## ભારતની 'ઓલ વી ઈમેજીન એઝ લાઈટ' રેસમાંથી બહાર, 'એમિલિયા પેરેઝ' અને 'ધ બ્રુટાલિસ્ટ'ને સૌથી વધુ એવોર્ડ મળ્યા

કેલિફોર્નિયામાં વિશ્વના સૌથી પ્રતિષ્ઠિત એવોર્ડ્સ પૈકીના એક ગોલ્ડન ગ્લોબ એવોર્ડ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. પાયલ કાપડિયાની ફિલ્મ 'ઓલ વી ઈમેજિન એઝ લાઈટ'ને 82મા ગોલ્ડન ગ્લોબ એવોર્ડ્સમાં 2 કેટેગરીમાં ભારતમાંથી નોમિનેટ કરવામાં આવી હતી, જોકે ફિલ્મ આ એવોર્ડ જીતવામાં ચૂકી ગઈ હતી. પાયલ કાપડિયા દ્વારા ડિરેક્ટ ફિલ્મ 'ઓલ વી ઈમેજિન એઝ લાઈટ'ને બેસ્ટ ફિલ્મ (નોન-ઈન્ગ્લિસ લેંગ્વેજ) અને બેસ્ટ ડિરેક્ટરની શ્રેણીમાં નોમિનેટ કરવામાં આવી હતી. બેસ્ટ ફિલ્મ કેટેગરીમાં ફ્રેંચ ફિલ્મ 'એમિલિયા પેરેઝ'ને સૌથી વધુ એવોર્ડ મળ્યા છે. ડિરેક્ટર બ્રેડી કોર્બેટને તેમની ફિલ્મ 'ધ બ્રુટાલિસ્ટ' માટે બેસ્ટ ડિરેક્ટરનો ગોલ્ડન ગ્લોબ એવોર્ડ મળ્યો છે.




### ગોલ્ડન ગ્લોબ વિજેતાઓની યાદી પર એક નજર

| | |
|---|---|
| ■ બેસ્ટ પિક્ચર (ડ્રામા) | ધ બ્રુટાલિસ્ટ |
| ■ બેસ્ટ એક્ટર (મોશન પિક્ચર - ડ્રામા) | એડ્રિયન બ્રોડી (ફિલ્મ-ધ બ્રુટાલિસ્ટ) |
| ■ બેસ્ટ ફિમેલ એક્ટર (મોશન પિક્ચર - ડ્રામા) | ફર્નાન્ડા ટોરેસ (ફિલ્મ- આઈ એમ સ્ટિલ હેયર) |
| ■ બેસ્ટ ફિમેલ એક્ટ્રેસ (મોશન પિક્ચર- મ્યૂઝિક/કોમેડી) | ડેમી મૂરે (ફિલ્મ-ધ સબ્સટેંસ) |
| ■ બેસ્ટ સ્ક્રિન પ્લે | પીટર સ્ટ્રોગન (ફિલ્મ- કોલક્લેવ) |
| ■ શ્રેષ્ઠ ડિરેક્ટર | બ્રેડી કોર્બેટ (ધ બ્રુટાલિસ્ટ) |
| ■ બેસ્ટ ઓરિજિન સ્કોર | ચેલેન્જર્સ |
| ■ બેસ્ટ ઓરીજીનલ સોન્ગ | અલ મલ (ફિલ્મ- એમિલિયા પેરેઝ) |
| ■ બેસ્ટ એક્ટ્રેસ ટીવી સિરીઝ | જીન સ્માર્ટ (ટીવી સિરીઝ- હેક્સ) |
| ■ બેસ્ટ એક્ટર ટીવી સિરીઝ | હીરોયુકી સનાદા (ટીવી સિરીઝ- શોગુન) |


પાયલ કાપડિયા ગોલ્ડન ગ્લોબમાં બેસ્ટ ડિરેક્ટર માટે નોમિનેટ થનારી પ્રથમ ભારતીય મહિલા બેસ્ટ ડિરેક્ટર માટે નોમિનેટ થનારી પાયલ પ્રથમ ભારતીય ફિલ્મ ડિરેક્ટર છે. તેની ફિલ્મ 'ઓલ વી ઈમેજિન એઝ લાઈટ' ભલે ગોલ્ડન ગ્લોબ જીતવાનું ચૂકી ગઈ હોય,
પરંતુ આ ફિલ્મને આ વર્ષે મે મહિનામાં કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ગ્રાન્ડ પ્રિક્સ એવોર્ડ મળ્યો છે. 'ઓલ વી ઈમેજીન એઝ લાઈટ' ઉપરાંત એમિલિયા પેરેઝ, ધ ગર્લ વિથ ધ નીડલ, આઈ એમ સ્ટીલ હીયર, ધ સીડ ઓફ ધ સેક્રેડ ફિગ અને વર્મીગ્લો જેવી ફિલ્મોને પણ બેસ્ટ ફિલ્મ (નોન-ઈન્ગ્લિસ લેંગ્વેજ) કેટેગરીમાં સામેલ કરવામાં આવી હતી.

RRR ગીતને 2023માં એવોર્ડ મળ્યો હતો આ વર્ષની જેમ ગયા વર્ષે પણ ભારત ગોલ્ડન ગ્લોબમાં કોઈ એવોર્ડ મેળવી શક્યું ન હતું. જો કે, વર્ષ 2023 માં, એસએસ રાજામૌલીની ફિલ્મ RRR ના ગીત 'નાટુ નાટુ'ને બેસ્ટ ઓરિજિનલ સોંગ કેટેગરીમાં એવોર્ડ મળ્યો હતો. ગોલ્ડન ગ્લોબ એવોર્ડ્સ શું છે? ગોલ્ડન ગ્લોબ એવોર્ડ દર વર્ષે એવા લોકોને આપવામાં આવે છે જેમણે ફિલ્મ અને ટીવીમાં શ્રેષ્ઠ કામ કર્યું છે. આ પુરસ્કારોનું આયોજન હોલિવૂડ ફોરેન પ્રેસ એસોસિએશન (HFPA) દ્વારા કરવામાં આવે છે. ગોલ્ડન ગ્લોબ્સ એવા એક્ટર, પ્રોડ્યૂસર અને ડિરેક્ટરોનું સન્માન કરે છે જેમણે ફિલ્મો અને ટીવી શોમાં ઉત્કૃષ્ટ કામ કર્યું છે.

# આમિરની સતત 8 ફિલ્મો રહી હતી ફ્લોપ

## 'દિલ' એક્ટર માટે વરદાનરૂપ સાબિત થઈ, જો ન ચાલી હોત તો સવાલો ઉઠ્યા હોત

(એજન્સી) મુંબઈ | તા.06



આમિર ખાને પોતાના ફિલ્મી કરિયરમાં ઘણી હિટ ફિલ્મો આપી છે, પરંતુ એક સમય એવો હતો જ્યારે તેની સતત 8 ફિલ્મો ફ્લોપ થઈ હતી. જો કે, પછી ઈન્દ્ર કુમાર દ્વારા ડિરેક્ટ થયેલી ફિલ્મ 'દિલ'એ તેનું નસીબ બદલી નાખ્યું. તેના તાજેતરના ઈન્ટરવ્યુમાં ઈન્દ્ર કુમારે 'દિલ' વિશે વાત કરી અને કહ્યું કે આ ફિલ્મ આમિર અને તેની (ઈંદ્રા) કારકિર્દી માટે વરદાન સાબિત થઈ છે.
સિદ્ધાર્થ કન્નન સાથે વાત કરતા ઈન્દ્ર કુમારે કહ્યું, 'કયામત સે કયામત તક બાદ આમિરની સતત આઠ ફિલ્મો ફ્લોપ થઈ ગઈ હતી. આમિર સખત મહેનત કરી રહ્યો હતો, પરંતુ ફિલ્મની સફળતા એક્ટર પર નહીં પણ ડિરેક્ટર પર નિર્ભર છે. જો આ ફિલ્મમાં કામ ન થયું હોત તો બંનેની કારકિર્દીને અસર થઈ હોત. જો 'દિલ' ન ચાલ્યું હોત તો અમારી કારકિર્દી પર પણ સવાલો ઉભા થયા હોત. 'દિલ' ફિલ્મના નિર્દેશક ઈન્દ્ર કુમાર.
ઈન્દ્ર કુમારે એમ પણ કહ્યું કે આમિરમાં હંમેશા ટેલેન્ટ હોય છે, તેને માત્ર એક સારી તકની જરૂર છે. આ પછી તેને 'દિલ' ફિલ્મ મળી અને પછી તેની કારકિર્દી એવી રીતે આગળ વધી કે તેણે ક્યારેય પાછું વળીને જોવું ન પડ્યું. આમિર ખાનની ફિલ્મ 'દિલ' વર્ષ 1990માં રીલિઝ થઈ હતી. આ ફિલ્મ ઈન્દ્ર કુમારે ડિરેક્ટ કરી હતી. આ તે વર્ષની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ હતી. આ ફિલ્મમાં આમિર ખાન સાથે માધુરી દીક્ષિત જોવા મળી હતી. આમિર ખાનની છેલ્લી રિલીઝ 2022ની 'લાલ સિંહ ચઢ્ઢા' હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ખરાબ રીતે ફ્લોપ થઈ હતી, જેના પછી આમિર ખાને ફિલ્મોમાંથી બ્રેક લેવાની જાહેરાત કરી હતી. આ પછી આમિરે 'લાપતા લેડીઝ'નું નિર્માણ કર્યું.

# યૂટ્યૂબર જ 'ડિજિટલ અરેસ્ટ'ના સંકજામાં ફસાવ્યો!

(એજન્સી) મુંબઈ | તા.06

યૂટ્યૂબર અંકુશ બહુગુણાએ સોશિયલ મીડિયા પર વીડિયો પોસ્ટ કરીને જાણકારી આપી કે તેને સ્કેમર્સે 40 કલાક સુધી ડિજિટલ અરેસ્ટ રાખ્યો હતો. અંકુશે આ વીડિયોમાં કહ્યું- હું હજી પણ સદમામાં છું. મેં પૈસાની સાથે-સાથે મારી માનસિક શાંતિ પણ ગુમાવી. હું માની નથી શકતો કે મારી સાથે આવું બન્યું છે. અન્ય લોકો સાથે આવું ન થાય તે માટે હું આ વીડિયો પોસ્ટ કરી રહ્યો છું.
અંકુશે કહ્યું- તમારામાંથી ઘણા લોકો તેના વિશે જાણે છે પરંતુ ઘણાને ખબર નથી કે સ્કેમર્સ તમને કંટ્રોલ કરવા માટે કઈ હદ સુધી જઈ શકે છે. ઘણી વખત તમે થોડી સેકંડમાં કૌભાંડ શોધી કાઢો છો પરંતુ જો તમે મારા જેવા છો તો જાળમાં ફસાઈ શકો છો. અંકુશ બહુગુણાના YouTube પર 745K એટલે કે 7.45 લાખ સબસ્ક્રાઈબર્સ છે. તેઓ કોમેડી અને મેકઅપ ટિપ્સના વીડિયો બનાવે છે.
સ્કેમર્સ પોલીસ યુનિફોર્મમાં હતા, ગુનેગારોના નામ લઈને પૂછપરછ કરવામાં આવી રહી હતી અંકુશે કહ્યું- જ્યારે હું જીમમાંથી પાછો આવ્યો ત્યારે મને એક ખૂબ જ વિચિત્ર નંબર પરથી ફોન આવ્યો. તે આંતરરાષ્ટ્રીય નંબર જેવો દેખાતો હતો. મેં વધારે વિચાર્યા વગર ફોન ઉપાડ્યો. તે એક ઓટોમેટેડ કોલ હતો, એક ઓટોમેટેડ કોલ જે કહેતો હતો કે મારા કુરિયરની ડિલિવરી રદ કરવામાં આવી છે. મદદ માટે શૂન્ય દબાવો. મેં કોઈને કંઈ પણ કુરિયન કર્યું નથી છતાં મેં શૂન્ય દબાવ્યું.



# 'મૈં હી કેબિનેટ હૂં...'

## કંગના રનૌતએ કર્યો યુદ્ધનો શંખનાદ, ફિલ્મ 'ઈમર્જન્સી'નું નવું ટ્રેલર રિલીઝ; લોકોએ કહ્યું-માસ્ટર ક્લાસ...

(એજન્સી) મુંબઈ | તા.06

છેલ્લા 9 વર્ષથી ફ્લોપ અને ડિઝાસ્ટર ફિલ્મોમાં વ્યસ્ત કંગના રનૌતની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'ઈમરજન્સી'નું નવું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. ફિલ્મ 17 જાન્યુઆરીથી સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. કંગનાની ફિલ્મને સેન્સર બોર્ડ તરફથી સર્ટિફિકેશન માટે ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. આખરે, આ ફિલ્મ 13 સીન પર સેન્સરની કાતર લાગ્યા બાદ રિલીઝ માટે મંજૂરી મળી છે.




એક મિનિટ 50 સેકન્ડના આ ટ્રેલરમાં કંગના રનૌતે પોતાની એક્ટિંગથી બધાનું દિલ જીતી લીધું છે. કંગના અને તેની ફિલ્મના સોશિયલ મીડિયા પર ખૂબ વખાણ થઈ રહ્યા છે. લોકોને તો લાગી રહ્યું છે કે આ ફિલ્મ માટે તેને તેનો પાંચમો નેશનલ એવોર્ડ મળી શકે છે. 'આપ એક ખુર્સી પર નહીં, શેર પર સવાર હૈં' જો આપણે ટ્રેલરની વાત કરીએ તો તેની શરૂઆત જયપ્રકાશ નારાયણની ભૂમિકામાં અનુપમ ખેરની ઝલકથી થાય છે. જયપ્રકાશ નારાયણના પાત્રમાં અનુપમ ખેર તત્કાલીન વડાપ્રધાનને પત્ર લખતા જોવા મળે છે. આ સમયે ડાયલોગ સંભળાય રહ્યો છે કે- 'જૈસે કી હમ સબ દેખ રહે હૈં કી અબ આપ એક ખુર્સી પર નહીં, શેર પર સવાર હૈં, જિસકી દહાડ ઔર હુંકાર દુનિયાભર મેં ગુંજતી હૈં' 'મૈં હી કેબિનેટ હૂં' આ પછી કંગના રનૌત પોતાની પીએમઓ ઓફિસમાં દેશની પ્રથમ મહિલા વડાંપ્રધાન ઈન્દિરા ગાંધીના રોલમાં બેઠી છે. જ્યારે ભારતમાં 'ઈમરજન્સી' લગાવવા પર તે રાષ્ટ્રપતિને મળવા જાય છે ત્યારે રાષ્ટ્રપતિ તેને કહી રહ્યા છે કે તેના માટે કેબિનેટની મંજૂરી જોઈશે. આ સમયે કંગનાની એક પંચ લાઈન સામે આવે છે અને તે કહે છે કે 'મૈં હી કેબિનેટ હૂં...'. 1971માં જનતા અને પોલીસ વચ્ચે ગોળીઓના અવાજ સાથે અથડામણ બાદ યુદ્ધની ઘોષણા કરવાની ઝલક જોવા મળે છે. દુશ્મનોને હરાવીને બહાદુર ભારતીય સેનાની ઝલક પણ છે અને ટ્રેલરમાં મિલિંદ સોમન સેમ માણેકશાની ભૂમિકામાં દેખાઈ રહ્યા છે.

**ફિલ્મ 17 જાન્યુઆરીએ રિલીઝ થશે આ ફિલ્મમાં કંગના રનૌત, અનુપમ ખેર, શ્રેયસ તલપડે, સતીશ કૌશિક, મિલિંદ સોમન, મહિમા ચૌધરી જેવા દિગ્ગજ કલાકારો દેશના રાજકીય નેતાઓની ભૂમિકા ભજવી રહ્યા છે. ફિલ્મનું ડિરેક્શન કંગના રનૌતે પોતે કર્યું છે. આ ફિલ્મ 17 જાન્યુઆરીએ રિલીઝ થઈ રહી છે. 'મણિકર્ણિકા' સિવાય છેલ્લાં 9 વર્ષમાં કંગના રનૌતની તમામ ફિલ્મો ફલોપ સાબિત થઈ છે. હવે કંગના અને તેના ચાહકોને આ ફિલ્મ પાસેથી ઘણી અપેક્ષાઓ છે. કંગનાના ફેન્સને આ ટ્રેલર ઘણું પસંદ આવ્યું છે. લોકોએ ટ્રેલરને કહ્યું-માસ્ટર ક્લાસ. સર્ટિફિકેટના અભાવે ફિલ્મની રિલીઝ અટકાવી દેવામાં આવી હતી ફિલ્મ 'ઈમર્જન્સી' 14 જૂન, 2024ના રોજ રીલિઝ થવાની હતી. જોકે, લોકસભાની ચૂંટણીને કારણે તેને મોકૂફ રાખવામાં આવી હતી. આ ફિલ્મ 6 સપ્ટેમ્બર 2024ના રોજ રીલિઝ થવાની હતી, જોકે, રિલીઝના થોડા દિવસો પહેલાં જ સેન્સર બોર્ડે ફિલ્મને સર્ટિફિકેટ આપવાની ના પાડી દીધી હતી.**

# તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા.. સીરિયલમાં 'બબીતા'નો રોલ કેવી રીતે મળ્યો? મુનમુન દત્તાએ ફોડ પાડ્યો

(એજન્સી) મુંબઈ | તા.06


ટીવીના પોપ્યુલર શો 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં બબીતાનો રોલ મુનમુન દત્તા કરી રહી છે. આ ટીવી શો ના દરેક પાત્રો ઘર-ઘરમાં જાણીતા છે. મુનમુન દત્તા વર્ષોથી આ શો નો હિસ્સો છે. ત્યારે હવે હાલમાં જ કોરિયોગ્રાફર અને ડાયરેક્ટર ફરાહ ખાન મુનમુન દત્તાના ઘરે પહોંચી હતી. ફરાહ ખાન તેની પાસેથી બંગાળી ડિશ બનાવતા પણ શીખી. આ દરમિયાન ફરાહે એક્ટ્રેસને તેના શરૂઆતના દિવસો અંગે સવાલ કર્યા હતા. મુનમુનને પૂછ્યું કે આખરે તારહ મહેતા શો માં તને કામ કેવી રીતે મળ્યું હતું. તેનો જવાબ આપતા મુનમુને કહ્યું કે, મેં આ શો માટે ઓડિશન્સ આપ્યા હતા. ઓડિશન આપ્યા બાદ જ મને આ શો માં કામ મળ્યું હતું. જ્યારે હું કોલેજમાં હતી ત્યારે મેં એક શો કર્યો હતો.
ત્યારે હું માત્ર 17 વર્ષની હતી. એક્ટ્રેસે નાની ઉંમરમાં જ ઈન્ડસ્ટ્રીમાં પ્રવેશ કર્યો અને અનેક એડ અને ફિલ્મ પ્રોજેક્ટ્સમાં કામ કર્યું. મુનમુને શાહરૂખ ખાન સાથે પણ એક એડમાં કામ કર્યું હતું. આ દરમિયાન એક્ટ્રેસે કિંગ ખાન સાથે કામ કરવા અંગેનો પોતાનો અનુભવ ફરાહ ખાન સાથે શેર કર્યો હતો.

### શાહરૂખ ખાન મુનમુન દત્તાનો બાળપણનો ક્રશ

એક્ટ્રેસે આગળ કહ્યું કે, મેં 'હમ સબ બારાતી' શો કર્યો હતો. એક્ટિંગ ફિલ્ડમાં તે મારો પહેલો અનુભવ હતો. મને ખબર જ નહોતી કે એક્ટિંગ કેવી રીતે કરવાની હોય છે. શાહરૂખ ખાન સરની અંદર તારક મહેતા શો માટે એક અલગ જ સ્થાન છે. તેઓ અમારા બધાની ઈજ્જત કરે છે. તે મારો બાળપણનો ક્રશ પણ રહી ચૂક્યો છે. લોકોનું કહેવું છે કે, તમારે તમારા ક્રશને ન મળવું જોઈએ, પરંતુ શાહરૂખ સરને મળ્યા બાદ તો હું તેને વધુ પ્રેમ કરવા લાગી.

# કાર્તિક આ મહિને અનુરાગ બસુની લવ સ્ટોરીનું શૂટિંગ શરૂ કરશે...

મુંબઈ: કાર્તિક આર્યન તાજેતરમાં કરણ જોહરનાં બેનરની 'તુ મેરી મૈ તેરા, મૈ તેરા તુ મેરી' સાઈન કરીને ચર્ચામાં આવ્યો છે. જોકે, હાલ તે આ ફિલ્મનું શૂટિંગ શરુ નહીં કરે. પહેલાં તે અનુરાગ બસુ નાં દિગ્દર્શન હેઠળની અને લવ સ્ટોરી પર આધારિત ફિલ્મનું શૂટિંગ ચાલુ કરશે.



બસુની ફિલ્મનું મુહૂર્ત થઈ ચૂક્યું છે. જોકે, હજુ ફિલ્મનું ટાઈટલ નક્કી નથી. ફિલ્મમાં કાર્તિક સામે હિરોઈન તરીકે શર્વરી વાઘ નક્કી થઈ છે. પહેલાં હિરોઈનનો રોલ તૃપ્તિ ડિમરી કરવાની હતી પરંતુ છેલ્લી ઘડીએ તૃપ્તિની જગ્યાએ શર્વરીને રિપ્લેસ કરવામાં આવી છે. આ ફિલ્મ આગામી વર્ષે રીલિઝ થવાની છે. અગાઉ એવી અટકળ હતી કે આ ફિલ્મ 'આશિકી થ્રી' હોઈ શકે છે. જોકે, બાદમાં 'આશિકી' ફ્રેન્ચાઈઝીના મૂળ નિર્માતા મુકેશ ભટ્ટે વાંધો ઉઠાવતાં આ ફિલ્મ 'આશિકી થ્રી' નહિ પરંતુ અલગ જ લવ સ્ટોરી હોવાનું જાહેર કરાયું હતું. બીજી તરફ 'તુ મેરી મૈ તેરા , મૈ તેરા તુ મેરી' પણ આવતાં વર્ષે રીલિઝ કરવાનું નક્કી થયું છે.

# એક્ટ્રેસ ચાહત ખન્નાનું ઈન્સ્ટા હેક, પચ્ચીસ લાખ ફોલોઅર્સ ગુમાવ્યા

મુંબઈ: જાણીતી ટીવી એક્ટ્રેસ ચાહત ખન્નાનું ઈન્સ્ટા એકાઉન્ટ હેક થઈ ગયું હતું. તેની ટીમે અથાગ પ્રયાસ બાદ આ એકાઉન્ટ રિકવર કર્યું હતું. પરંતુ, આ દરમિયાન તેના પચ્ચીસ લાખ ફોલોઅર્સ ગાયબ થઈ ગયા છે. ચાહકે કહ્યું હતું કે તેનું એકાઉન્ટ હેક થઈ જતાં તેને ભારે આઘાત લાગ્યો હતો. તેણે તમામ સિક્યોરિટી પ્રોટોકોલ્સનું પાલન કર્યું હતું તેમ છતાં પણ હેકર્સએ તેના એકાઉન્ટની એક્સેસ મેળવી લીધી હતી. તેની ટીમે મેટા કંપની સાથે ફોલો અપ કર્યું હતું. તેના કારણે તેને એકાઉન્ટ તો પાછું મળી ગયું છે પરંતુ તેના પચ્ચીસ લાખ ફોલોઅર્સ ગાયબ થઈ ગયા છે. ચાહત સાથે બીજીવાર સાયબર ક્રાઈમની ઘટના બની છે. અગાઉ પણ તેના એક પરિચિતે જ તેનું ઈન્સ્ટા એકાઉન્ટ હેક કરી લીધું હતું. તે વ્યક્તિ સાથે સામાન્ય તકરાર થયા બાદ તેણે બદલો વાળવા માટે ચાહતનું સોશિયલ મીડિયા એકાઉન્ટ હેક કરી લીધું હતું તે વખતે ચાહતે પોલીસ ફરિયાદ પણ નોંધાવી હતી.



# 'હૈદર' જેવો લુક અને 'કબીર સિંહ'નો ગુસ્સો...!

## બોલિવૂડનો નવો એન્ગ્રી યંગ મેન, શાહિદની એક્શન થ્રિલર 'દેવા'નું ટીઝર રિલીઝ

(એજન્સી) મુંબઈ | તા.06

લાંબા સમયથી શાહિદ કપૂરના ફેન્સ તેને સ્ક્રિન પર જોવા માટે ઉત્સુક છે. એવામાં ફિલ્મ 'દેવા'નું ટીઝર રિલીઝ થયું હતું, જેમાં 'હૈદર' વાળો લુક અને 'કબીર સિંહ'નો ગુસ્સો જોવા મળી રહ્યો છે. એક્શન થ્રિલર ફિલ્મમાં શાહિદનો ઉગ્ર અને ખતરનાક અંદાજ જોવા મળશે.
ખતરનાક પોલીસના રોલમાં શાહિદ 'દેવા'ના ટીઝરમાં, શાહિદ તેના 'હૈદર' જેવા લુકમાં જોવા મળે છે, જે લોહીલોહાણ અને લડાઈથી ડરતો નથી. ફિલ્મમાં શાહિદ પોલીસકર્મીની ભૂમિકા ભજવી રહ્યો હોવા છતાં તેની સ્ટાઈલ સંપૂર્ણપણે બળવાખોર જેવી લાગી રહી છે. એક્ટરનો ડાન્સ, જબરદસ્ત એક્શનને જોવા માટે ચાહકો ટ્રેલરની રાહ જોઈને બેતાબ થઈ રહ્યા છે. બોલિવૂડનો નવો એન્ગ્રી યંગ મેન આ એક્શન થ્રિલર ફિલ્મ સાથે શાહિદ કપૂર પણ અમિતાભ બચ્ચન જેવા એંગ્રી યંગ મેન તરીકે પોતાની ઈમેજ ઉભી કરવા માટે તૈયાર છે. ટીઝરમાં તે એક્શન સિક્વન્સ કરતો જોવા મળી રહ્યો છે. જો કે, અગાઉ રિલીઝ થયેલા પોસ્ટરમાં પણ શાહિદને અમિતાભની ઝંજીરનો ફેન બતાવવામાં આવ્યો હતો. પોસ્ટરમાં તે મોઢામાં સિગારેટ પકડીને ખતરનાક લુક આપતો જોવા મળ્યો હતો. ફિયરલેસ અંદાજ ફેન્સને ખૂબ જ ગમ્યો શાહિદ કપૂરનો ફિયરલેસ લુક ફેન્સને ખૂબ જ પસંદ આવી રહ્યો છે. યુઝર્સનું કહેવું છે કે વર્ષ 2025 શાહિદ માટે સારા નસીબ લઈને આવ્યું છે. શાહિદનો આ રેમ્પેજ મોડ બધાને પસંદ આવી રહ્યો છે. યુઝર્સે લખ્યું- કબીર સિંહ વાઈબ્સ, આલા રે આલા 'દેવા' આલા. બીજાએ લખ્યું- ઈન્ડસ્ટ્રીએ હજુ સુધી શાહિદ કપૂરને ઓળખ્યો નથી. તે ડાન્સ-રોમાન્સથી લઈને એક્શન સુધીની દરેક બાબતમાં અદભૂત છે.



## આયર્લેન્ડ સામે ODI સિરીઝ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત

# મંધાનાને બનાવાઈ કેપ્ટન



### વનડે સિરીઝ માટે ટીમ ઈન્ડિયા કેટલી મજબૂત છે?

ભારતીય ટીમમાં અનુભવી ખેલાડીઓની સાથે યુવા ખેલાડીઓને પણ તક મળી છે. વિકેટકીપર બેટર ઉમા છેત્રી, મિનુ મણિ, પ્રિયા મિશ્રા અને તનુજા કંવર ટીમનો ભાગ છે. આ સાથે જ અનુભવી વિકેટકીપર બેટ્સમેન રિચા ઘોષ, જેમિમાહ રોડ્રિગ્ઝ અને રાઘવી બિસ્ટને પણ તક મળી છે. ભારતીય ટીમ એકદમ સંતુલિત દેખાઈ રહી છે. તેણે તાજેતરમાં જ વેસ્ટ ઈન્ડિઝને વનડે સિરીઝમાં 3-0થી હરાવ્યું હતું.

### આયર્લેન્ડ સામેની ત્રણ મેચની વનડે સિરીઝ માટે ભારતની મહિલા ટીમ

સ્મૃતિ મંધાના (કેપ્ટન), દીપ્તિ શર્મા (વાઈસ-કેપ્ટન), પ્રતિકા રાવલ, હરલીન દેઓલ, જેમિમાહ રોડ્રિગ્સ, ઉમા છેત્રી (વિકેટકીપર), રિચા ઘોષ (વિકેટકીપર), તેજલ હસબનીસ , રાઘવી બિસ્ટ, મિનુ મણિ, પ્રિયા મિશ્રા, તનુજા કંવર, તિતાસ સાધુ, સાયમા ઠાકોર, સયાલી સતઘરે

મહિલા ક્રિકેટમાં ભારતનો સામનો આયર્લેન્ડ સામે થશે. ભારતીય મહિલા ટીમ 10 જાન્યુઆરીથી વનડે સિરીઝ રમશે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે આ સિરીઝ માટે ટીમની જાહેરાત કરી છે. હરમનપ્રીત કૌર અને રેણુકા સિંહ ટીમ ઈન્ડિયાનો ભાગ નથી. સ્મૃતિ મંધાનાને મોટી જવાબદારી સોંપવામાં આવી છે.
મંધાના આયર્લેન્ડ સામેની વનડે સિરીઝમાં ટીમ ઈન્ડિયાની કેપ્ટન રહેશે. ભારત અને આયર્લેન્ડ વચ્ચે ત્રણ વનડે મેચો રમાવાની છે. આ તમામ મેચ રાજકોટમાં યોજાશે. મંધાના ભારતની કેપ્ટન રહેશે. તે એક અનુભવી ખેલાડી છે અને તેણે ઘણા પ્રસંગોએ જોરદાર પ્રદર્શન કર્યું છે. દીપ્તિ શર્મા ટીમ ઈન્ડિયાની વાઈસ કેપ્ટન હશે. આ સાથે પ્રતિકા રાવલ અને હરલીન દેઓલને પણ ટીમ ઈન્ડિયામાં સ્થાન મળ્યું છે. હરલીન મજબૂત બેટિંગમાં નિષ્ણાત છે. તેણે તાજેતરમાં વેસ્ટ ઈન્ડિઝ સામે સદી ફટકારી હતી.

## બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં હાર બાદ ઈંગ્લેન્ડ સામે રમતા દેખાશે રોહિત-વિરાટ, બુમરાહને અપાશે આરામ!



(એજન્સી) મુંબઈ | તા.06

સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ભારતે તાજેતરમાં ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ સિરીઝ 1-3થી ગુમાવી હતી, જેમાં ભારતે 6 વિકેટે હારનો સામનો કરવો પડ્યો હતો. ભારતના દિગ્ગજ ખેલાડી રોહિત શર્મા અને વિરાટ કોહલી આ સિરીઝમાં કંઈ ખાસ કરી શક્યા નહોતા, જેના કારણે તેમની ઘણી ટીકા થઈ હતી.
રોહિતે સિડનીમાં કાંગારૂ ટીમ સામે રમાયેલી સિરીઝની પાંચમી ટેસ્ટની પ્લેઈંગ ઈલેવનમાંથી પણ પોતાને બાકાત રાખ્યા હતા, પરંતુ આ પછી પણ ટીમનો પરાજય થયો હતો. હવે એ કન્ફર્મ થઈ ગયું છે કે બંને સિનિયર આગામી કઈ સિરીઝમાં રમશે.

### ઈંગ્લેન્ડ સામે રમતા દેખાશે રોહિત-વિરાટ

રિપોર્ટ અનુસાર, રોહિત અને વિરાટ 6 ફેબ્રુઆરીથી ઈંગ્લેન્ડ સામે શરૂ થનારી ત્રણ મેચની વનડે સિરીઝમાં ટીમ ઈન્ડિયા તરફથી રમશે. આ અગાઉના અહેવાલોથી વિપરીત છે, જેમાં કહેવામાં આવ્યું હતું કે બંને સિનિયર બેટ્સમેન આ સિરીઝમાં નહીં રમે. ભારત માટે આ એક મહત્વપૂર્ણ તૈયારી હશે કારણ કે 19 ફેબ્રુઆરીથી શરૂ થનારી ચેમ્પિયન્સ ટ્રોફી 2025 પહેલા તે તેની છેલ્લી વનડે સિરીઝ હશે.

### બુમરાહને આરામ આપવામાં આવશે

ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ ઈંગ્લેન્ડ સામેની વનડે સિરીઝમાંથી બહાર થઈ શકે છે. કારણ કે ટીમ મેનેજમેન્ટ મહત્વપૂર્ણ ચેમ્પિયન્સ ટ્રોફી 2025 પહેલા તેના સ્ટાર ફાસ્ટ બોલરને આરામ આપવા માંગે છે. તમને જણાવી દઈએ કે બુમરાહનો વર્કલોડ છેલ્લા કેટલાક અઠવાડિયામાં ચર્ચાનો વિષય બન્યો છે, ખાસ કરીને બોર્ડર-ગાવસ્કર ટ્રોફી પછી, જ્યાં તેણે ઘણી બોલિંગ કરી હતી. ઓસ્ટ્રેલિયા સામેની આ સિરીઝમાં બુમરાહને પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ પસંદ કરવામાં આવ્યો હતો. બુમરાહે આ સિરીઝમાં સૌથી વધુ 32 વિકેટ લીધી અને એક રેકોર્ડ બનાવ્યો.

### ટેસ્ટમાં ઈજાગ્રસ્ત થયો હતો બુમરાહ

બોર્ડર-ગાવસ્કર સિરીઝમાં બીજી વખત અને ટેસ્ટ કારકિર્દીમાં ત્રીજી વખત ભારતીય ટીમનું નેતૃત્વ કરનાર બુમરાહને સિડની ટેસ્ટના બીજા દિવસે ઈજા થઈ હતી, જે બાદ તેને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. શનિવારે પત્રકારો સાથે વાત કરતા પ્રસિદ્ધ કૃષ્ણાએ કહ્યું કે ફાસ્ટ બોલરને પીઠમાં દુખાવો હતો અને તેના કારણે તે હોસ્પિટલમાં ગયો હતો.

## CT માટે 12 જાન્યૂ.પહેલા ટીમની કરાશે જાહેરાત

(એજન્સી) મુંબઈ | તા.06

ચેમ્પિયન્સ ટ્રોફી 2025 19 ફેબ્રુઆરીથી શરૂ થશે. આવી સ્થિતિમાં દરેકના મનમાં એક સવાલ ઉઠી રહ્યો છે કે BCCI ICC ટૂર્નામેન્ટ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત ક્યારે કરશે? હાલમાં જ ટીમ ઈન્ડિયા ઓસ્ટ્રેલિયા સામે બોર્ડર-ગાવસ્કર ટ્રોફી રમતી જોવા મળી હતી, જેના કારણે ફેન્સનું ધ્યાન ચેમ્પિયન્સ ટ્રોફી તરફ જતું ન હતું. હવે રિપોર્ટમાં ખુલાસો થયો છે કે ચેમ્પિયન્સ ટ્રોફી માટે ટીમ સબમિટ કરવાની છેલ્લી તારીખ શું છે.




### 12 જાન્યૂઆરી પહેલા ટીમની કરાશે જાહેરાત

એક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે તમામ ટીમોએ 12 જાન્યુઆરી સુધીમાં 15 સભ્યોની કામચલાઉ (જે ફેરફારને પાત્ર છે) ટીમની જાહેરાત કરવી પડશે. જોકે ટીમો 13 ફેબ્રુઆરી સુધી પોતાની ટીમમાં ફેરફાર કરી શકે છે.
આ ટુર્નામેન્ટ 19મી ફેબ્રુઆરીથી શરૂ થશે. રિપોર્ટમાં ICCના એક સૂત્રને ટાંકીને કહેવામાં આવ્યું છે કે, "તમામ ટીમોએ 12 જાન્યુઆરી સુધીમાં તેમની ટીમ સબમિટ કરવી પડશે, પરંતુ 13 ફેબ્રુઆરી સુધી ફેરફારો કરી શકાય છે. તે ટીમો પર નિર્ભર રહેશે કે તેઓ તેમની ટીમની જાહેરાત કરે છે કે નહીં કારણ કે ICC " 13મી ફેબ્રુઆરીના રોજ સબમિટ કરાયેલી ટીમને બહાર પાડશે.

### ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા ઈંગ્લેન્ડ સામે ભારતની સફેદ બોલની સિરીઝ

તમને જણાવી દઈએ કે ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા ટીમ ઈન્ડિયા ઈંગ્લેન્ડ સામે ઘરની ધરતી પર સફેદ બોલની સિરીઝ રમશે. આ સીરીઝમાં 5 T20 ઈન્ટરનેશનલ અને 3 ODI મેચ રમાશે. આ સિરીઝ 22 જાન્યુઆરીથી શરૂ થશે. પ્રથમ T20 મેચ રમાશે. ત્યારબાદ 6 ફેબ્રુઆરીથી ત્રણ મેચની વનડે સિરીઝ શરૂ થશે. ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા ટીમ ઈન્ડિયાની આ છેલ્લી વનડે સિરીઝ હશે, જેના દ્વારા ટીમ ટૂર્નામેન્ટની તૈયારી કરી શકશે.

**2017માં ફાઈનલમાં પહોંચ્યા બાદ હારી ગઈ હતી ટીમ ઈન્ડિયા :** નોંધનીય છે કે ચેમ્પિયન્સ ટ્રોફીની છેલ્લી સિઝન 2017માં રમાઈ હતી, જ્યાં ટીમ ઈન્ડિયાને ટાઈટલ મેચમાં પાકિસ્તાન સામે હારનો સામનો કરવો પડ્યો હતો. આવી સ્થિતિમાં, ચાહકો આ વખતે ટીમ ઈન્ડિયા ટૂર્નામેન્ટ જીતવાની આશા રાખશે.

## 41 વર્ષની વયે ક્રિકેટરે નિવૃત્તિનો નિર્ણય પાછો ખેંચી ચોંકાવ્યા, IPLમાં પણ રમી ચૂક્યો છે

(એજન્સી) મુંબઈ | તા.06

ક્રિકેટ જગતમાં નિવૃત્તિ પાછી ખેંચવાનો ટ્રેન્ડ વધી રહ્યો છે. પાકિસ્તાન ક્રિકેટમાં આવું અવારનવાર જોવા મળે છે પરંતુ હવે ઓસ્ટ્રેલિયાના એક ખેલાડીએ નિવૃત્તિ પાછી ખેંચી લેવાનો નિર્ણય કરીને બધાને ચોંકાવી દીધા છે. આ ખેલાડી ઓસ્ટ્રેલિયાનો દિગ્ગજ T20 ખેલાડી ડેન ક્રિશ્ચિયન છે, જેણે નિવૃત્તિ પાછી ખેંચી છે. ઈજાથી ઝઝૂમી રહેલી BBL ટીમ સિડની થંડરને મદદ કરવા ડેન ક્રિશ્ચિયને આ મોટું પગલું ભર્યું છે. ક્રિશ્ચિયન ટુર્નામેન્ટની બાકીની મેચો માટે ઉપલબ્ધ રહેશે. 41 વર્ષીય ઓલરાઉન્ડર છેલ્લે બે વર્ષ પહેલા સિડની સિક્સર્સ માટે રમ્યો હતો અને ત્યારથી સિડની થંડરમાં સહાયક કોચ તરીકે કામ કરી રહ્યો છે. ક્રિશ્ચિયન બીબીએલ છેલ્લે વર્ષ 2023માં સિડની સિક્સર્સ અને બ્રિસ્બેન હીટ વચ્ચે રમાયેલી સેમિફાઈનલ મેચમાં જોવા મળ્યો હતો. આ મેચ બાદ તેણે કોઈ પ્રોફેશનલ ક્રિકેટ મેચ રમી નથી.

ક્રિશ્ચિયનની વાપસી ડેનિયલ સેમ્સ અને કેમેરોન બૅનક્રોફ્ટની ઈજાઓ બાદ થઈ છે, જેઓ ગયા અઠવાડિયે પર્થ સ્કોર્ચર્સ સામેની જીત દરમિયાન સાઈડલાઈન થયા હતા. હવે તે જોવાનું રસપ્રદ રહેશે કે ડેન ક્રિશ્ચિયન જ્યારે પાછો ફરશે ત્યારે કેવું પ્રદર્શન કરી શકે છે. ડેન ક્રિશ્ચિયનના આંકડા પર નજર કરીએ તો તેણે 409 T-20 મેચમાં 137.73ની સ્ટ્રાઈક રેટ અને 22.66ની એવરેજથી 5825 રન બનાવ્યા છે. આ સિવાય તેણે 280 વિકેટ પોતાના નામે કરી છે. તેણે દુનિયાભરની લીગમાં પોતાનો જાદુ ફેલાવ્યો છે. તે IPLમાં RCBનો પણ ભાગ રહી ચૂક્યો છે.

## બોલર મોહમ્મદ શમીએ શાનદાર બેટિંગ કરી, આગામી ચેમ્પિયન્સ ટ્રોફી માટે દાવેદારી નોંધાવી...

(એજન્સી) મુંબઈ | તા.06

ભારતીય ફાસ્ટ બોલર મોહમ્મદ શમી ફરી એકવાર હેડલાઈન્સમાં છે, જ્યાં તેણે પોતાના પ્રદર્શનથી બધાનું ધ્યાન ખેંચ્યું છે. જો કે, આ વખતે આ ઝડપી બોલર બોલથી નહીં પરંતુ બેટથી ચમક્યો છે, જ્યાં તેણે



વિજય હજારે ટ્રોફીમાં પોતાની ટીમને મુશ્કેલીમાંથી બહાર કાઢી હતી. ઘાતક બોલિંગ માટે પ્રખ્યાત શમીએ બંગાળ માટે બેટથી મહત્વની ભૂમિકા ભજવી હતી અને મધ્યપ્રદેશ સામેની મેચમાં 34 બોલમાં પાંચ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી 42 રનની ઝડપી ઈનિંગ રમી હતી. તેનો દાવ એવા સમયે આવ્યો જ્યારે બંગાળ સંઘર્ષ કરી રહ્યું હતું, તેણે 205 રનમાં સાત વિકેટ ગુમાવી દીધી હતી. શમીએ ઓલરાઉન્ડર કૌશિક મૈતી સાથે મળીને આઠમી વિકેટ માટે 64 રનની મહત્વપૂર્ણ ભાગીદારી કરી, જેના કારણે બંગાળ 269 રનનો સન્માનજનક સ્કોર બનાવવામાં સફળ રહ્યું.

## ઈન્ડિયાને મોટી સર્જરીની જરૂર, ગૌતમ ગંભીર અને અજીત અગરકરે લેવા પડશે મોટા નિર્ણયો

(એજન્સી) મુંબઈ | તા.06

કોચ ગૌતમ ગંભીર અને મુખ્ય પસંદગીકાર અજીત અગરકરે સમજવું પડશે કે જો તેઓ અમર્યાદિત સમય સુધી આવા ખેલાડીઓને સમર્થન આપતા રહેશે તો ટીમ જીતશે નહીં અને તેમની સ્થિતિ જોખમમાં આવશે. ખાસ કરીને જો ગંભીર પોતાનું સ્થાન બચાવવા અને ભારતને જીત અપાવવા માંગતો હોય તો તેણે મુખ્ય પસંદગીકાર અને BCCI સાથે સંકલન કરીને સર્જરી કરાવવી પડશે. છેલ્લા પાંચ વર્ષથી ટેસ્ટમાં સરેરાશથી ઓછું પ્રદર્શન કરી રહેલા વિરાટના ફેન્સને પણ લાગે છે કે BCCI તેના સ્ટારડમની સરખામણીમાં વામણું છે. ચોક્કસપણે હવે BCCIએ બતાવવું પડશે કે દેશમાં ક્રિકેટ કે સ્ટાર કલ્ચર મોટું છે. ટીમ પરિવર્તનના સમયગાળામાંથી પસાર થઈ રહી છે. જો છેલ્લા કેટલાક વર્ષોમાં વિરાટ અને રોહિત કરતા સારૂ પ્રદર્શન કરનાર રવિચંદ્રન અશ્વિનને પ્રવાસની વચ્ચે જ નિવૃત્તિ લેવાની ફરજ પડી શકે છે તો અત્યંત ખરાબ ફોર્મમાં રહેલા ખેલાડીઓ પર સવાલો ઉભા થશે.

## ચાલું મેચમાં આ ખેલાડી સાથે ભિડ્યો બાબર આઝમ

(એજન્સી) મુંબઈ | તા.06




પાકિસ્તાનના ટોપ ઓર્ડર બેટ્સમેન બાબર આઝમ ખૂબ જ શાંત વ્યક્તિ છે અને તે મેદાન પર ભાગ્યે જ કોઈની સાથે લડતો જોવા મળે છે. રવિવારના રોજ દક્ષિણ આફ્રિકા સામેની બીજી ટેસ્ટના ત્રીજા દિવસે તે પ્રોટીઝ ઓલરાઉન્ડર વિયાન મુલ્ડર સાથે અથડાયો હતો.
આ ઘટના પાકિસ્તાનની ઈનિંગ્સની 32મી ઓવરમાં બની હતી, જ્યાં બાબરે બોલર મુલ્ડરના બોલ પર શોટ રમ્યો હતો. અહીં, મુલ્ડરે તેના ફોલો-થ્રુમાં બોલને પકડ્યો અને તેને બાબર તરફ પાછો ફેંક્યો, જેના કારણે બંને ખેલાડીઓ વચ્ચે ઉગ્ર દલીલ થઈ હતી.

### મુલ્ડર અને બાબર વચ્ચે થઈ બોલાચાલી

આ પછી મુલ્ડરે બાબરને કંઈક કહ્યું અને બાદમાં પાકિસ્તાનના પૂર્વ કેપ્ટને પણ કંઈક કહ્યું. મામલો વધતો જોઈને અમ્પાયરે હસ્તક્ષેપ કરીને બંને ખેલાડીઓને અલગ કર્યા હતા. આમાં એડન માર્કરમ અને પાકિસ્તાનના કેપ્ટન શાન મસૂદે પણ દખલગીરી કરવી પડી હતી.
મેચના પ્રથમ દાવમાં દક્ષિણ આફ્રિકાના 615 રનના વિશાળ સ્કોરના જવાબમાં પાકિસ્તાનનો પ્રથમ દાવ માત્ર 194 રનમાં જ સમેટાઈ ગયો હતો.
ટીમની આ ઈનિંગમાં બાબરનું સૌથી મોટું યોગદાન હતું, જ્યાં તેણે 58 રનની ઈનિંગ રમી હતી. ત્યારબાદ પ્રોટીઝ ટીમે પાકિસ્તાનને ફોલોઓન આપ્યું હતું. જો કે, પાકિસ્તાનની ટીમે બીજા દાવમાં સારી બેટિંગ કરી હતી, જ્યાં મસૂદની સદી અને બાબરની 81 રનની જોરદાર ઈનિંગને કારણે ટીમે ત્રીજા દિવસની રમતના અંતે એક વિકેટે 213 રન બનાવ્યા હતા.

### મસૂદ-બાબરની જોડીએ ઈતિહાસ રચ્યો

આ દરમિયાન મસૂદ-બાબરની જોડીએ દક્ષિણ આફ્રિકા સામે 205 રનની રેકોર્ડબ્રેક ઓપનિંગ ભાગીદારી કરી હતી. ડાબોડી બેટ્સમેન મસૂદે 166 બોલમાં અણનમ 102 રન બનાવીને ટીમના પુનરાગમનનું નેતૃત્વ કર્યું, જ્યારે બાબર બે વર્ષમાં તેની પ્રથમ ટેસ્ટ સદી ફટકારવામાંથી ચૂકી ગયો.

## સંકટના સમયમાં વિરાટની વહારે આવ્યો 'ખાસ મિત્ર', કમબેક માટે જણાવી અસરદાર ફોર્મ્યૂલા...

(એજન્સી) મુંબઈ | તા.06

ઓસ્ટ્રેલિયામાં ટીમ ઈન્ડિયાની ફજેતીએ ભારતીય ચાહકોને ખૂબ જ નિરાશ કર્યા છે. ઓસ્ટ્રેલિયાના આક્રમણનો સામનો ન તો કિંગ કોહલી કરી શક્યો કે ન તો હિટમેન રોહિત કરી શક્યો. ડોમેસ્ટિક સીરિઝમાં ન્યુઝીલેન્ડના હાથે વ્હાઈટવોશનો સામનો કરીને ઓસ્ટ્રેલિયાના પ્રવાસે ગયેલા ભારતીય દિગ્ગજો કંઈ મોટું ન ખાસ ન કરી શક્યા અને ચાહકોના નિશાના પર આવી ગયા. વિરાટ કોહલીએ તો 9 ઈનિંગમાં એક જ વખત ત્રણ અંક (100*)નો સ્કોર બનાવ્યો. તે આખી સીરિઝ દરમિયાન એક જ રીતે પોતાની વિકેટ ગુમાવતો રહ્યો.
કોહલી અને રોહિત શર્મા ઓસ્ટ્રેલિયાના પ્રવાસમાં રન બનાવવા માટે સંઘર્ષ કરી રહ્યા હતા, જેના કારણે ભારતને 5 મેચની આ સીરિઝમાં 1-3થી હારનો સામનો કરવો પડ્યો હતો. કોહલીએ આ સીરિઝની 9 ઈનિંગ્સમાં માત્ર 190 રન બનાવ્યા હતા. ઓફ સ્ટમ્પની બહાર જતા બોલને રમવાનો પ્રયાસ કરતી વખતે તે સતત આઉટ થયો હતો. કોહલીને આ ખરાબ તબક્કામાંથી બહાર કાઢવા માટે તેનો ખાસ મિત્ર એબી ડિ વિલિયર્સ ફરી એક વખત તેની વહારે આવ્યો છે.



દક્ષિણ આફ્રિકાના દિગ્ગજ એવી ડિ વિલિયર્સે RCBના પોતાના પૂર્વ સાથી વિરાટ કોહલીને ખરાબ ફોર્મમાંથી બહાર નીકળવા માટે પોતાના દિમાગને રિસેટ કરવા અને મેદાનમાં કોઈ પણ પ્રકારના વિવાદમાં ન પડવાની સલાહ આપી છે. આપણે હંમેશા એ જોયું છે કે, વિરાટ કોહલી જ્યારે પણ ફોર્મના કારણે ટીકાનો શિકાર બન્યો છે ત્યારે ડિ વિલિયર્સે તેને સાથ આપ્યો છે.

# અમેરિકા-યુરોપમાં બરફનું તોફાન, 2000થી વધુ ફ્લાઈટ્સ રદ

## બ્રિટનમાં 40 સે.મી. હિમવર્ષા | ઉત્તર ભારતમાં ધુમ્મસનું રાજ, બિહાર-ઝારખંડમાં સ્કૂલોમાં રજા

(એજન્સી) વોશિંગ્ટન । તા. 06

ઉત્તર ભારત જ નહીં હાલ સમગ્ર દુનિયાના અનેક વિસ્તારો હાડ થીજાવતી ઠંડીમાં જકડાયા છે. યુરોપ અને અમેરિકામાં રવિવારે બરફનું તોફાન ત્રાટક્યું છે, જેને પગલે કરોડો લોકો મુશ્કેલીમાં મુકાયા છે. સમગ્ર યુરોપમાં રવિવારે ભારે હિમવર્ષા અને ઠંડાગાર વરસાદે ભારે તારાજી સર્જી હતી. યુરોપમાં બરફના તોફાનના કારણે સેંકડો ફ્લાઈટ્સ રદ કરવામાં આવતા હજારો મુસાફરો અટકવાઈ ગયા હતા. અમેરિકામાં પણ બરફના તોફાને કરોડો લોકોને ઘરોમાં કેદ થવા મજબૂર કરી દીધા છે. વધુમાં તોફાનના કારણે વીજપૂરવઠો ખોરવાતા લોકોએ અંધારપટમાં રહેવું પડશે. શનિવારથી શરૂ થયેલું આ તોફાન સોમવાર સુધી અમેરિકાને ઘમરોળશે. બરફના તોફાનના કારણે પશ્ચિમ અમેરિકામાં 2000 જેટલી ફ્લાઈટ્સ રદ કરાઈ છે.બ્રિટનના ઉત્તરીય વિસ્તારોમાં 40 સેન્ટીમીટર જેટલો બરફ જામી જતા ગ્રામીણ વિસ્તારો અળગા પડી ગયા હતા અને વ્યાપક પ્રમાણમાં વીજ પૂરવઠો ખોરવાઈ ગયો હતો. નેશનલ ગ્રિડએ બર્મિંગહેમ, બ્રિસ્ટલ અને કાર્ડિફ જેવા વિસ્તારોમાં વીજપૂરવઠો ફરી શરૂ કરવા અથાક પ્રયાસો કર્યા હતા. લગભગ તમામ રમતગમતના કાર્યક્રમો રદ કરાયા હતા, જો કે લિવરપૂલ અને માન્ચેસ્ટર યુનાઈટેડ વચ્ચેની પ્રીમિયર લીગ મેચ અંતિમ નિરીક્ષણની રાહ જોઈ રહી છે.બ્રિટનમાં ભારે હિમવર્ષાથી અનેક એરપોર્ટને અસર થઈ હતી. લિવરપૂલના જોન લેનન એરપોર્ટ અને માનચેસ્ટર એરપોર્ટના રનવે હંગામી રીતે બંધ કરી દેવાયા હતા. લીડ્સ બ્રેડફોર્ડ એરપોર્ટનું સંચાલન પણ સ્થગિત કરી દેવાયું હતું. સાવચેતી ખાતર બંધને કારણે માર્ગ પરિવહનમાં વિક્ષેપ સર્જાયો હતો અને ખાસ કરીને પરિવારો તેમજ વિદ્યાર્થીઓ રજાની છૂટ્ટીમાંથી પાછા ફરતા હોવાથી અનેક ઠેકાણે અટકી પડેલા વાહનોને કારણે અફરાતફરી મચી ગઈ હતી.રેલવેની પણ આવી જ હાલત થઈ હતી અને અનેક ટ્રેનો રદ કરાઈ હતી તેમજ કાર્યોના દિવસે પણ વિક્ષેપો સર્જાઈ શકે તેવી ચેતવણીઓ આપવામાં આવી હતી. હવામાન વિભાગે ઉત્તર ઈંગલેન્ડ અને સ્કોટલેન્ડમાં ભારે હિમવર્ષાની આગાહી કરી હતી જ્યારે દક્ષિણમાં ઠંડાગાર વરસાદ પછી હવામાન મધ્ય રહેવાની આગાહી કરવામાં આવી હતી. ઉપરાંત દક્ષિણ ઈંગલેન્ડમાં ટોવ અને એવન નદીઓમાં પૂરની આઠ ચેતવણી આપવામાં આવી હતી.




ઉત્તર ભારતમાં સતત બીજા દિવસે ધુમ્મસ છવાયેલું રહ્યું હતું, જેને પગલે રવિવારે પણ લો વિઝિબિલિટીની સ્થિતિ જોવા મળી હતી. બીજીબાજુ પૂર્વોત્તરના રાજ્યોમાં ઠંડીના કારણે બિહાર અને ઝારખંડની સરકારોએ 7થી 13 જાન્યુઆરી સુધી ધોરણ-8થી નીચેના વર્ગો બંધ રાખવાની જાહેરાત કરી છે. કાશ્મીર ખીણમાં રવિવારે તાપમાન શૂન્યથી નીચે ઉતરી ગયું હતું જ્યારે હરિયાણા અને પંજાબમાં અનેક સ્થળો પર શીતલહેરની અસર જોવા મળી હતી. રાજધાની દિલ્હીમાં સતત બીજા દિવસે ધુમ્મસના કારણે ઝીરો વિઝિબિલિટીની સ્થિતિ રહેતા કેટલીક ફ્લાઈટ્સ અને ટ્રેનનોના શેડ્યુલ ખોરવાયા હતા.

શિયાળુ હવામાન દક્ષિણ-પશ્ચિમ તરફ વળતા જર્મનીમાં પણ આવી જ મુશ્કેલીઓ સર્જાઈ હતી. પ્રશાસને બ્લેક આઈસની ચેતવણી આપીને નાગરિકોને ઘરમાં જ રહેવાની ભલામણ કરી હતી. બ્લેક આઈસમાં રસ્તા અને પાણી પર નજરમાં ના આવે તેવી બરફની પાતળી પડ જામી જાય છે જેના કારણે ગંભીર અકસ્માતનું જોખમ છે.

ફ્રેન્કફર્ટ એરપોર્ટમાં 120 ફ્લાઈટ રદ થઈ હતી જ્યારે મ્યુનીક એરપોર્ટ એક જ રનવે સાથે ચાલુ રખાયું હતું. રસ્તાઓની હાલત પણ ખરાબ હતી અને હેમિનજેન નજીક આઠને ઈજા પમાડતી બસ દુર્ઘટના સહિત અનેક અકસ્માતો સર્જાયા હતા. ફ્રેન્કફર્ટમાં લાંબા અંતરની ટ્રેનોમાં પણ અનિયમિતતા સર્જાઈ હતી. તીવ્ર હવામા સામે ઈન્ફ્રાસ્ટ્રકચરની નબળાઈ છતી થઈ છે અને સમગ્ર યુરોપ સહિત આ બંને દેશોએ આગામી દિવસોમાં સતત વિક્ષેપ સર્જતી પરિસ્થિતિનો સામનો કરવો પડી શકે છે.

દરમિયાન અમેરિકામાં પણ હવામાન વિભાગે ચેતવણી આપી છે કે 1500 માઈલ એટલે કે 2400 કિ.મી. વિસ્તારમાં બરફનું તોફાન ત્રાટક્યું છે, જેને પગલે ભારે હિમવર્ષા, બરફનું ભયાનક તોફાન અને વરસાદ આવશે. આ તોફાનના કારણે અમેરિકામાં ૬ કરોડથી વધુ લોકોએ ઘરોમાં કેદ રહેવું પડશે. અમેરિકાની પૂર્વે શનિવારથી શરૂ થયેલું આ તોફાન પશ્ચિમ અમેરિકા સુધી સોમવાર સુધી ચાલશે. પૂર્વ અમેરિકામાં ન્યૂયોર્કથી ફ્લોરિડા અને મિસીસીપી સુધી સફેદ ચાદર છવાઈ રહી છે. તેવામાં હવામાન વિભાગે, બરફનાં પ્રચંડ તોફાનની આગાહી કરી દીધી છે. ઠંડાગાર બર્ફીલા પવનોને લીધે વિમાન વ્યવહાર તેમજ માર્ગ વાહન વ્યવહાર સ્થગિત થઇ ગયો છે.

---

**કેનેડાથી મોટા સમાચાર**

## જસ્ટિન ટ્રુડો ટૂંક સમયમાં PM પદેથી રાજીનામું આપશે!

(એજન્સી) કેનેડા । તા. 06

કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ એક મોટી જાહેરાત કરતાં કહ્યું છે કે તે જલદી જ વડાપ્રધાન પદેથી રાજીનામું આપી શકે છે. એક અહેવાલ અનુસાર નેશનલ કોકસની બુધવારે યોજાનાર બેઠકર પહેલાં ટ્રુડો લિબરલ પાર્ટીના નેતા તરીકે રાજીનામું આપી દેશે. ભારત વિરોધી વલણ અપનાવનારા ટ્રુડો હવે દેશમાં જ ઘેરાતા જઈ રહ્યા છે. ટ્રુડો પર તેમની પાર્ટીના સાંસદો તરફથી રાજીનામું આપી દેવા માટે મહિનાઓથી દબાણ કરવામાં આવી રહ્યું હતું. આ દબાણ ત્યારે વધી ગયું જ્યારે તેમના નાણામંત્રી ક્રિસ્ટિયા ફ્રિલેન્ડએ 16 ડિસેમ્બરે એમ કહેતા પદ છોડ્યું કે નીતિગત મુદ્દાઓ પર મારા અને વડાપ્રધાન વચ્ચે મતભેદ છે. એક અહેવાલમાં જણાવાયું હતું કે ટ્રુડોનું રાજીનામું બુધવારે યોજાનારી મહત્વપૂર્ણ રાષ્ટ્રીય કોકસની બેઠક પહેલા આવશે. એક સ્ત્રોતે જણાવ્યું કે કેનેડિયન પીએમને લાગે છે કે તેમણે નેશનલ કોકસની બેઠક પહેલાં જાહેરાત કરવાની જરૂર છે જેથી એવું ન લાગે કે તેમને પાર્ટીના સાંસદો દ્વારા હાંકી કાઢવામાં આવ્યા છે. નવા નેતાની પસંદગી ન થાય ત્યાં સુધી તેઓ વડાપ્રધાન પદ પર ચાલુ રહેશે કે કેમ તે અંગે પણ કોઈ સ્પષ્ટતા નથી.લિબરલ પાર્ટી પાસે હાલમાં કેનેડાની સંસદ હાઉસ ઓફ કોમન્સમાં 153 સાંસદો છે. કેનેડિયન હાઉસ ઓફ કોમન્સમાં 338 સીટો છે. તેમાં બહુમતનો આંકડો 170 છે. થોડા મહિનાઓ પહેલા ટ્રુડો સરકારના સહયોગી ન્યૂ ડેમોક્રેટિક પાર્ટી (NDP)એ પોતાનું સમર્થન પાછું ખેંચી લીધું હતું. NDP એ ખાલિસ્તાની તરફી કેનેડિયન શીખ સાંસદ જગમીત સિંહની પાર્ટી છે. ઉલ્લેખનીય છે કે અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પના રાષ્ટ્રપતિ તરીકે ચુંટાયા બાદથી તેમના પર દબાણ વધી ગયું છે. ટ્રમ્પ સતત તેમને નિશાને લઈ રહ્યા છે. ઈલોન મસ્કે પણ ટ્રમ્પની જીત બાદ કહ્યું હતું કે હવે ટ્રુડોના સત્તામાં ગણતરીના જ દિવસો બાકી રહ્યા છે.

---


**WHO નું મૌન, શું ફરી આવશે મહામારી?**

## ચીન બાદ હવે મલેશિયા અને હોંગકોંગમાં ફેલાઇ રહ્યો છે HMPV વાયરસ

(એજન્સી) હોંગકોંગ । તા. 06

ચીનમાં ઝડપથી ફેલાતા HMPV વાયરસના કેસ અન્ય દેશોમાં પણ દેખાવા લાગ્યા છે. મલેશિયા અને હોંગકોંગમાં પણ આ વાયરસના કેસ નોંધાયા છે. મલેશિયાના આરોગ્ય મંત્રાલયે એક એડવાઈઝરી જારી કરીને લોકોને વાયરસ અંગે સાવચેત રહેવા જણાવ્યું છે.

COVID-19 મહામારીના લગભગ પાંચ વર્ષ પછી, ચીન એક નવા સ્વાસ્થ્ય સંકટનો સામનો કરી રહ્યું છે. ચીનમાં માનવ મેટાપ્યુમોવાયરસ (HMPV) વાયરસના કેસ સતત વધી રહ્યા છે. આ સાથે અન્ય દેશોમાં પણ HMPV વાયરસના કેસ દેખાવા લાગ્યા છે. જોકે, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) એ ચીનમાં ફેલાતા વાયરસના ચેપ પર મૌન જાળવી રાખ્યું છે. સંગઠને હજુ સુધી આ વાયરસ વિશે સત્તાવાર રીતે કંઈ કહ્યું નથી. આ દરમિયાન ચીનના પડોશી દેશોએ તેમના નાગરિકોને સાવચેત રહેવા જણાવ્યું છે.



મલેશિયામાં HMPV વાયરસના કેસોને પગલે સરકારે એડવાઈઝરી જારી કરી છે. મલેશિયાના આરોગ્ય મંત્રાલયે લોકોને વારંવાર સાબુથી હાથ ધોવા, ફેસ માસ્ક પહેરવા અને ખાંસી કે છીંક આવે ત્યારે મોં અને નાક ઢાંકવા સહિતના નિવારક પગલાં લેવા વિનંતી કરી છે, એમ સ્ટ્રેટ્સ ટાઈમ્સે અહેવાલ આપ્યો છે.

મંત્રાલયે કહ્યું, 'લોકોને સલાહ આપવામાં આવે છે કે તેઓ તેમના સ્વાસ્થ્યનું ધ્યાન રાખે અને અન્ય લોકોને ચેપથી બચાવે, ખાસ કરીને બંધ અને ભીડવાળા વિસ્તારોમાં. આમાં એવા લોકોનો પણ સમાવેશ થાય છે જેઓ ઉચ્ચ જોખમ ધરાવતા દેશોમાં મુસાફરી કરવાની યોજના બનાવી રહ્યા છે.

દરમિયાન, હોંગકોંગમાં પણ HMPVના કેસ નોંધાયા છે. HMPV એક વાયરલ ચેપ છે જે શ્વસનતંત્રને અસર કરે છે. તેના લક્ષણો સામાન્ય શરદી જેવા હોય છે, પરંતુ ગંભીર કિસ્સાઓમાં, બ્રોન્કાઈટિસ અથવા ન્યુમોનિયા થઈ શકે છે. તે એક શ્વસન વાયરસ છે જે સામાન્ય રીતે સામાન્ય શરદી અથવા ફ્લૂ જેવા લક્ષણો સાથે ઉપલા અને નીચલા શ્વસન ચેપનું કારણ બને છે.દરમિયાન, હોંગકોંગમાં પણ HMPVના કેસ નોંધાયા છે. HMPV એક વાયરલ ચેપ છે જે શ્વસનતંત્રને અસર કરે છે. તેના લક્ષણો સામાન્ય શરદી જેવા હોય છે, પરંતુ ગંભીર કિસ્સાઓમાં, બ્રોન્કાઈટિસ અથવા ન્યુમોનિયા થઈ શકે છે. તે એક શ્વસન વાયરસ છે જે સામાન્ય રીતે સામાન્ય શરદી અથવા ફ્લૂ જેવા લક્ષણો સાથે ઉપલા અને નીચલા શ્વસન ચેપનું કારણ બને છે.અહીં એ જાણવું જરૂરી છે કે HMPV એ નવો વાયરસ નથી. તે પ્રથમ વખત 2001 માં શોધાયું હતું. આ અગાઉ પણ વિશ્વના વિવિધ ભાગોમાં જાણ કરવામાં આવી છે. આ વાયરસ શિયાળામાં ખાસ કરીને વધુ અસરકારક છે. જો કે તમામ ઉંમરના લોકો આ વાયરસથી પ્રભાવિત છે, બાળકો અને વૃદ્ધો વધુ સંક્રમિત છે. નિષ્ણાતો આને રોગચાળાના ખતરા તરીકે જોતા નથી. જોકે, કોવિડ-19 પછી તેના કેસમાં થયેલા વધારાએ ચિંતા વધારી છે.

---

## બાયડેન તંત્ર સૌથી વધુ ભારત તરફી તંત્રો પૈકીનું એક છે : ટ્રમ્પ તંત્રમાં તે ચાલુ રહેશે

(એજન્સી) વૉશિંગ્ટન । તા. 06

વિદાય લઈ રહેલું બાયડેન વહીવટીતંત્ર છેલ્લાં દશકોમાં રહેલાં અમેરિકાનાં વહીવટી તંત્રો પૈકીનું એક સૌથી વધુ ભારત તરફી વહીવટીતંત્ર બની રહ્યું છે તેમ કહેતાં, વિદેશી બાબતોનાં નિષ્ણાત અર્પણા પાંડેએ જણાવ્યું હતું કે, ડૉનાલ્ડ ટ્રમ્પનું તંત્ર પણ આ માર્ગે જ ચાલશે તેવી પૂરી સંભાવના છે.ચાણક્યથી મોદી : ભારતની વિદેશનીતિની ઉત્ક્રાંતિ (ચાણક્ય ટુ મોદી : ઈવોલ્યુશન ઑફ ઈંડીયાઝ ફોરેન પોલીસી) સહિત અનેક પુસ્તકો લખનાર આ વિદુષીએ એક ઈન્ટરવ્યુમાં આ પ્રમાણે જણાવતાં વધુમાં કહ્યું હતું કે... આ માટેનું કારણ ભારતમાં સતત થઇ રહેલો વિકાસ અને તેનો અમેરિકાને મળી રહેલો આર્થિક રાજદ્વારી અને સંરક્ષણ ક્ષેત્રે પણ મળતો લાભ મુખ્ય કારણો છે. તેમાં પણ સંરક્ષણ અને સલામતી (આંતરિક) તે મુખ્ય વિષયો રહ્યા.આ અર્પણા પાંડે અમેરિકાની હડસન ઈન્સ્ટીટયુટની થિંક ટેન્ક : ઈનિશ્યેટિવ ઓન ધ ફ્યુચર ઓફ ઈંડીયા એન્ડ સાઉથ એશિયાનાં ડીરેકટર પદે છે. તેઓ આંતરરાષ્ટ્રીય સંબંધો વિષેના શ્રેષ્ઠ નિષ્ણાતો પૈકીમાં એક છે.તેઓએ તે ઈન્ટરવ્યુમાં વધુમાં કહ્યું હતું કે સ્પષ્ટ લોકશાહીની દેખાતી ઉણપ અને હત્યા માટે ખાસ રાખવા જેવા પ્રશ્નોથી બંને દેશોની વચ્ચે થોડી ખટાશ પ્રવર્તતી હતી તેમજ બાંગ્લાદેશ સંબંધે મતભેદો રહ્યા હતા. પંરતુ તે હવે દૂર થઈ રહ્યા છે.

---

**૭૦-૯૫ ની ફોર્મુલા સફળ**

## ભારત અને બાંગ્લાદેશના 185 માછીમારોને પરસ્પર મુક્ત કરાયા

(એજન્સી) નવી દિલ્હી । તા. 06

ભારત અને બાંગ્લાદેશી કોસ્ટ ગાર્ડ ફોર્સ સાથે બંને દેશોના માછીમારોનું આદાનપ્રદાન પૂર્ણ થયું હતું. જેમાં બાંગ્લાદેશી માછીમારોને તેમના દેશને સોંપવામાં આવ્યા હતા. જેમાંથી 12 માછીમારોને ડૂબી ગયેલા જહાજ કૌશિકમાંથી બચાવી લેવાયા હતા. ભારતીય કોસ્ટ ગાર્ડના ICG જહાજો વરદ અને અમૃત કૌરે આ ઓપરેશન પાર પાડ્યું હતું. ભારતીય માછીમારોને પશ્ચિમ બંગાળના દક્ષિણ 24 પરગણા જિલ્લામાં રાજ્યના મત્સ્ય વિભાગના અધિકારીઓને સોંપવામાં આવશે.

તાજેતરના મહિનાઓમાં કેટલાય ભારતીય માછીમારો અજાણતામાં ઈન્ટરનેશનલ મેરીટાઈમ બાઉન્ડ્રી લાઈન (IMBL) ઓળંગીને બાંગ્લાદેશી જળસીમામાં પ્રવેશ્યા છે, જેના કારણે તેમની ધરપકડ કરવામાં આવી છે. એ જ રીતે ભારતીય જળસીમામાં પ્રવેશ્યા બાદ કેટલાંક બાંગ્લાદેશી માછીમારોની પણ અટકાયત કરવામાં આવી હતી. શનિવારે સવારે 12 બાંગ્લાદેશી માછીમારોને હલ્દિયા લઈ લાવવામાં આવ્યા હતા. તો પરાદ્વીપમાંથી ઝડપી લેવામાં આવેલા 78 એમ કુલ 90 માછીમારોને સુપરત કરાયા હતા.

---


**અમેરિકા તથા વિશ્વભરમાં વિવિધ ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદાન કરનારને આ પારિતોષિક અપાય છે : તે સમારોહમાં પ્રમુખ ભાવુક બની રહ્યા**

## હીલેરી ક્લિન્ટન જ્યોર્જ સોરેસ લિયોનલ મેસી સહિત 19ને બાયડેને અમેરિકાનું સર્વોચ્ચ પારિતોષિક આપ્યું

(એજન્સી) વૉશિંગ્ટન । તા. 06

વિદાય લેતા પ્રમુખ જો બાયેડને અમેરિકાનાં પૂર્વ વિદેશ મંત્રી હીલેરી ક્લિન્ટન, વિવાદાસ્પદ બની ગયેલા માનવતાવાદી જ્યોર્જ સોરેસ, આર્જેન્ટિનાના ફુટબોલ સ્ટાર લિયોનસ મેસી સહિત કુલ ૧૯ વ્યક્તિઓને અમરિકાનું સર્વોચ્ચ નાગરિક પારિતોષિક 'ધી પ્રેસિડેન્ટશ્યલ મેડલ ઑફ ફ્રીડમ' એનાયત કર્યો હતો. આ ૧૯ વ્યક્તિઓ પૈકી ખ્યાતનામ અભિનેતા ડેનીયલ વોશિંગ્ટન પણ સમાવિષ્ટ છે.જે વ્યક્તિઓએ અમેરિકામાં કે વિશ્વસ્તરે વિવિધ ક્ષેત્રમાં શ્રેષ્ઠ પ્રદાન કર્યું હોય તેઓને આ પારિતોષિક આપવામાં આવે છે. લીયોનસ મેસી વ્યસ્ત હોવાથી રૂબરૂમાં આ મેડલ સ્વીકારવા અહીં આવી શક્યા ન હતા.આ સમારોહ સમયે હિલેરી ક્લિન્ટન પતિ અને પૂર્વ પ્રમુખ બિલ ક્લિન્ટન સહિત કેટલાયે મહાનુભાવો ઉપસ્થિત હતા.આ સમેય આપેલાં પોતાનાં ટૂંકા વક્તવ્યમાં પ્રમુખ બાયડેને કહ્યું હતું જ્યારે જ્યારે અન્યોની સેવા કરવાની વાત આવે છે ત્યારે ત્યારે તમો આગળ આવ્યાં છો. સહાયની તે બૂમનો તેમ જવાબ આપ્યો છે, અને અન્યોને તે કાર્યમાં જોડયાં છે. તેઓનું નેતૃત્વ લીધું છે.

વિશ્વના અજ્ઞાત ખૂણા સુધી તમોએ દ્રષ્ટિ પહોંચાડી છે. તમોને બહુમાન આપતાં હું પોતે મને બહુમાન્ય માનુ છું. આ મારૂં પ્રમુખ તરીકેનું અંતિમ જાહેર કૃત્ય બની રહ્યું છે. આટલું કહેતાં પ્રમુખ થોડા ભાવુક પણ બની ગયા હતા.




---

**40 સિંહ છે. બીજા કેટલાયે વરૂ, હાથી જેવાં હિંસક જનાવરો**

## ઝિમ્બાબ્વેમાં સિંહોના જંગલમાં 8 વર્ષનું બાળક 5 દિવસ ભટકતો રહ્યો

(એજન્સી) ઝિમ્બાબ્વે । તા. 06



એક ન માની શકાય તેવી અદ્ભુત ઘટના ઝિમ્બાબ્વેમાં બની છે. માત્ર 8 વર્ષનો જ બાળક રમતા રમતા અચાનક લાયન સેક્યુરી વિસ્તારમા ચાલ્યો ગયો. રસ્તો શોધવા જેમ જેમ આગળ જતો ગયો તેમ તે વધુને વધુ ઊંડા જંગલમાં ઉતરતો ગયો. હવે બહાર નીકળવાનો કોઈ માર્ગ જ ન હતો. બીજી તરફ તેનાં માતા-પિતા, ગામ લોકો અને રેન્જર્સ તેને શોધવા નીકળ્યાં પરંતુ આખો દિવસ તપાસ કરી બીજા દિવસે પણ તપાસ કરી ત્રણ ત્રણ દિવસ સુધી તપાસ કરતાં પણ પત્તો ન લાગ્યો. માતા-પિતા હતાશ થઈ ગયા. જંગલમાં આ 8 વર્ષનો બાળક ટીનોટેન્ડા પુન્દુ 27 મી ડિસેમ્બરે જ ખોવાઈ ગયો હતો, તે તેના ગામ પાસેનાં અભ્યારણ્યમાં પહોંચી ગયો. આ અભ્યારણ્યમાં 40 સિંહ છે. બીજા કેટલાયે વરૂ, હાથી જેવાં હિંસક જનાવરો છે. દીપડા પણ હોય છે. જંગલમાં ઝેરી સાપો અને બિચ્છુઓ હોય તે પણ સહજ છે. અહીં પુરતી તૈયારીઓ સિવાય જુવાન માણસ પણ જીવંત રહી શકે નહીં, અને તે પણ 5-10ની સંખ્યામાં જાય તો જ સહિસલામત રહે છે.

---

**હમાસે ઉગ્ર ટીકા કરી : કહ્યું નિઃશસ્ત્ર અને નિર્દોષ નાગરિકોની હત્યા ખતરનાક છે**

## ગાઝા પર ઇઝરાયલે કાળો કેર વરસાવ્યો, 3 દિવસમાં 94 હવાઈ હુમલા : 184નાં મોત

(એજન્સી) ગાઝા । તા. 06

ગાઝા પટ્ટી ઉપર ઈઝરાયલી સેનાએ ફરી એકવાર કામો કરે વરસાવ્યો છે. છેલ્લા ૭૨ કલાકમાં તેણે ૯૪, હવાઈ હુમલા કર્યા છે. સાથે વિમાનમાંથી ગોળીબારો પણ કર્યા છે. પરિણામે ઓછામાં ઓછા ૧૮૪ લોકોનાં મૃત્યુ થયાં છે.આ અંગે હમાસનાં મીડીયા કાર્યાલય માહિતી આપતાં જણાવ્યું છે કે આ રીતે નિઃશસ્ત્ર અને નિર્દોષ લોકોની હત્યા કરવી ખતરનાક છે, ક્રૂરતાની પરિસીમા છે. આ હુમલાઓમાં વિશેષતઃ ગાઝા શહેરને જ નિશાન બનાવવામાં આવ્યું છે. તેથી અસંખ્ય લોકો ઘાયલ પણ થયા છે. કેટલાયે મલબામાં ફસાઈ ગયા છે. તેમાંએ માર્ગો તૂટી જતાં અને વાહનો પણ ઓછાં પડતાં, ઘાયલ થયેલા લોકોને હોસ્પિટલો સુધી પહોંચાડવામાં પણ અવરોધ આવે છે. ગાઝામાં પેલેસ્ટાઈની નાગરિક સુરક્ષા અધિકારીઓએ જણાવ્યું હતું કે, છેલ્લા ૩ દિવસથી ઇઝરાયલી હવાઈ હુમલા હિંસક રીતે તેજ થઇ ગયા છે. તેથી સ્થાનિક લોકોને અસાધારણ મુશ્કેલીઓ પડી રહી છે. આ ભયાનક અપરાધો માટે ઈઝરાયલી તો જવાબદાર છે જ, પરંતુ તે સાથે અમેરિકા પણ તેટલું જ જવાબદાર છે. તે ઈઝરાયલને સ્ટીમરો ભરી શસ્ત્રો આપે છે. સાથે રાજદ્વારી સમર્થન પણ આપે છે.હમાસે તેનાં નિવેદનમાં વધુમાં જણાવ્યુ છે કે આંતરરાષ્ટ્રીય સમાજ અને સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદે આ જઘન્ય અપરાધો અટકાવવા પગલાં લેવાં જ જોઈએ તે પહેલાં તેનું દસ્તાવેજીકરણ પણ કરવું જોઈએ, તેમજ તે અપરાધો માટે ઈઝરાયલને જવાબદાર ઠરાવવું જોઈએ.આ સાથે તે ઉલ્લેખનીય છે કે ઈઝરાયલી સંરક્ષણ મંત્રી ઈઝરાયલ કાટઝે બુધવારે ચેતવણી આપતાં કહ્યું હતું કે જો હમાસે બંધકોને મુક્ત નથી કર્યા અને અમારી ઉપર રોકેટ છોડવાં બંધ ન કર્યા તો અભૂતપૂર્વ બળ પ્રયોગ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ૭ ઓક્ટોબર ૨૦૨૩ના દિવસે હમાસે દક્ષિણ ઇઝરાયલમાં એક ધાર્મિક સમારોહ સમયે ઓચિંતો હુમલો કરી ૧૨૦થી વધુની હત્યા કરી હતી અને ૨૫૦થી વધુનાં અપહરણ કરી તેમને બંધક બનાવ્યા હતા.

---

## ભારત અમારા ઘરમાં ઘૂસીને ગુપ્ત હત્યાઓ કરાવી રહ્યું છે : પાકિસ્તાન

ઈસ્લામાબાદ: ભારતની ગુપ્તચર એજન્સી રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ (રૉ) પાકિસ્તાનમાં ઘૂસીને ગુપ્ત હત્યાઓ કરી રહી હોવાનો પાકિસ્તાને દાવો કર્યો છે. વોશિંગ્ટન પોસ્ટના એક રિપોર્ટ મુજબ રૉએ પાકિસ્તાનમાં વર્ષ ૨૦૨૧થી અત્યાર સુધીમાં અંદાજે ૧૧ લોકોની હત્યા કરાવી છે, જે દેખીતી રીતે ભારતના દુશ્મનો હતા. રૉના આ અભિયાનનો આશય સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આતંકી જાહેર કરાયેલા સંગઠનો લશ્કર-એ-તોયબા અને જૈશ-એ-મોહમ્મદના શંકાસ્પદ આતંકીઓને નિશાન બનાવવાનું હતું.વોશિંગ્ટન પોસ્ટના રિપોર્ટ મુજબ રૉએ આ આતંકીઓની હત્યા કરાવવા માટે ભારતીય નાગરિકોનો ઉપયોગ નથી કર્યો, પરંતુ સ્થાનિક ગુનેગારો અને અફઘાની ભાડાના હત્યારાઓને કામે લગાવ્યા હતા.

---

**દક્ષિણ પૂર્વ ઓસ્ટ્રેલિયામાં પારો ૪૫ સે. ઉપર પહોંચ્યો**

## દક્ષિણ પૂર્વ ઓસ્ટ્રેલિયામાં ગરમીનું પ્રચંડ મોજું જંગલોમાં લાગેલી આગ ફેલાવાની ભીતિ

(એજન્સી) સીડની । તા. 06

દક્ષિણ પૂર્વ ઓસ્ટ્રેલિયમાં ફરી વળેલું ગરમીનું મોજું રવિવારે વધુ કાળઝાળ બન્યું છે. આથી જંગલોમાં આગ લાગવાની પૂરી ભીતિ રહેલી છે. કેટલાંક સ્થળે તો આગ લાગી પણ ગઇ છે. આથી વિક્ટોરિયા રાજ્યમાં તો કેટલાક વિસ્તારોમાં જવા ઉપર પ્રતિબંધ મુકાયો છે. ગત સપ્તાહે રાજ્યનાં ગ્રેમવિચન્સ નેશનલ પાર્કમાં લાગેલી આગને લીધે અનેક મકાનો સળગી ઉઠયાં હતાં. ઊભો પાક પણ બળી ગયો હતો. ટૂંકમાં ઓસ્ટ્રેલિયા ઉપર ગરમીનું મોજું હજી પણ વધવાની ભીતિ રહેલી છે. દેશમાં હવામાન ખાતાએ આ સાથે જણાવ્યું હતું કે મેલબોર્નમાં પણ પારો ૩૮ ડિગ્રી સેલ્સીયસથી ઉપર જવા સંભવ છે. જ્યારે ઉત્તર પૂર્વમાં મિલ્દુરા નગરમાં ટેમ્પરેચર ૪૨ ડીગ્રી સેલ્સિયસ સુધી પહોંચવાની શક્યતા હવામાન વિભાગે દર્શાવી છે. આજે રવિવારે તે ૩૨ ડીગ્રી સેલ્સિયસ પહોંચી ગયો છે. જાન્યુઆરીના અંત સુધીમાં તો દેશભરમાં ગરમીનું પ્રચંડ મોજું ફેલાઈ રહેવાની હવામાન ખાતાંએ આગાહી કરી છે. ઓસ્ટ્રેલિયન બ્રોડકાસ્ટિંગ કોર્પો.ના ટીવી ઉપર બ્યુરો ઓફ મીટીરિયોલોજીનાં અધિકારી મિટીયસ બ્રેડ બરીએ કહ્યું હતું કે રવિવાર સુધીમાં ટેમ્પરેચર ઉંચુ પહોંચી જશે. તેનો અર્થ તે જ થાય કે વધુ અને વધુ જિલ્લાઓમાં જંગલમાં આગ લાગવાની સંભાવના વધતી જશે. પશ્ચિમ ઓસ્ટ્રેલિયા, ન્યૂસાઉથ વેલ્સ અને તાસ્માનિયામાં પણ હીટવેવ ફેલાવાની અને ઓસ્ટ્રેલિયન બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશને ટીવી ઉપર તેમજ તેની વેબ સાઈટ ઉપર મુકી દીધી છે.



વોટ જાતિમાં વહેંચાતા ફાયદો મળ્યો, હવે અન્ય રાજ્યોનો વારો

# ભાજપે ટ્રિપલ 'V' ફોર્મ્યૂલાથી મહારાષ્ટ્રનો કિલ્લો જીત્યો

(એજન્સી) મુંબઈ । તા. 06

મહારાષ્ટ્રમાં ભાજપના નેતૃત્વ હેઠળના મહાયુતિ ગઠબંધને વિધાનસભા ચૂંટણીમાં શાનદાર જીત નોંધાવી છે. નવેમ્બર મહિનામાં આવેલા ચૂંટણી પરિણામો પ્રમાણે રાજ્ય વિધાનસભાની 288 બેઠકોમાં ભાજપને 132, એકનાથ શિંદેની શિવસેનાને 57 અને અજિત પવારની એનસીપીએ 41 બેઠકો સાથે શાનદાર જીત હાંસલ કરી છે. આ શાનદાર પરિણાની અપેક્ષા તો ખુદ મહાયુતિએ પણ નહોતી રાખી.

2019ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપને 105 બેઠકો પર જીત મળી હતી. તે હિસાબે આ વખતની ચૂંટણીમાં ભાજપને 25 બેઠકો વધુ મળી છે. હવે એવું કહેવામાં આવી રહ્યું છે કે, ભાજપને આ શાનદાર જીત ટ્રિપલ 'V' ફોર્મ્યૂલા (જાતિ આધારિત વોટોનું વિઘટન, વિખંડન અને વિભાજન)ના કારણે મળી છે. ટ્રિપલ 'V' ને ભાજપના કમંડળમાં નવા તીર તરીકે જોવામાં



આવી રહ્યું છે. નિષ્ણાતો કહી રહ્યા છે કે, મત જાતિઓમાં વહેંચાઈ જવાના કારણે ભારતીય જનતા પાર્ટીને આ બહુમતી મેળવવામાં મોટી મદદ મળી છે અને ભાજપ આ ફોર્મ્યુલા અપનાવીને અન્ય રાજ્યોમાં પણ ઉતરી શકે છે. મીડિયા રિપોર્ટ્સમાં એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે, ભાજપની ચૂંટણી રણનીતિ માટે કામ કરી રહેલી ટીમે આ દિશામાં કામ પ શરૂ કરી દીધું છે. આની પાછળના કારણ વિશે વાત કરીએ તો, ભારતીય જનતા પાર્ટીને મહારાષ્ટ્રની અંદર મત વિભાજનના જાતિ આધારિત ફોર્મ્યુલાના કારણે ચૂંટણી લડી રહેલા બંને ગઠબંધન (મહાયુતિ અને MVA) વચ્ચે 1 કરોડ મતનું અંતર જોવા મળ્યું છે. આ દાવો ભાજપ દ્વારા કરવામાં આવેલી મહારાષ્ટ્ર ચૂંટણીની સ્ટડીમાં કરવામાં આવ્યો છે.

સ્ટડી પ્રમાણે ભાજપની મહાયુતિના ત્રણ મહત્વપૂર્ણ પક્ષો (ભાજપ, એકનાથ શિંદેની શિવસેના અને અજિત પવારની એનસીપી)ને 3 કરોડ 11 લાખ 7 હજાર 146 મત મળ્યા છે. બીજી તરફ મહાવિકાસ અઘાડીમાં કોંગ્રેસ (MVA), ઉદ્ધવ ઠાકરેની શિવસેના અને શરદ પવારની NCPને 2 કરોડ 17 લાખ 42 હજાર 31 મત મળ્યા છે. બંને આંકડાઓ પર નજર કરીએ તો સ્પષ્ટ દેખાય છે કે 1 કરોડ રૂપિયાનો તફાવત છે.

મહારાષ્ટ્રમાં મરાઠા મતોનું વર્ચસ્વ છે અને ભાજપે આ વોટબેંક તોડીને મોટી સફળતા હાંસલ કરી છે. હકીકતમાં MVA પાર્ટીઓ મુસ્લિમ અને મરાઠા મતોને પોતાની સાથે સમજીને રાજ્યમાં સત્તામાં વાપસી કરવાના સપના જોઈ રહી હતી, પરંતુ આ મોટી વોટ બેંક એકનાથ શિંદેની શિવસેના + ઉદ્ધવ ઠાકરેની શિવસેના સાથે શરદ પવારની NCP અને અજિત પવારની NCP વચ્ચે વહેંચાઈ ગઈ હતી. આ ઉપરાંત બ્રાહ્મણ, દલિતો અને ઓબીસીના સંયુક્ત વોટ ભાજપને મળવાના કારણે આ ઐતિહાસિક પરિણામો આવ્યા છે.ભાજપ હવે આ વ્યૂહરચનાને રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, બિહાર અને દક્ષિણ ભારત જેવા રાજ્યોમાં પણ લાગુ કરવાની તૈયારીમાં છે. રાજસ્થાનમાં જાટ, રાજપૂત, ગુર્જર અને મીણા જાતિઓ વચ્ચે અને યુપી-બિહારમાં યાદવ, બ્રાહ્મણ અને મુસ્લિમ વોટ બેંકમાં વહેંચીને ભાજપ ખુદને મજબૂત કરી શકે છે.

## જમ્મુ-કાશ્મીરમાં એક જ પરિવારના 5 લોકોને આ ભૂલ ભારે પડી, ઊંઘમાં જ મોત આવી ગયું

(એજન્સી) શ્રીનગર । તા. 06


જમ્મુ-કાશ્મીરના શ્રીનગરમાં એક જ પરિવારના 5 સભ્યોના મૃત્યુ નીપજ્યા. આ લોકો ઠંડીથી બચવા માટે ઈલેક્ટ્રિક બ્લોઅર ચાલુ કરીને સૂઈ ગયા હતા, જેના લીધે ગૂંગળામણ થતાં તમામ મૃત્યુ પામ્યા હતા. સવારે જ્યારે પરિવાર ન જાગ્યો ત્યારે પડોશીઓને કંઈક અઘટિત થવાની આશંકા થઈ હતી. તેમણે પોલીસને ફોન કરીને મામલાની જાણ કરી. પોલીસે ઘરનો દરવાજો તોડીને અંદર પ્રવેશ કર્યો ત્યારે તેમને એક પુરુષ, મહિલા અને તેમના ત્રણ બાળકો બેભાન અવસ્થામાં જોવા મળ્યા. પોલીસ તેમને તાત્કાલિક હોસ્પિટલ લઈ ગઈ, પરંતુ ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા.અહેવાલો અનુસાર, આ ઘટના શ્રીનગરના પંડરેથાન વિસ્તારના શેખ મોહલ્લામાં બની હતી. આ ઘટના રવિવારે (પાંચમી જાન્યુઆરી) સવારે પ્રકાશમાં આવી હતી. મૃતક ભાડાના મકાનમાં રહેતો હતો. રાજ્યના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા અને લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ પણ આ ઘટના પર શોક વ્યક્ત કર્યો છે.

વિવાદાસ્પદ નિવેદનો માટે હંમેશા ચર્ચામાં

## શિંદે સેનાના ધારાસભ્ય શબ્દોની મર્યાદા ભૂલ્યાં! મતદારોને બેફામ અપશબ્દો કહ્યા

(એજન્સી) મુંબઈ । તા. 06

મહારાષ્ટ્રમાં મહાયુતિ ગઠબંધનના દિગ્ગજ નેતાઓ જાહેર સભામાં પોતાનું ભાન ભૂલી બેફામ નિવેદનો આપી રહ્યા છે. બારામતીમાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી અને એનસીપી અધ્યક્ષ અજિત પવારે મતદારોને ખખડાવ્યા હતા. બીજી બાજુ શિવસેના શિંદે જૂથના ધારાસભ્ય સંજય ગાયકવાડે મતદારો પર આક્ષેપ કર્યો હતો.સંજય ગાયકવાડે બુલઢાણામાં એક જનસભાને સંબોધિત કરતાં કહ્યું કે, 'અહીં મતદારો બે-પાંચ હજાર રૂપિયા અને દારૂ-માંસ માટે વેચાઈ જાય છે. તેમના કરતાં તો રૂપલલના સારી છે. તમે મને એક મત આપી શકતા નથી, તમને તો માત્ર દારૂ, માંસ અને રૂપિયા જોઈએ.''જો હું હારી ગયો હોત તો તમામ પ્રોજેક્ટ



અટવાઈ પડતાં' સંજય ગાયકવાડે કહ્યું કે, 'અરે 2-2 હજારમાં વેચાઈ ગયા....... તેમના કરતાં તો રૂપલલના સારી છે. એક બાજુ આ ધારાસભ્ય તમારી દીકરીઓના કલ્યાણનો પ્રયાસ કરી રહ્યો છે. વિધાનસભા ક્ષેત્રનો વિકાસ કરવાનો પ્રયાસ કરી રહ્યો છે. તેમાં મારો કોઈ સ્વાર્થ નથી. પરંતુ (અમુક લોકો) પૈસા-માંસ-દારૂ આપી સંજય ગાયકવાડને હરાવવા માગતા હતા (અને મતદારો વેચાઈ પણ ગયાં). જો હું હારી ગયો હોત તો શું આ તમામ પ્રોજેક્ટ પૂરા થયા હોત.' સંજય ગાયકવાડ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં બુલઢાણા વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડ્યા હતા. જેમાં તેઓ માત્ર 841 મતોના માર્જિનથી જીત્યા હતા. તેમની જીતના ભાગરૂપે સત્કાર સમારોહ આયોજિત કરવામાં આવ્યો હતો. તે સમયે તેમણે ઓછા મત મળવા બદલ મતદારો પર પોતાનો રોષ ઠાલવ્યો હતો. સંજય ગાયકવાડ હંમેશાથી વિવાદાસ્પદ નિવેદનો માટે ચર્ચામાં રહે છે. તેઓ વિપક્ષને વખોડવામાં અનેક વખત વિવાદાસ્પદ નિવેદનો આપ્યા છે. અનામત મુદ્દે કોંગ્રેસની ટીકા કરતાં તેમની જીભ લપસી હતી અને તેમણે રાહુલ ગાંધીની જીભ કાપીને લાવનારાને રૂ. 11 લાખનું ઈનામ આપવાની જાહેરાત કરી હતી. ગાયકવાડે પોતાનું કામ ગણાવતાં મતદારોને કહ્યું હતું કે, 'છેલ્લા પાંચ વર્ષમાં મેં વધુ પડતું ફંડ મૂર્તિઓ બનાવવા પાછળ ખર્ચ્યું છે. બુલઢાણામાં 5 કે 10 નહીં, પરંતુ 25 મહાપુરુષોની નવી મૂર્તિઓ સ્થાપિત કરી છે.'

# માથામાં 15 ઘા, લીવરના 4 ટુકડા કર્યા.. પત્રકાર મુકેશની નિર્દયતાપૂર્વક હત્યા કરનારો પકડાયો

(એજન્સી) બીજાપુર તા. 06

છત્તીસગઢના બીજાપુરમાં પત્રકાર મુકેશ ચંદ્રાકરની હત્યામાં ક્રૂરતાની તમામ હદો વટાવી દેવામાં આવી હતી. મુકેશ ચંદ્રાકરના માથા પર 15 ઈજાના નિશાન જોવા મળ્યા હતા. આ સિવાય લીવરના ચાર ટુકડા અને પાંચ પાંસળીઓ તૂટી ગઈ હતી. એટલું જ નહીં, તેની ગરદન તૂટેલી અને હૃદય ફાટેલું જોવા મળ્યું હતું.

પત્રકાર મુકેશ ચંદ્રાકરના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરનાર ડૉક્ટરે કહ્યું કે, 'મેં મારી 12 વર્ષની કારકિર્દીમાં એવો કોઈ કેસ જોયો નથી કે જેમાં તેમની આટલી નિર્દયતાથી હત્યા કરવામાં આવી હોય.' ડૉક્ટરે એવો પણ દાવો કર્યો છે કે પત્રકારની હત્યા કરનારા બે કે તેથી વધુ હુમલાખોરો હતા. મુકેશ ચંદ્રાકરની હત્યાના આરોપી કોન્ટ્રાક્ટર સુરેશ ચંદ્રાકરની SITએ હૈદરાબાદથી તેની ધરપકડ કરી છે. બીજાપુરના એસપી જિતેન્દ્ર સિંહ યાદવે આ વાતની પુષ્ટિ કરી હતી. મુકેશ ચંદ્રાકરનો મૃતદેહ 3 જાન્યુઆરીએ કોન્ટ્રાક્ટર સુરેશ ચંદ્રાકરની મિલકત પર સ્થિત સેપ્ટિક ટાંકીમાંથી મળી આવ્યો હતો.



મુકેશ 1લી જાન્યુઆરીથી ગુમ હતો. પોલીસે મુકેશને શોધવા સુરેશ ચંદ્રાકરના ઘરે દરોડા પાડ્યા હતા. તપાસ દરમિયાન ત્યાંની સેપ્ટિક ટાંકીમાંથી એક મૃતદેહ મળી આવ્યો હતો. શરીરની હાલત ખૂબ જ ખરાબ હતી, પરંતુ કપડાં પરથી તેમની ઓળખ કરવામાં આવી હતી.

### કોન્ટ્રાક્ટરના ભ્રષ્ટાચારનો પર્દાફાશ થયો હતો

પત્રકાર મુકેશ ચંદ્રકરે કોન્ટ્રાક્ટર સુરેશ ચંદ્રાકરના ભ્રષ્ટાચારનો પર્દાફાશ કર્યો હતો. કોન્ટ્રાક્ટર સુરેશ ચંદ્રાકરને બસ્તરમાં 120 કરોડ રૂપિયાનો રોડ બનાવવાનો કોન્ટ્રાક્ટ મળ્યો હતો. પત્રકાર મુકેશની હત્યાના સમાચાર બાદ કોન્ટ્રાક્ટર સામે તપાસના આદેશ આપવામાં આવ્યા હતા. આ પછી, 1 જાન્યુઆરીથી મુકેશ ચંદ્રાકર વિશે કંઈ જાણી શકાયું ન હતું. એવું પણ સામે આવ્યું છે કે મુકેશને છેલ્લો ફોન સુરેશ ચંદ્રાકરના ભાઈ રિતેશ દ્વારા કરવામાં આવ્યો હતો. ત્યારબાદ 1 જાન્યુઆરીથી મુકેશ ચંદ્રાકરનો ફોન સ્વીચ ઓફ આવતો હતો. એવો દાવો કરવામાં આવે છે કે લાશને ટાંકીમાં મુકવામાં આવી હતી અને તેના પર પ્લાસ્ટર કરવામાં આવ્યું હતું, આ પછીથી જ પોલીસને શંકા ગઈ હતી.

## સવારે 4 વાગ્યે પ્રશાંત કિશોરની પોલીસે અટકાયત કરતાં હોબાળો, થપ્પડબાજી કર્યાનો આક્ષેપ

(એજન્સી) બિહાર । તા. 06

બિહાર પબ્લિક સર્વિસ કમિશન(BPSC)ની 70મી પ્રિલિમ્સ પરીક્ષા રદ કરવાની માંગ સાથે ઉપવાસ પર બેઠેલા જન સૂરજ પાર્ટીના સ્થાપક અને જાણીતા ચૂંટણી વ્યૂહ રચનાકાર પ્રશાંત કિશોરને વહેલી સવારે ચાર વાગ્યે પટના પોલીસ દ્વારા ધરણાં સ્થળ પરથી બળજબરીથી ઉપાડી લેવામાં આવ્યા હતા અને અટકાયત કરવામાં આવી હતી. જન સૂરજ પાર્ટીનો આરોપ છે કે પોલીસે પ્રશાંત કિશોર સાથે બર્બરતા કરી છે. પોલીસે તેમને થપ્પડ મારી હતી. કહેવામાં આવી રહ્યું છે કે તેમને ધરણાં સ્થળ પરથી સીધા પટના એઈમ્સમાં લઈ જવામાં આવ્યા. આ દરમિયાન પટના પોલીસ અને જન સૂરજ પાર્ટીના પ્રમુખ પ્રશાંત કિશોરના સમર્થકો વચ્ચે ઉગ્ર અથડામણ થઈ હતી. પોલીસે પ્રશાંત કિશોરને કસ્ટડીમાં લેવાનો પ્રયાસ કરતાં જ સમર્થક વિદ્યાર્થીઓએ પ્રશાંત કિશોરને ઘેરી લીધો હતો. બંને પક્ષો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. પરંતુ આખરે પોલીસે પ્રશાંત કિશોરને કસ્ટડીમાં લઈ લીધા હતા. વિદ્યાર્થીઓ અને પોલીસ દળ વચ્ચેની આ અથડામણનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે.

આ મંદિર 15મી સદીમાં બનાવવામાં આવ્યું

## સંભલ બાદ હવે પટણામાં 500 વર્ષ જૂનું શિવ મંદિર મળ્યું, લોકોએ કહ્યું - ખાસ ધાતુમાંથી બન્યું

(એજન્સી) સંભલ તા. 06

ઉત્તર પ્રદેશના સંભલ બાદ બિહારની રાજધાની પટણામાં પણ ખોદકામ દરમિયાન એક ભવ્ય મંદિર મળી આવ્યું છે. જે જગ્યાએ આ મંદિર મળ્યું ત્યાં વર્ષોથી કચરાના ઢગલા હતા. આ મંદિર વિશે અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે તે 15મી સદીનું હોઈ શકે છે. મંદિરમાં એક શિવલિંગ અને બે પગના નિશાન મળી આવ્યા છે. અધિકારીઓ પહોંચે તે પહેલા સ્થાનિક લોકોએ તેનું ખોદકામ કર્યું અને સફાઈ કર્યા બાદ પૂજા શરુ કરી હતી.અહેવાલો અનુસાર, ખોદકામ બાદ સ્થાનિકએ જણાવ્યું કે મંદિર કોઈ ખાસ ધાતુથી બનેલું છે. મંદિરની દીવાલોમાંથી સતત પાણી ટપકતું રહે છે. સરળ કાળા પથ્થરથી બનેલા મંદિરમાં શિવલિંગ અને પગના નિશાન છે. મંદિરની સફાઈ કર્યા બાદ લોકોએ માટી હટાવવાની કામગીરી ચાલુ કરી હતી. મંદિરમાં પ્રાચીન શિવલિંગ અને પગના





નિશાન મળ્યા બાદ તેનું મહત્ત્વ વધુ વધી ગયું છે. જો કે, મંદિર કેટલુ જૂનું છે તે હજુ સુધી ચોક્કસ રીતે ઓળખવામાં આવ્યો નથી. જો કે કેટલાક લોકો દાવો કરી રહ્યા છે કે મંદિર 15મી સદીનું છે. મંદિર પ્રાચીન હોવાથી લોકો તેને જોવા માટે આવે છે. કેટલાક સ્થાનિક લોકોએ અહીં પૂજા કરવાનું પણ શરુ કરી દીધું છે.ઉલ્લેખનીય છે કે આ પહેલા ઉત્તર પ્રદેશના સંભલમાં પણ એક પ્રાચીન શિવ મંદિર મળ્યું હતું. આ મંદિર છેલ્લા 46 વર્ષથી બંધ હતું. આ મંદિર ડીએમ અને એસપી દ્વારા વીજળી ચોરી બાદ દરોડા દરમિયાન જોવા મળ્યું હતું. આ પછી બંનેએ ગેટ ખોલ્યો અને મંદિરની સફાઈ કરાવી. આ મંદિર જામા મસ્જિદથી માત્ર દોઢ કિમીના અંતરે છે. 1978માં સંભલમાં રમખાણો થયા બાદ મોટાભાગના હિંદુઓ અહીંથી ચાલ્યા ગયા હતા. સપા સાંસદ ઝિયાઉર રહેમાન બર્કનું ઘર મંદિરથી માત્ર 200 મીટર દૂર છે. સ્થાનિક લોકોનો દાવો છે કે મંદિર 400-500 વર્ષ જૂનું છે. મંદિર પાસે એક કૂવો પણ છે.

ગજનીખેડી ચામુંડા માતા નગરી તરીકે ઓળખાશે

## મધ્યપ્રદેશના મુખ્યમંત્રીએ ઉજ્જૈનના 3 ગામના નામ બદલ્યાં, કહ્યું- 'મૌલાના લખવા જતા પેન અટકી જતી..'

(એજન્સી) ઉજ્જૈન તા. 06

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવે રવિવારે ઉજ્જૈન અને ઈન્દોરના પ્રવાસે હતા. આ દરમિયાન તેમણે ઉજ્જૈન જિલ્લાના ત્રણ ગામોના નામ બદલવાની જાહેરાત કરી હતી. જેમાં મૌલાના, ગજનીખેડી અને જહાંગીરપુર ગામોનો સમાવેશ થાય છે.



### ગામડાઓ અને શહેરોના નામ લોક લાગણીને અનુરૂપ રાખીશું: મુખ્યમંત્રી

'જ્યારે અન્ય શહેરોના નામ બદલી શકાય છે તો આપણે આપણી પંચાયતોના નામ કેમ બદલી શકતા નથી. આથી હવે ગામડાઓ અને શહેરોના નામ જનભાવના પ્રમાણે જ રાખવામાં આવશે.'

જાહેરાત કરતી વખતે મુખ્યમંત્રીએ કહ્યું કે, 'મૌલાના ગામનું નામ લખતી વખતે પેન અટકી જાય છે, તેથી હવે તે વિક્રમ નગર તરીકે ઓળખાશે.' આ સિવાય સીએમ મોહન યાદવે 'જહાંગીરપુર'નું નામ બદલીને 'જગદીશપુર' અને 'ગજનીખેડી'નું નામ બદલીને 'ચામુંડા માતા નગરી' કરવાની પણ જાહેરાત કરી હતી. સીએમ મોહને કહ્યું, 'મૌલાના ગામમાં, લોકો પોતાના દમ પર ઉદ્યોગસાહસિકતાનું ઉદાહરણ બની રહ્યા છે. અહીં એવા મશીનો ઉપલબ્ધ છે જે પંજાબ અને હરિયાણા જેવા વિસ્તારોમાં જોવા મળે છે. પરંતુ મને સમજાયું નહીં કે ગામની અંદર આ નામ સાથે શું છે. ઔદ્યોગિક ક્ષેત્રે પોતાની મેળે કામ થાય તો મૌલાના ગામમાં થાય પણ નામ લખે તો અટકી જાય કેમ કે હું રાજા વિક્રમાદિત્યના શહેરમાંથી આવું છું એટલે નક્કી કર્યું છે કે મૌલાનાનું નામ બદલીને વિક્રમનગર કરવામાં આવશે.'ગજનીખેડી પંચાયતનું નામ બદલીને ચામુંડા માતા નગરી કર્યા બાદ મુખ્યમંત્રીએ કહ્યું કે, 'અહીં કલેક્ટર હાજર છે, તમે ગજનીખેડીની અંદર નવા વિકાસ માટે પ્રસ્તાવ આપો. અમે બધા અહીંથી અમારી મંજૂરી જાહેર કરીએ છીએ. આ પછી હવે જહાંગીરપુર ગ્રામ પંચાયતનું નામ બદલીને જગદીશપુર કરવામાં આવશે. અમારી પંચાયત હવે જગદીશપુર તરીકે ઓળખાશે.'

## 'તમે વોટ આપ્યો એટલે મારા માલિક નથી બની ગયા...' : અજિત પવાર

### એનસીપીનું શરદપાવર સાથે જોડાણ શક્ય?



(એજન્સી) મુંબઈ । તા. 06

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવાર પોતાનો હોદ્દો, વર્ચસ્વ ભૂલ્યા હોય તેવુ લાગી રહ્યું છે. તેમને નાયબ મુખ્યમંત્રીની ખુરશી સુધી પહોંચાડનારા મતદારોને તેઓ ખખડાવતાં જોવા મળ્યા હતાં તેમણે કહ્યું કે, 'તમે મત આપ્યો છે, તેથી તમે મારા માલિક નથી બની ગયાં.'એનસીપી અધ્યક્ષ અને નાયબ મુખ્યમંત્રી અજિત પવારે બારામતીમાં એક જનસભાને સંબોધિત કરતાં ગુસ્સામાં નિવેદન આપ્યું કે, 'તમે મને મત આપ્યો એટલે તેનો અર્થ એ નથી કે, તમે મારા માલિક બની ગયા. તમે મને સાલગડી (ખેતી-પશુઓની દેખરેખ રાખતો ખેત મજૂર) બનાવી દીધો છે.'બારામતીમાં જનસભાને સંબોધિત કરતાં અજિત પવાર ભાષણ આપી રહ્યા હતા. ત્યારે મંચની નીચે બેઠેલા કાર્યકરો સતત પત્ર આપી પોતાનું કામ કરવા ભલામણો કરી રહ્યા હતા. પહેલાં તો અજિત પવારે તેમને નજરઅંદાજ કર્યા, પરંતુ બાદમાં આ સિલસિલો વધતાં તેઓ ભડકી ઉઠ્યા અને આ નિવેદન આપ્યું હતું. મહારાષ્ટ્રમાં અજિત પવારની આગેવાની હેઠળની એનસીપી અને શરદ પવાર જૂથના પુનઃ જોડાણ કરવાની અટકળોનો અંત આવ્યો છે. અજિત પવારે આ તમામ શક્યતાઓને નકારતાં કહ્યું હતું કે, તે કેન્દ્રમાં ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએ અને મહારાષ્ટ્રમાં મહાયુતિ સાથે જોડાણ જાળવી રાખશે.

## ભાજપ મફત પાણી-વીજળીની યોજના બંધ કરવાનું નથી : મોદી

નવી દિલ્હી: દિલ્હી વિધાનસભાની ચૂંટણી પૂર્વે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૨ હજાર કરોડ રૂપિયાથી વધુના પ્રોજેક્ટ દિલ્હીને આપ્યા હતા. નમો ભારત નેટવર્કના વિસ્તાર અને નવી મેટ્રો લાઇનના ઉદ્ઘાટન બાદ નરેન્દ્ર મોદીએ રોહિણીના જાપાની પાર્કમાં ભાજપની રેલીને સંબોધી હતી, જ્યાં તેમણે દાવો કર્યો હતો કે કેન્દ્ર દિલ્હીમાં કામ નથી કરવા દેતી તેવા આપ જૂઠ્ઠા આરોપો લગાવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક તરફ આપ સરકાર પર આકરા પ્રહારો કર્યા સાથે જ બીજી તરફ એવું વચન પણ આપ્યું કે દિલ્હીમાં ભાજપની સરકાર વર્તમાન સ્કીમોને બંધ નહીં કરે. દિલ્હીમાં ભાજપની સરકાર બનશે તો મફત વીજળી પાણીની યોજનાઓને બંધ કરી દેવામાં આવશે તેવા કેજરીવાલના દાવાને નરેન્દ્ર મોદીએ જૂઠ્ઠા ગણાવ્યા હતા. તેમણે આશ્વાસન આપ્યું હતું કે દિલ્હીમાં મફત વીજળી-પાણીની યોજના બંધ નહીં થાય. આપ પાર્ટીને આપદા ગણાવીને મોદીએ ફરી એક વખત કેજરીવાલ પર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે ગરમીમાં પાણી માટે મારામારી, વરસાદમાં પાણી ભરાવવાની મુશ્કેલી, ઠંડીમાં પ્રદુષણની મુશ્કેલી, દિલ્હીમાં આ લોકોએ તમામ ઋતુને આપદાકાળ બનાવી દીધી છે.

# શ્વાસમાં તકલીફ, બર્ડ ફ્લૂ જેવા લક્ષણ... ચીનમાં ફેલાતા HMPV વાયરસથી બચવા દિલ્હીમાં એડવાઈઝરી જાહેર

(એજન્સી) નવી દિલ્હી । તા. 06

પાડોશી દેશ ચીનમાંથી આ વાયરસ ભારતમાં પણ પ્રવેશ્યો છે. બેંગ્લુરૂની એક હૉસ્પિટલમાં આઠ મહિનાની બાળકીમાં HMPV વાયરસ મળી આવ્યો છે. જેની ગંભીરતાને ધ્યાનમાં લેતાં દિલ્હીના મેડિકલ અધિકારીઓએ એડવાઈઝરી જાહેર કરી છે. વિશ્વભરમાં 70 લાખથી વધુ લોકોના મોતનું કારણ બનેલા કોવિડ-19 મહામારીના પાંચ વર્ષ બાદ ચીનમાં ફરી એક નવો વાયરસ ફેલાયો છે. હ્યુમન મેટાન્યૂમોવાયરસ (HMPV) તરીકે ઓળખાતા આ વાયરસથી પીડિત દર્દીઓને શ્વાસ લેવામાં તકલીફ થાય છે. તેમજ ફ્લૂના લક્ષણો જોવા મળે છે.

હેલ્થ સર્વિસના ડિરેક્ટર જનરલ ડૉ. વંદના બગ્ગાએ મુખ્ય જિલ્લા મેડિકલ ઑફિસર્સ અને આઈડીએસપીના રાજ્ય કાર્યક્રમ અધિકારીઓ સાથે બેઠક કરી દિલ્હીમાં શ્વાસ સંબંધિત બીમારીઓની સારવારની તૈયારીઓ કરવા ચર્ચા કરી હતી. તેમજ હૉસ્પિટલ્સને પણ નિર્દેશ આપવામાં આવ્યા છે કે, તેઓ ઈન્ફ્લુએન્ઝા જેવી બીમારી અને ગંભીર તીવ્ર શ્વસન સંક્રમણ(SARI)ના કેસોની માહિતી તાત્કાલિક આઈએચઆઈપી પોર્ટલ મારફત જણાવે. સંદિગ્ધ કિસ્સા માટે કડક આઈસોલેશન પ્રોટોકોલ અને સાવચેતીઓ રાખવા આદેશ આપવામાં આવ્યો છે.



હૉસ્પિટલ્સને કડક દેખરેખ હેઠળ SARI કેસ અને HMPVના ટેસ્ટિંગ માટે લેબને તૈયાર રહેવા આદેશ આપ્યો છે. દુનિયાભરને હચમચાવી ચૂકેલા કોરોના વાઈરસની મહામારી બાદ હવે હ્યુમન મેટાન્યૂમો વાઈરસ (HMPV) નામના વાઈરસે ચીનમાં એન્ટ્રી કરીને સૌને ડરાવી દીધા છે. જોકે આ વાઈરસનો પહેલો કેસ ભારતમાં મળી આવતાં ખળભળાટ મચી ગયો છે. માહિતી અનુસાર બેંગ્લુરુની એક હોસ્પિટલમાં આઠ મહિનાના બાળકમાં આ વાઈરસ ડિટેક્ટ થયો હતો. જેના પછી બીજો કેસ 3 મહિનાની બાળકી તરીકે મળી આવ્યો છે.

### ICMR દ્વારા શું અપડેટ?

કર્ણાટકમાં હ્યુમન મેટાન્યૂમો વાઈરસ (HMPV)ના કેસ મળ્યા હોવાના મીડિયા અહેવાલો છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) એ કર્ણાટકમાં હ્યુમન મેટાન્યૂમો વાઈરસ (HMPV)ના બે કેસ શોધી કાઢ્યા છે. બંને કેસની ઓળખ નવા શ્વસન વાયરલ સંબંધી બિમારીઓ પર નિયમિત દેખરેખ રાખવા દરમિયાન કરવામાં આવી હતી, જે દેશભરમાં શ્વસન સંબંધી બીમારીઓથી દેખરેખ માટે ICMR દ્વારા ચાલી રહેલા પ્રયાસોનો ભાગ જ છે.સ્વાસ્થ્ય વિભાગે કહ્યું કે 'અમે અમારી લેબમાં તેનો ટેસ્ટ નથી કર્યો. એક ખાનગી હોસ્પિટલમાં આ વાઈરસના કેસની પુષ્ટી થઈ છે. ખાનગી હોસ્પિટલના આ રિપોર્ટ શંકા કરવાનું કોઈ કારણ દેખાતું નથી. ઉલ્લેખનીય છે કે HMPV સામાન્ય રીતે બાળકોમાં ડિટેક્ટ થાય છે.


AVAILABLE FOR SALE

| MAKE | MODEL | REG NO |
| --- | --- | --- |
| TATA 2518 | 2017 | GJ-18-BV-1821 |

IN "AS IS WHERE IS CONDITION"
CONTACT: - SUNDARAM FINANCE LTD.
212- 214, B WING, SUND WEST BANK BUILDING,
OPP VALLBH SADAN, ASHRAM ROAD AHMEDABAD 380009
WITHIN 3 DAYS PH: 9824091977

પશ્ચિમ રેલવે – અમદાવાદ

ડિઝાઈન કન્સલ્ટન્ટ (DDC) ની નિમણૂંક માટે રિક્વેસ્ટ ફોર પ્રપોઝલ (RFP)

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી **ડેપ્યુ. ચીફ એન્જીનીયર (નિર્માણ) III,** પશ્ચિમ રેલવે, અમદાવાદ નીચે જણાવેલ કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **ઈ-ટેન્ડર નોટીસ નં. ડેપ્યુ.સીઈ(સી)III/એડીઆઈ/ડીડીસી/01 (1) કામનું નામ તેના સ્થળ સહિતઃ** ટેન્ડર નં. ડેપ્યુ.સીઈ(સી)III/એડીઆઈ/ ડીડીસી/01 CAO/C/ADI, પશ્ચિમ રેલવે, અમદાવાદ હેઠળ બાંધકામ સંગઠનની પરિયોજનાઓ માટે 'સ્ટેશન બિલ્ડીંગ્સ, FOBs, PF શેલ્ટર્સ અને અન્ય આનુષંગિક માળખાઓ, માળખાઓના લૉચિંગ અને ડિલૉચિંગની યોજનાઓ તૈયાર કરવા સહિત નવી લાઈન માં બ્રિજીસ, ગેજ રૂપાંતરણ, દ્વિકરણ, 3જી અને 4થી લાઈન પરિયોજનાઓ, રોડ ઓવર બ્રિજીસ, રેલવે ફ્લાય ઓવર્સ, રોડ અન્ડર બ્રિજીસ અને જળવાયેલા બ્રિજીસ વગેરે માટે સ્ટ્રક્ચરલ ડિઝાઈન્સને લગતી સેવાઓની જોગવાઈ' માટે વિગતવાર ડિઝાઈન કન્સલ્ટન્ટ (DDC) ની નિમણૂંક માટે રિક્વેસ્ટ ફોર પ્રપોઝલ (RFP). **(2) કામની અંદાજીત પડતરઃ** ₹ 6,70,62,664.00 **(3) જમા કરવાની અર્નેસ્ટમનીઃ** ₹ 4,85,300.00 **(4) પૂર્ણ કરવાનો સમયગાળોઃ** 36 (છત્રીસ) મહિના **(5) પ્રિ-બીડ મિટીંગઃ** તા.13-01-2025 ના 12:00 કલાકે. **(6) બીડ જમા કરવાની અને ખુલવાની તારીખ અને સમયઃ** તા.31-01-2025 ના 15:00 કલાક સુધી જમા કરી શકાશે અને તા.31-01-2025 ના 15:30 કલાકે ટેન્ડર ખોલાશે. **(7) ટેન્ડરની સિસ્ટમઃ** સિંગલ પેકેટ સિસ્ટમ (ઓપન ટેન્ડર) **(8) વેબસાઈટ વિગત, નોટીસ બોર્ડનું સ્થળ જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગત જોઈ શકાશે અને ઓફીસનું સરનામુંઃ વેબસાઈટઃ** www.ireps.gov.in ડેપ્યુ.ચીફ એન્જીનીયર, (બાંધકામ) III ની ઓફિસ, પશ્ચિમ રેલવે, બીજો માળ, નિર્માણ ભવન, GCS હોસ્પિટલ સામે, અસારવા, અમદાવાદ. CPM-101

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

## રિક્ષામાં બેસાડી ચોરી કરતી ટોળકી ક્રાઈમ બ્રાન્ચે ઝડપી

અમદાવાદ : વૃદ્ધ મહિલાઓને રિક્ષામાં બેસાડી સોનાના દાગીના ચોરી કરતી ટોળકી ઝડપાઈ છે. ક્રાઈમ બ્રાન્ચે મહિલા સહિત ત્રણ આરોપીઓની ધરપકડ કરી 9 ગુનાનો ભેદ ઉકેલ્યો છે. કુલ 10 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો છે. મહત્વનું છે કે છેલ્લા 2 મહિનામાં જ નવ જેટલા ગુનાને અંજામ આપી ટોળકીએ અમદાવાદ છોડી દીધું હતું. પરંતુ વધુ ગુનાને અંજામ આપવા આવતા ટોળકી ઝડપાઈ છે.આ ટોળકી વૃદ્ધ મહિલા અને અશક્ત લોકોને રિક્ષામાં બેસાડી તેમના સોનાના દાગીના કાપી ચોરી કરતી હતી.


# સિટી એક્સપ્રેસ

TUESDAY 07 JANUARY-2025

AHMEDABAD


## BJPના જિલ્લા-મનપા પ્રમુખ બનવા માટે દાવેદારોનો ફાટ્યો રાફડો

અમદાવાદ : ગુજરાત ભાજપના જિલ્લા-મનપા પ્રમુખને લઈ મોટા સમાચાર સામે આવ્યા છે. 33 જિલ્લા પ્રમુખ અને 8 મનપા પ્રમુખ બનવા માટે દાવેદારોનો રાફડો ફાટ્યો છે. પ્રમુખ બનવા માટે અંદાજે 1300થી વધુ ફોર્મ ભરાયા છે. ગુજરાતમાં ભાજપના શહેર-જિલ્લા પ્રમુખ બનવા સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેના માટે દાવેદારો દ્વારા લોબિંગ પણ શરૂ કરવામાં આવ્યું હતા. 33 જિલ્લા પ્રમુખ અને 8 મનપા પ્રમુખ બનવા માટે દાવેદારોનો રાફડો ફાટ્યો છે. પ્રમુખ બનવા માટે અંદાજે 1300થી વધુ ફોર્મ ભરાયા છે. કેટલાક નેતાઓએ ગોડફાધર દ્વારા તેમને આ હોદ્દો મળે તે માટે લોબિંગ પણ શરૂ કરી દીધું હતા.



# મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ - BIS નો 78મો સ્થાપના દિવસ ઉજવાયો









### ક્વોલિટી કોન્કલેવમાં મુખ્યમંત્રીશ્રીએ 'સ્ટાન્ડર્ડ કાર્નિવલ'ના વિજેતા વિદ્યાર્થીઓનું સન્માન કર્યું

### વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ઝિરો ઈફેક્ટ-ઝિરો ડીફેક્ટના ધ્યેય સાથે મેઈક ઇન ઈન્ડિયા, મેઈડ ફોર ધ વર્લ્ડની બ્રાન્ડ ઈન્ડિયા ઈમેજનું આપેલું આહવાન ક્વોલિટી પ્રોડક્ટ અને સર્વિસીસથી સાકાર કરી શકાશે: મુખ્યમંત્રી

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ


મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઝિરો ઈફેક્ટ ઝિરો ડિફેક્ટના ધ્યેય સાથે મેઈક ઇન ઈન્ડિયા, મેઈડ ફોર ધ વર્લ્ડની બ્રાન્ડ ઈન્ડિયા ઈમેજનું આપેલું આહવાન ક્વોલિટી પ્રોડક્ટસ અને સર્વિસીસથી સાકાર કરી શકાશે. ભારતીય માનક બ્યુરો - બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડના ૭૮માં સ્થાપના દિવસે આયોજિત ક્વોલિટી કોન્કલેવનો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં પ્રારંભ કરાવ્યો હતો. BISના અમદાવાદ કાર્યાલય દ્વારા ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના સહયોગથી આ કોન્કલેવ યોજવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે શાળાના બાળકોમાં ગુણવત્તા અને માનકને પ્રોત્સાહિત કરતી ગુજરાતી કોમિક બુકનું વિમોચન તથા 'સ્ટાન્ડર્ડ કાર્નિવલ'ની ક્વિઝ કોમ્પિટિશનના વિજેતા વિદ્યાર્થીઓનું ટ્રોફી અર્પણ કરીને સન્માન પણ કર્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત વિશ્વની ત્રીજી મોટી આર્થિક તાકાત બનવા તરફ ગતિ કરી રહ્યું છે. આ માટે આપણા ઉત્પાદનો, સેવાઓ, પ્રોડક્ટસ બધું જ વર્લ્ડ માર્કેટમાં સ્પર્ધા કરે તેવું સક્ષમ બનાવવામાં ભારતીય માનક બ્યુરો મહત્વનું યોગદાન આપે છે. તેમણે કહ્યું કે, વડાપ્રધાનશ્રીની વિઝનરી લીડરશીપમાં દેશમાં ક્વોલિટી અને સસ્ટેઈનેબલિટીને જે મહત્વ અપાયું છે તેના પરિણામે આજે ઈન્ડિયન પ્રોડક્ટસની ક્વોલિટી અને સ્ટાન્ડર્ડની અગાઉ જે ઈમેજ હતી તેમાં ૩૬૦ ડિગ્રી બદલાવ આવ્યો છે.મુખ્યમંત્રીશ્રીએ આ સંદર્ભમાં જણાવ્યું કે, એક વ્યક્તિથી દેશ, દેશના ઉત્પાદનો, સેવાઓની ગુણવત્તા બધામાં કેટલો મોટો ક્વોલિટેટીવ બદલાવ આવી શકે તે વડાપ્રધાનશ્રીએ દુનિયાને બતાવ્યું છે. તેમણે ઉમેર્યું કે વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં 2016 માં જે નવા BIS અધિનિયમો લાગુ કરવામાં આવ્યા તેના પરિણામે ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેશને વેગ મળ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, લોકોની માંગ અને અપેક્ષા બેય વધ્યા છે અને ક્વોલિટી પ્રોડક્ટ સાથે ગુજરાતે પબ્લિક ડિલિવરી સિસ્ટમ પણ ગુણવત્તા યુક્ત અને ઝડપી બનાવી છે. ગુજરાતે વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં એવું વર્ક કલ્ચર વિકસાવ્યું છે કે લોકોને સરકાર દ્વારા મળતી વિવિધ સેવાઓમાં પણ ગુણવત્તા અને માનક જળવાય છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ અંગેની વિસ્તૃત ભૂમિકા આપતા ઉમેર્યું કે, ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીના કાર્યકાળમાં ૨૦૦૯માં ગુજરાત સી. એમ. ઓફિસે ISO 9001 ક્વોલિટી સર્ટીફીકેશન મેળવવાનું ગૌરવ મેળવેલું છે. મુખ્યમંત્રી કાર્યાલયે આ પરંપરાને હાલ પણ આગળ ધપાવતા ૨૦૨૪ થી ૨૦૨૬ ના સમયગાળા માટે ISO 9001-2015 સર્ટીફીકેશન ક્વોલિટી પબ્લિક ડિલિવરી સિસ્ટમ માટે મેળવ્યું છે તેમ પણ શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું હતું. તેમણે કહ્યું કે, રાજ્ય સરકાર દ્વારા ગુણવત્તા અને માનકને મહત્તા આપતાં પ્રોક્યોરમેન્ટ પોલિસી ૨૦૨૪માં પણ BIS સર્ટિફિકેશન ધરાવતી પ્રોડક્ટસ વસ્તુઓની ખરીદીને પ્રેફરન્સ આપવામાં આવે છે. ભારતીય માનક બ્યુરો અમદાવાદના ડાયરેક્ટર શ્રી સુમિત સેંગરે સ્વાગત પ્રવચનમાં આ કોન્કલેવના આયોજનનો હેતુ સ્પષ્ટ કર્યો હતો. તેમણે BIS અને ગુજરાત સરકારે સાથે મળીને રાજ્યમાં ક્વોલિટી એન્ડ સ્ટાન્ડર્ડ માટે જે વિવિધ પહેલો કરી છે તેની વિગતો આપી હતી. BIS દ્વારા સમગ્ર દેશમાં ૧૦ હજાર સ્ટાન્ડર્ડ ક્લબ્સ ઉભી કરવામાં આવી છે તેમાંથી ૧૨૦૦ ક્લબ ગુજરાતમાં કાર્યરત છે. આવી ક્લબનો ઉદ્દેશ્ય માનક અને ગુણવત્તા વિશે વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવવાનો છે. દેશમાં આપવામાં આવતા BIS લાયસન્સના ૧૨ ટકા ગુજરાતમાં અપાય છે તેની પણ વિગતો શ્રી સુમિત સેંગરે આપી હતી. તેમણે 2047 સુધીમાં વિકસિત ભારતના નિર્માણના સંકલ્પમાં ભારતીય માનક બ્યુરો પોતાની ભૂમિકાનું નિર્વહન હિત ધારકો સાથે મળીને કરવા પ્રતિબદ્ધ છે તેમ પણ જણાવ્યું હતું.ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખશ્રી સંદીપ એન્જિનિયરે આ ઉજવણીમાં GCCIને સહભાગી થવાની મળેલી તક માટે આભાર વ્યક્ત કરતા પ્રાસંગિક સંબોધન કર્યું હતું. આ કોન્કલેવમાં ગુજરાતના વેપાર ઉદ્યોગ જગતના અગ્રણીઓ ઉદ્યોગકારો ભારતીય માનક બ્યુરોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### આદરજ મોટી - ગાંધીનગર સેક્શનમાં સ્થિત રેલવે ક્રોસિંગ નં. 09 અવરજવર માટે બંધ રહેશે



અમદાવાદ : પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર આદરજ મોટી - ગાંધીનગર સેક્શનમાં સ્થિત રેલવે ક્રોસિંગ નં. 10 કિ.મી. 17/8-9 તારીખ 08.01.2025 ના રોજ સવારે 08.00 કલાકથી સાંજે 19.00 કલાક સુધી સમારકામ માટે અવરજવર માટે બંધ રહેશે. રોડ ઉપયોગકર્તા આ સમયગાળા દરમિયાન રેલવે ક્રોસિંગ નં. 09 કિ.મી. 16/1-2 ગાંધીનગર પૂર્વ અને પશ્ચિમ તરફથી અવરજવર કરી શકે છે. તથા રેલવે ક્રોસિંગ નં. 09 કિ.મી. 16/1-2 તારીખ 09.01.2025 ના રોજ સવારે 08.00 કલાકથી સાંજે 19.00 કલાક સુધી સમારકામ માટે અવરજવર માટે બંધ રહેશે. રોડ ઉપયોગકર્તા આ સમયગાળા દરમિયાન રેલવે ક્રોસિંગ નં. 10 કિ.મી. 17/8-9 ગાંધીનગર પૂર્વ અને પશ્ચિમ તરફથી અવરજવર કરી શકે છે.

## કાર્તિક પટેલની આગોતરા જામીન અરજી રદ:જમાઈ મારફતે કોર્ટમાં અરજી કરાઈ હતી



અમદાવાદ : ખ્યાતિ હોસ્પિટલ કેસમાં કાર્તિક પટેલની આગોતરા જામીન અરજી ઉપર અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટ ખાતે સુનવણી યોજાઈ ગઈ હતી.જેમાં કાર્તિક પટેલના વકીલ અને સરકારી વકીલ બંનેની દલીલો સાંભળ્યા બાદ અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટે ચુકાદો અનામત રાખ્યો હતો. જેની ઉપર આજે ચુકાદો જાહેર કરતા કોર્ટે કાર્તિક પટેલના આગોતરા જામીન નકારી નાખ્યા છે. ઉલ્લેખનીય છે કે ખ્યાતિ હોસ્પિટલમાં દર્દીઓના બિનજરૂરી ઓપરેશન અને મોત મામલે ખ્યાતિ હોસ્પિટલના ચેરમેન કાર્તિક પટેલ અને ડાયરેક્ટરો સામે વસ્ત્રાપુર પોલીસ મથકે ત્રણ ફરિયાદો નોધાઈ છે. પરંતુ કાર્તિક પટેલ અત્યારે વિદેશમાં છે. જેને પોતાના જમાઈ મારફતે અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટમા આગોતરા જામીન અરજી દાખલ કરી હતી. આ અરજીની સુનવણીમાં અગાઉ અરજદાર તરફે રજૂઆત કરવામાં આવી હતી કે તે ખ્યાતિ હોપિટલમાં ડાયરેક્ટર અને ચેરમેન છે. તેને આ ઘટનાનું દુઃખ છે પરંતુ તેની ઉપર સાપરાધ મનુષ્યવધની કલમ લાગે નહિ. જો આ બેદરકારીથી ઘટના બની તેમ કહીએ તો પણ શું ડાયરેક્ટર ઉપર સાપરાધ મનુષ્યવધની કલમ લાગે નહીં. મેડિકલ બેદરકારી ડોકટર ઉપર લાગે ડાયરેક્ટર ઉપર નહીં. આ સાથે જ અરજદારના વકીલે સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ ટાંક્યા હતા. જેમાં જણાવાયુ હતુ કે, સુપ્રીમ કોર્ટમાં એક બાળકના કેસમાં એકની જગ્યાએ બીજા પગની સર્જરી કરી હતી. જેમાં સુપ્રીમ કોર્ટે ડોકટરને રાહત નહોતી આપી. અરજદારના વકીલે સાઅપરાધ મનુષ્ય વધના જુદા-જુદા ઉદાહરણ ટાંક્યા હતા.

### 73.10 લાખની લૂંટના કેસની તપાસમાં મોટો ઘટસ્ફોટ

## બોપલમાં થયેલી લૂંટનો ભેદ ઉકેલાયો, ગ્રામ્ય પોલીસે 10 શખ્સોની કરી અટકાયત

(એજન્સી) અમદાવાદ । તા. 06

શહેરના સાઉથ બોપલમાં કનકપુરા જ્વેલર્સ નામની દુકાનમાંથી 73.10 લાખની લૂંટના કેસની તપાસમાં મોટો ઘટસ્ફોટ થયો છે. બોપલમાં બંદૂકની અણીએ ચલાવેલી લૂંટ મામલે ગ્રામ્ય પોલીસે 10 શખ્સોની અટકાયત કરી છે. ગત ગુરુવારે બોપલમાં બપોરે બનેલી લૂંટની ઘટનામાં અમદાવાદ ગ્રામ્ય પોલીસ અને અમદાવાદ ક્રાઈમ બ્રાંચની ચાર ટીમોએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. જેમાં બંદૂકની અણીએ ચલાવેલી લૂંટ ઉત્તર પ્રદેશની ગેંગે કરી હોવાનું સામે આવ્યુ છે. અમદાવાદ શહેરના સાઉથ બોપલમાં કનકપુરા જ્વેલર્સ નામની દુકાનમાંથી 73.10 લાખની લૂંટના કેસમાં ગ્રામ્ય પોલીસે ઉત્તરપ્રદેશથી 10 શખ્સોની અટકાયત કરી છે. સમગ્ર મામલે પોલીસે લૂંટારુ ગેંગની પૂછપરછ હાથ ધરી છે.સમાવેશ થાય છે, તે પણ દરોને સુમેળ કરવા અંગે કેટલાક નિર્ણયો લઈ શકે છે.



**કનકપુરા જ્વેલર્સમાં લૂંટના CCTV ફૂટેજ આવ્યા સામે**

**સમગ્ર ઘટના જ્વેલર્સની દુકાને હાજર સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. સીસીટીવીમાં જોઈ શકાય છે કે, લૂંટારાઓ પોતાની ઓળખ છુપાવીને દુકાનમાં હાજર લોકોને ધમકાવી ડિસ્પ્લેમાં હાજર તમામ દાગીના લૂંટીને ભાગી રહ્યા છે.**

## પોલીસ ભવન ખાતે કાર્યરત સ્ટેટ મોનિટરિંગ સેલને મળ્યો અલાયદા પોલીસ સ્ટેશનનો દરજ્જો

(એજન્સી) અમદાવાદ । તા. 06

રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં ગૃહ વિભાગે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા અને ઓર્ગેનાઇઝ્ડ ક્રાઈમ સામેની લડાઈને વધુ મજબૂત બનાવવા માટે એક નવો અને ઐતિહાસિક નિર્ણય લીધો છે. પોલીસ ભવન ખાતે કાર્યરત સ્ટેટ મોનિટરિંગ સેલ (એસએમસી)ને ઝીરો બજેટથી અલાયદા પોલીસ સ્ટેશનનો દરજ્જો આપી વિશેષ સત્તાઓ આપવામાં આવી છે. રાજ્યમાં અને રાજ્યની બહાર બનતાં ક્રિકેટ સટ્ટા, ડબ્બા ટ્રેડિંગ, ડ્રગ્સ, પ્રોહિબિશન, જુગાર અને કબુતરબાજી જેવા રાજ્યને સ્પર્શતા ગુનાઓના દરોડા પાડી તેના ગુના આ નવા એસ. એમ.સી પોલીસ સ્ટેશનમાં દાખલ કરવામાં આવશે અને તેની તપાસ પણ આ ટીમ દ્વારા કરવામાં આવશે. આ ગુનાઓની તપાસ સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ દ્વારા રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયના સીધા માર્ગદર્શન હેઠળ કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકાર દ્વારા ATSને પણ વર્ષ ૨૦૦૨માં પોલીસ સ્ટેશન જાહેર કરવામાં આવ્યું હતું. હવે SMC દ્વારા ATSની જેમ ગુજરાત તેમજ દેશમાં ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ વિરુદ્ધ સક્રિય રીતે પગલાં લેવામાં સક્ષમ બનશે અને અસરકારક કામગીરી કરશે.

### સ્ટેટ મોનિટરિંગ સેલ પોલીસ સ્ટેશનથી શું થશે ?

ઝડપી અને અસરકારક તપાસ: સ્થાનિક પોલીસ સ્ટેશન અને જિલ્લા-રેન્જ વડાશ્રીઓની મંજુરીમાંથી મુક્તિ મળતાં તપાસની પ્રક્રિયા ઝડપી બનશે અને ગુનેગારો સામે કડક કાર્યવાહી થઈ શકશે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ગુનાઓની તપાસ: આ પોલીસ સ્ટેશનમાં દાખલ કરાયેલા ગુજરાતને સ્પર્શતા રાજ્યની બહાર થતા ક્રિકેટ સટ્ટા, ડબ્બા ટ્રેડિંગ, ડ્રગ્સ, પ્રોહિબિશન, જુગાર અને કબુતરબાજી જેવા ગુનાઓની સ્વાયત્ત તપાસ થઈ શકશે. સીધુ માર્ગદર્શન: સ્ટેટ મોનિટરિંગ સેલને રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયનું સીધું માર્ગદર્શન મળશે તેમજ તપાસમાં પણ ગુપ્તતા જળવાઈ રહેશે.આ નિર્ણયથી ગુજરાતમાં ઓર્ગેનાઇઝ્ડ ક્રાઈમ પર અંકુશ આવશે અને રાજ્યને વધુ સુરક્ષિત બનાવવામાં મદદ મળશે.

**રાજ ફ્લેશ**

**ચોટીલા: ચોટીલા-રાજકોટ નેશનલ હાઈવે પર 15 કિમી લાંબો ટ્રાફિક જામ :** રાજકોટ-અમદાવાદ નેશનલ હાઈવે સિક્સલેન્ડ તૈયાર થઈ રહ્યો છે, જેના કારણે ટ્રાફિક જામની સમસ્યા હજુ પણ યથાવત્ છે. ત્યારે આજે વહેલી સવાર ચોટીલા નેશનલ હાઈવે પર આશરે 15 કિલોમીટર જેટલી વાહનોની લાઈન લાગી હતી. આશરે 10 કલાક સુધી વાહનચાલકો ટ્રાફિક જામમાં ફસાયા હતા. રાજકોટ-અમદાવાદ નેશનલ હાઈવેનું છેલ્લા ઘણાં વર્ષોથી કામ ચાલી રહ્યું છે. જેના કારણે હાઈવે પર વાહન ચાલકો ટ્રાફિક જામમાં ફસાય છે. આ ઉપરાંત અકસ્માતની ઘટનાઓમાં પણ વધારો થઈ રહ્યો છે. ત્યારે આજે ફરી એકવાર ચોટીલા-રાજકોટ નેશનલ હાઈવે પર ટ્રક અકસ્માતના કારણે વાહનોની લાંબી કતારો લાગી હતી.

## ગુજરાતમાં કુલ 3.95 લાખ મતદારોનો વધારો, ચૂંટણી પંચે આપી માહિતી

સંવાદદાતા, વિજયવીર યાદવ | ચૂંટણી પંચની સુચના મુજબ અને મુખ્ય નિર્વાચન અધિકારીના માર્ગદર્શન હેઠળ રાજ્યભરમાં યોજાયેલા ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-2025 દરમિયાન સમગ્ર ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવેલી સંનિષ્ઠ કામગીરીની ફલશ્રુતિરૂપે આખરી મતદાર યાદીમાં 01 જાન્યુઆરી, 2025ના રોજ મતદાર તરીકેની પાત્રતા ધરાવતા 1,72,776 પુરૂષ, 2,23,023 લાખ સ્ત્રી તથા 20 ત્રીજી જાતિના મળી કુલ 3,95,819 મતદારોનો વધારો થયો છે. મતદારયાદીને અદ્યતન અને ક્ષતિરહિત બનાવવા ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-2025 અંતર્ગત 20 ઑગસ્ટથી 18 નવેમ્બર, 2024 દરમ્યાન હાઉસ-ટુ-હાઉસ સરવે હાથ ધરી મતદારયાદીની ચકાસણી કરવામાં આવી હતી. ત્યારબાદ 29 ઑક્ટોબરથી 28 નવેમ્બર, 2024 સુધી મતદારયાદીમાં નામમાં સુધારો, કમી અને ઉમેરો કરવા માટે અરજીઓ મગાવવામાં આવી હતી. ગત 29 ઑક્ટોબર, 2024ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલી મુસદ્દા મતદાર યાદીમાં 2,56,56,321 પુરૂષ, 2,42,61,567 સ્ત્રી અને 1569 ત્રીજી જાતિના મળી કુલ 4,99,19,441 કરોડ મતદારો નોંધાયેલા હતા. 06 જાન્યુઆરી, 2025ના રોજ આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે. જે અનુસાર 2,58,28,987 પુરૂષ, 2,44,84,704 સ્ત્રી તથા 1569 ત્રીજી જાતિના મળી કુલ 5,03,15,260 મતદારો નોંધાયેલા છે.

## ગુજરાતમાં આજથી વધશે ઠંડી, હવામાન વિભાગની આગાહી

(એજન્સી) અમદાવાદ।તા.06

ગુજરાતમાં સતત ઠંડીનો ચમકારો વધી રહ્યો છે ત્યારે હવામાન વિભાગે ઠંડીને લઈને આગાહી કરી છે. હવામાન વિભાગે કહ્યું છે કે, રાજ્યમાં આગામી 24 કલાક દરમિયાન લઘુતમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહી થાય. જો કે ત્યાર પછી રાજ્યભરના તાપમાનમાં બે-ત્રણ ડિગ્રીનો ઘટાડો થતા ઠંડીનું જોર વધશે. રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં સૌથી લઘુતમ તાપમાન નલિયામાં 6.4 ડિગ્રી નોંધાયું છે. જ્યારે વડોદરામાં 14.2 ડિગ્રી, અમદાવાદમાં 13.6 ડિગ્રી, સુરેન્દ્રનગરમાં 12 ડિગ્રી, ગાંધીનગરમાં 11.7 ડિગ્રી, અમરેલીમાં 10.6 ડિગ્રી, રાજકોટમાં 8.2 ડિગ્રી તાપમાન નોંધાયું છે. ઉત્તર ગુજરાતમાં રવિવારે ઠંડીમાં એકાદ ડિગ્રીનો વધારો નોંધાયો હતો. મહેસાણામાં 14 અને ડીસામાં 14.8 ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું.




### 24 કલાક બાદ ઠંડીનું જોર વધશે?

**હવામાન વિભાગની આગાહી મુજબ, રાજ્યમાં આગામી 24 કલાક બાદ લઘુતમ તાપમાનમાં ઘટાડો થવાથી ઠંડીનું જોર વધશે. જેમાં આગામી અઠવાડિયા સુધી કોલ્ડવેવનું પ્રમાણ વધશે તેવી શક્યતા છે. ઉત્તર પૂર્વથી પૂર્વના પવન ફૂંકાઈ રહ્યા હોવાથી તાપમાનમાં તેની અસર વર્તાઈ રહી છે.**

## યુવાન વયે પેટ્રોલ પંપ અને હોટલમાં ધાડ પાડ્યા બાદ ફરાર ધાડપાડુઓ વયોવૃદ્ધ થયા બાદ ઝડપાયા

(એજન્સી) વડોદરા । તા. 06

વડોદરા નજીક નેશનલ હાઈવે ઉપર એક પેટ્રોલપંપ તેમજ હોટલ ઉપર પથ્થરમારો કરી ધાડ પાડ્યા બાદ હોટેલ માલિકને ઈજા પહોંચાડી ફરાર થઈ ગયેલી ચડ્ડી બનીયન ગેંગના બે ધાડપાડુઓ 44 વર્ષ બાદ પોલીસે વેશપલટો કરી મહારાષ્ટ્રમાંથી ઝડપી પાડ્યા હતા. આ અંગેની વિગત એવી છે કે વડોદરા નજીક આલમગીર ગામ પાસે નેશનલ હાઈવે ઉપર તારીખ 26 એપ્રિલ 1981ના રોજ પાંડે હોટલ તેમજ નજીકમાં આવેલા પેટ્રોલ પંપ ઉપર પથ્થરમારો કરી કેબિનમાં ઘુસી જઈ રોકડ 12,952 ની લૂંટ ચડ્ડી બનીયનધારી ટોળકીએ કરી હતી. ધાડપાડુઓએ કેબિનના કાચ તોડી પાડી માર્કંડે રઘુનાથ પાંડે નામના હોટલ માલિકને દંડાથી માર મારી ઈજા પહોંચાડી હતી. આ અંગેનો ગુનો વરણામા પોલીસ સ્ટેશનમાં નોંધાયો હતો.પોલીસે અગાઉ નવ ધાડપાડુંની ધરપકડ કરી કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. ત્યારબાદ 1984 માં વધુ એક ધાડપાડુને ઝડપી પાડી પુરવણી ચાર્જશીટ કોર્ટમાં મૂકી હતી જ્યારે અન્ય છ ધાડપાડુઓ ફરાર હતા. તેઓ નહીં ઝડપાતા કોર્ટે સીઆરપીસી કલમ 82 મુજબ ફરારી જાહેરનામું બહાર પણ પાડ્યું હતું. દરમિયાન વરણામા પોલીસ સ્ટેશનના પીઆઈ એસ.જે. વાઘેલાએ ફરાર આરોપીઓને શોધી કાઢવાની કવાયત હાથ ધરી હતી.